Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# આત્માનંદ પ્રકાશ

भव्यानां भव्यभावं भवजलतरणे भावयन् भावनाभिः
तीव्रैस्तेजः प्रकाशैः कुमतिभिरुदितं तर्जयन्नंधकारम् ।
सोल्लासं तत्त्वबोधं शुचिहृदि जनयन् सद्गुरोर्भक्तिभाजां
आत्मानंदप्रकाशः प्रसरतु भुवने वीरभानुप्रभावात् ॥

: પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક : ૬૩  મહાવીર જયંતિ અંક  અંક : ૫—૬
ઇ. સં. ૧૯૬૬ : વીર સં. ૨૪૯૨ : આત્મ સં. ૬૯ : વિ. સં. ૨૦૨
ફાગણ—ચૈત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ પ્રાર્થના ... | ... .... | ૭૩ |
| ૨ વીર પ્રાર્થના .... | ... ... | ૭૪ |
| ૩ અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તવાદ | મુનિશ્રી ચંદ્રપ્રભસાગર (ચિત્રભાનુ) | ૭૫ |
| ૪ મહાવીર જયંતિ | રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન | ૭૭ |
| ૫ મહાવીર સમતાના પ્રતીક .... | રિષભદાસ રાંકા | ૮૦ |
| ૬ અભયના આરાધક | ઇંદ્ર | ૮૩ |
| ૭ ધર્મ અને વિજ્ઞાન | આચાર્ય રજનીશ | ૮૯ |
| ૮ સમાજ સુધારક ભગવાન મહાવીર | આચાર્ય જિતેન્દ્ર જેટલી | ૯૨ |
| ૯ કારુણ્ય અને માધ્યસ્થ્ય | મનસુખલાલ તારાચંદ મહેતા | ૯૫ |
| ૧૦ ભગવાન મહાવીર | રતિલાલ મફાભાઈ | ૯૮ |
| ૧૧ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ | ડૉ. ઉપેન્દ્રરાય જયચંદભાઈ | ૧૦૩ |
| ૧૨ આજ્ઞાંકિત વર્ધમાન | ઝવેરભાઈ બી. શેઠ | ૧૦૭ |
| ૧૩ રામકથા વિષે કેટલીક ભ્રાંત ધારણાઓ | ડૉ. કે. ઋષભચંદ્ર | ૧૧૦ |
| ૧૪ બોધ કથાઓ | સંચિત | ૧૧૫ |
| ૧૫ શ્રી સંઘની આજ્ઞા-અવજ્ઞા | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૧૧૭ |
| ૧૬ ભગવાન મહાવીરની જીવનદૃષ્ટિ | રાયચંદ મગનલાલ શાહ | ૧૨૧ |
| ૧૭ ભગવાન મહાવીરના નામે એક પત્ર | મુનિશ્રી નંદીષેણ વિજય | ૧૨૩ |
| ૧ સમાચાર સંગ્રહ | .... ... ... | ૧૨૫ |


ગ્રામ : "Jahangir"

ફોન : મીલ : ૪૨૮૦
બંગલા : ૪૩૨૮

## ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટસ
મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા. લી.

પોસ્ટ બોક્સ નં. ૨
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી ગુલાબચંદ લાલચંદ દોશી

## (ટૂંકું જીવનચરિત્ર)

શ્રીયુત ગુલાબચંદભાઈનો જન્મ સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ શહેર જામનગરમાં શેઠશ્રી લાલચંદભાઈ દોશીને ત્યાં શ્રીમતી ગોમતીબેનની કુક્ષિએ વિ. સં. ૧૯૬૮ના માસ ફાગણ વદિ ૧૩ની તિથિએ થયો હતો. અભ્યાસમાં મન ન લાગવાથી ચૌદ વર્ષની નાની ઉંમરે તેઓ મુંબઇ પહોંચ્યા અને કાપડના ધંધામાં અનુભવ લીધો અને પછી તો વ્યાપારમાં પાવરધા બની ગયા, અને ઘણો વેપાર ખેડ્યો. શ્રી ગુલાબચંદભાઇ વગેરે ત્રણ ભાઇઓ છે. બીજા ભાઈઓ તથા શ્રી ગુલાબચંદભાઇના પુત્રો શેઠ પ્રેમચંદ કચરાભાઈની જૂની પેઢીમાં કામ કરે છે.

શ્રી ગુલાબચંદભાઇ નાની ઉંમરમાં જ નિવૃત્ત થયા છે. તેમની ધર્મભાવના એવી પ્રબળ છે કે છેલ્લા કેટલાંક વર્ષોથી દર વર્ષે યાત્રાર્થે જવાના ભાવ જાગે અને પતિ-પત્ની અખિલ હિંદની તીર્થયાત્રાની ટૂરમાં નીકળી પડે. આ રીતે તેમણે સમેતશિખર સહિત ભારતનું નાનું મોટું કોઇ પણ તીર્થ યાત્રા માટે છોડયું નથી. તેઓ જીવદયાપ્રેમી પણ છે. દર વર્ષે જીવો છોડાવવાનો નિયમ છે. નાની ઉંમરે ચતુર્થ વ્રત અંગીકાર કરેલ છે. તેઓ જેવા ધર્મનિષ્ઠ છે તેવા સેવાપ્રિય છે. સાધુ-સાધ્વી, તપસ્વી વગેરેની સેવામાં તેઓ આત્મસંતોષ અનુભવે છે. તેમનાં ધર્મપત્ની શ્રીમતી જયાબેન પણ તપસ્વી અને પુણ્યશાળી હોવા ઉપરાંત ગૃહલક્ષ્મી છે.

શ્રી ગુલાબચંદભાઇ ઉદારવૃત્તિ ધરાવે છે. ગુપ્તદાનો ઘણાં કર્યે જાય છે. એટલું જ નહીં પણ જ્યારે જ્યારે તીર્થપર્યટન કરે છે, ત્યારે કપડાંઓનો જથ્થો સાથે લઇ જાય છે અને અનેક નિરાશ્રિતજનોમાં વહેંચે છે.

આ વર્ષે તેમણે તીર્થાધિરાજ શત્રુંજયમાં ચાતુર્માસ કર્યું છે અને નવાણું યાત્રા તથા સાધુ-સાધ્વી, તપસ્વી વગેરેની ભક્તિનો સુંદર લાભ લીધો છે.

આ સભાના પેટ્રન થઇ શ્રી ગુલાબચંદભાઇએ અમારા કાર્યમાં જે સહકાર આપ્યો છે તે માટે અમે તેમનો આભાર માનીએ છીએ. તેઓ દીર્ઘાયુષ્ય ભોગવે અને પોતાની ધર્મભાવના પ્રજ્વલિત રાખે એજ અભ્યર્થના!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન



શેઠ શ્રી ગુલાબચંદ લાલચંદ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન



શેઠ શ્રી પોપટલાલ નરોત્તમદાસ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી પોપટલાલ નરોત્તમદાસ શાહ

## ટૂંકું જીવનચરિત્ર

શેઠશ્રી પોપટલાલભાઈનો જન્મ ભાવનગર શહેરમાં સં. ૧૯૫૯ ના શ્રાવણ શુદી પાંચમ ના રોજ થયો હતો. તેમના પિતાશ્રી સ્વ. નરોત્તમદાસ ભગવાનદાસ શાહ એક આદર્શ માનવધર્મ પરાયણ, સૌજન્ય અને સેવાના પરમ ઉપાસક હતા. આજે શ્રી. પોપટલાલભાઈ પણ એમના પૂજ્ય પિતાશ્રીએ ચીંધેલા આદર્શ અને ઉચ્ચ ધ્યેયને નજરમાં રાખીને સેવા અને સ્વાર્પણનો એક સુંદર આદેશ પૂરો પાડી રહ્યા છે.

શેઠશ્રી પોપટલાલભાઈએ માત્ર અઢાર વર્ષની કિશોર વયમાં જ પૂર્વ પુણ્યોદયથી વ્યાપારમાં ઝંપલાવ્યું. અપૂર્વ ખંત, સાહસ, અને ધીરજથી વ્યાપારી ક્ષેત્રે આગળ વધી કીર્તિ અને લક્ષ્મી સંપાદન કર્યાં. રંગ, રસાયણ, પારો, પસ્તી વગેરે જુદાજુદા વ્યાપારી ક્ષેત્રોમાં ઘૂમ્યા. વ્યાપારી ચાવીઓ હસ્તગત કરતા ગયા અને માનવતાભરી કેડીપર કૂચ કરતાં કરતાં વ્યાપારમાં આગળ વધતા ગયા. પરિણામે આજે તેઓ એક સાહસિક અને બાહોશ વેપારી તરીકે સારી નામના પ્રાપ્ત કરી શકયા છે. તેઓશ્રી આજે 'ઇન્ડો કેમિકલ્સ' અને 'સ્ટાન્ડર્ડ સેઈલ્સ એજન્સી' જેવી ધરખમ કંપનીઓના માલિક છે. 'બીડલ સોયર' જેવી યુરોપિયન દવાઓની મહાન ફાર્માસ્યુટિકલ કંપનીના ભારત ખાતેના મેનેજીંગ ડાયરેકટર છે. તેઓશ્રીએ અનેકવાર વિદેશોનો પ્રવાસ ખેડયો છે. પરદેશોથી જુદી જુદી ચીજો આયાત કરવાનો તેમનો અનુભવ ખૂબ જ વિશાળ છે. અને આજે તેઓશ્રી એક બાહોશ નિકાસ કરનારા ગણાય છે. વ્યાપારી ક્ષેત્રમાં ખૂબ સાહસિક છે. અને તેઓશ્રીએ ઘણાંઘણાં સાહસો પણ કર્યાં છે.

શેઠશ્રી પોપટલાલભાઈનું વાંચન વિશાળ છે. દુનિયાના અગત્યના ગણાય એવા ઘણા પ્રશ્નોના સારા એવા અભ્યાસી પણ છે. છતાં નિરાડંબરી જીવન જીવે છે. સદ્‌ગુણ, નીતિમત્તા, ધર્મભક્તિ અને સેવાને ભુલ્યા નથી. કેળવણી પ્રત્યે એમનું હૈયું સદા ધબકયું છે. અને સમાજ અને ધર્મનાં સત્કાર્યો માટે સદાય ખડે પગે ઉભા રહીને સહકાર આપ્યો છે. 'કેળવણી વિના માનવતા નહિ' એ સૂત્રને તેઓશ્રીએ અપનાવ્યું છે. આ રીતે તેઓશ્રી આદર્શવાદી, ભાવનાવાદી સિદ્ધાંતવાદી છે અને લાગણી, મમતા અને સ્નેહના અણમોલ પ્રતીક સમા છે.

તેમનાં ધર્મપત્ની શ્રીમતી સરસ્વતીબેન ભાવનગરના પ્રખ્યાત કાપડિયા કુટુંબના શેઠ નેમચંદ ગીરધરલાલ આણંદજીના સુપુત્રી હતા. તેમના તથા તેમના સુપુત્ર શ્રી પ્રવિણચંદ્રભાઇના યોગ્ય સહકારથી શ્રી. પોપટલાલભાઈએ ધાર્મિક અનેક શુભ કાર્યોમાં પોતે મેળવેલ લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે.


આવા એક સજ્જન શેઠશ્રી પોપટલાલભાઈએ જૈન સાહિત્યના પ્રકાશનના અમારા કાર્યમાં સભાના પેટ્રન થઈ જે રસ દાખવ્યો છે, તે માટે અમો તેમનો આભાર માનીએ છીએ. સમાજના ઉત્કર્ષ અર્થે અને ધર્મભક્તિ તથા આત્મકલ્યાણ અર્થે તેઓશ્રી હજી પણ વિશેષ લક્ષ્મીનો સદ્વ્યય કરતા રહે અને દીર્ઘાયુષ્ય ભોગવી વિશેષ યશભાગી થાય તેવી શુભેચ્છાઓ અમે પાઠવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मच्चं लोगम्मि सारभूयं

વર્ષ : ૬૩ ] માર્ચ-એપ્રિલ ૧૯૬૬ [ અંક : ૫-૬

## प्रार्थना

यद् भक्ति र्भविनां भवप्रमथनी योगप्रदां योगिनां
बुद्धानां प्रतिबोधवर्धनकरी भावप्रदां भाविनाम् ।
भ्रांतानां भ्रमहारिणी भवहरा भीतांतराणां भवात् ।
स श्री वीरजिनेश्वरो विजयतु तस्मै नमो नो नमः ॥

यन्नाम पूतमनसां वितनोति धर्मं
पापं विनाशयति कर्मचयं धुनोति ।
संपादयत्यविरतं शमतां सुखेन
तं वर्धमानजिनपं शरणं श्रयामः ॥

જેમની ભક્તિ સંસારીઓના સંસારને મથન કરનારી છે, યોગીઓને યોગ આપનારી છે, પ્રતિબોધ પામેલાઓના પ્રતિબોધ વધારનારી છે, ભ્રાંતિવાળાઓની ભ્રાંતિને હરનારી છે, અને આ સંસારથી હૃદયમાં ભય પામનારાઓના ભયનો નાશ કરનારી છે, તે શ્રી વીર જિનેશ્વર વિજયવંતા હો ! તેમને નમન છે, અમારા નમન છે.

જેમનું નામ પવિત્ર હૃદયવાળા પુરુષોનો ધર્મ વિસ્તારે છે, પાપનો નાશ કરે છે, કર્મના સમૂહને કંપાવે છે અને સર્વદા સુખપૂર્વક શમતા પમાડે છે, તે શ્રી વર્ધમાન જિનના શરણનો અમે આશ્રય લઈએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીર પ્રાર્થના

**દોહરા**

વ્યાપ્યું વિકૃત રૂપમાં અધર્મ ગાઢ તિમિર,
સૂર્યરૂપ પ્રગટયા પ્રભુ કર્મયોગી મહાવીર.
સ્વયંજ્યોતિ સવિતાતણી જયંતિ આ જયકાર
સ્મરણ, નમન, વંદન કરી સ્તવીએ જગદુદ્ધાર.

**હરિગીત**

ઐહિક સુખમાં લિપ્ત આખું જગત જે સમયે હતું
અધ્યાત્મતત્ત્વતણું અરે અસ્તિત્વ–દર્શન ના થતું.
ચોતરફ ફેલાઇ હતી હિંસક ક્રિયાઓ કારમી
શોણિત ભીની પૃથ્વીને કરતાં પશુઓને દમી, ૧
આવો કટોકટનો સમય અવલોકી શ્રી પ્રભુ અવતર્યા
ત્રિશલા સુમાતા ગર્ભમાં પ્રભુએ પ્રભુતત્ત્વો ભર્યાં
'શ્રી યુગ પ્રવર્તક' અવતર્યા, મહાજ્યોતિ આત્મસ્વરૂપની
અવનીથી આકાશ તક ફેલાઇ કાંતિ પ્રકાશની. ૨
આ સૃષ્ટિ કેરી કષ્ટિને નિજ દૃષ્ટિથી નિરખી લીધી,
નિજ આત્મબળ વિકસાવવાને આદરી તપની વિધિ,
સિદ્ધિ સકળ કરી પ્રાપ્ત તે નિજ આત્મશક્તિ વિકાસથી
ફૂંકયો અહિંસામંત્ર ને પ્રાણી ઉગાર્યા ત્રાસથી. ૩
સ્યાદ્વાદ કેરૂં તત્ત્વ ઊંડું જગતને સમજાવિયું
અજ્ઞાન અંધારૂં ગયું, મિથ્યાત્વ સઘળું દૂર થયું,
આખા જગતમાં આણ વર્તી યુગ પ્રવર્તક વીરની
વિકૃત થયેલી ભૂમિ કેરો પાપમળ ગયો ઓસરી. ૪
માનવહૃદય વિકસાવિયાં તે પ્રેમબળનાં સાધને,
નિઃસંગ પણ પરમાર્થ માટે વિચરતાં સંગી બને.
શ્રી પરમ તીર્થંકર શ્રમણ મહાવીરસ્વામી આપને,
મંગલ સ્તવન કરી વંદીએ ઉરમાંહી જપીએ નામને. ૫

**દોહરો**

વિશ્વવંદ્ય કરૂણાનિધિ મહાવીર મંગલનામ,
જયંતિ દિને આ સભા પ્રેમે કરે પ્રણામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભગવાન મહાવીરનો મુખ્ય સંદેશ

# અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તવાદ



મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ (ચિત્રભાનુ)

### અહિંસા

ભગવાન મહાવીર પ્રકાશના પ્રતીક હતા. અહિંસાનું જીવંત દૃષ્ટાંત હતા. અનેકાન્તવાદના પ્રેરક હતા. પ્રભુનો મુખ્ય સંદેશો અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તવાદનો છે.

હિંસાથી હિંસાનો જ જન્મ થાય છે. જે વાવો છો તે જ ઊગે છે. હિંસા વાવો ત્યાં અહિંસા કેમ ઉગે ?

વિશ્વનો એ નિયમ તો યાદ હશે જ કે જે વિચાર તમે વિશ્વમાં ફેંકો છો તે ફરીને પાછો તમારે ત્યાં જ આવીને ઊભો રહે છે. હા, એને પાછા આવતાં કદાચ વાર લાગે, પણ આવ્યા વિના ન રહે. આજ નહિ તો કાલ, કાલ નહિ તો દશ વર્ષ પછી, દશ વર્ષ પછી નહિ તો આવતા જન્મે પણ એ વિચાર પાછો તમને મળ્યા વિના નહિ રહે; એ પ્રમાણે જો તમે હિંસાના વિચાર વિશ્વમાં ફેંકશો. તો હિંસા તમારા પર આવ્યા વિના તમને કેમ છોડશે ?

એક વાત વિચારવાનું કહું ? દુનિયાના પશ્ચિમના દેશોમાં આટલાં યુદ્ધ થયાં, માણસો કપાયા, લગભગ દરેક કુટુમ્બે પોતાના એક સ્વજનને યુદ્ધમાં ગુમાવ્યો, અને ભારત આટલું શાન્તિથી જીવી શક્યું તેનું કારણ શું ?

એમ નથી લાગતું કે બીજા દેશોમાં જેટલી હિંસા છે તેના પ્રમાણમાં અહીં ઓછી છે ? એટલે જ તો આપણે ત્યાં યુદ્ધની હિંસાનાં ચક્રો નથી ફરી વળ્યાં.

આપણે જો હિંસાના વિચાર અને આચારથી નહીં અટકીએ તો આપણે કઇ પરિસ્થિતિમાં મુકાઈ જઇશું તે વિચારવા જેવું છે.

અમારું, સાધુઓનું કામ વિચારો મૂકવાનું છે. એને આકાર આપવાનું કામ તો આ માનનીય સત્તાધીશોનું છે. હું જોઇ શકયો છું કે પહેલે વર્ષે એક દિવસ કતલખાનું બંધ રાખવાના વિચારને આપણા ભૂતપૂર્વ મેયર શ્રી ઇસાકભાઇએ આકાર આપ્યો.

બીજે વર્ષે આઠ દિવસ કતલખાનાં બંધ રાખવાનો વિચાર મૂકયો તો કોર્પોરેટરોની સહાયથી બીજા વર્ષના મેયર ડો. શ્રી દિવગીએ એને આકાર આપ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજ તો આનંદનો વિષય છે કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનશ્રી, વિધાન પરિષદના અધ્યક્ષશ્રી અને નગરપતિશ્રી એમ ત્રિવેણી સંગમ છે, હવે તો અહિંસાનું કાર્ય ખૂબ જ વેગથી આગળ વધશે અહિંસાના આ કાર્ય કરનારા મહાનુભાવોને હું તો શું આપું? માનવી માનવીને આપી પણ શું શકે, સિવાય કે હાર્દિક શુભેચ્છા!

પણ પેલા મૂંગા જીવોના આશીર્વાદ જીવનને નવપલ્લવિત બનાવ્યા વિના નહીં રહે.

## પરિગ્રહ

સંગ્રહથી માણસનું પતન થાય છે. પરિગ્રહવાળા ધનિકના પુત્રોને ખબર નથી કે ધનની શું કિંમત છે! એ લોકો વિના મૂલ્યે વસ્તુને વેડફી રહ્યા છે. જ્યારે બીજી બાજુ માણસો જીવનનિર્વાહનાં પૂરતાં સાધનોના અભાવે ટળવળી રહ્યા છે, તરફડી રહ્યા છે.

એક બાજુ ટેકરો છે ને બીજી બાજુ ખાડો છે. એકને કોન્સ્ટીપેશન છે ને બીજાને ડાયરિઆ છે, કબજિયાત અને સંગ્રહણીનાં રોગ છે. બંને બિમાર છે. શ્રીમંત કે ગરીબ કોઇ સ્વસ્થ નથી. સુંદર સ્વસ્થતા ભગવાને બતાવેલ અપરિગ્રહના માર્ગથી જ આવી શકે તેમ છે. પરિગ્રહ પતન છે. પ્રેમ પ્રકાશ છે.

## અનેકાન્તવાદ

પ્રભુ મહાવીરનો સૌથી શ્રેષ્ઠ વિચાર તે અનેકાન્તવાદ છે. અનેકાન્તવાદની સમન્વય દૃષ્ટિ એ પ્રભુ મહાવીરની દુનિયાને અપૂર્વ ભેટ છે. ભ. મહાવીરે માણસોને નાની નાની વાત પર લડતા જોયા. ધર્માચાર્યોને વાણીના મેદાનમાં વાગ્યુદ્ધ કરતા જોયા અને એમણે એ પણ જોયું કે એ જે વાત માટે આ યુદ્ધે ચઢયા તે વસ્તુ તો એમના વચ્ચેથી સરકીને દૂર ને દૂર જઈ રહી છે. એટલે એમણે સમન્વયની આ સ્યાદ્વાદ દૃષ્ટિને સમાજમાં પુનઃ પ્રતિષ્ઠાપિત કરી. એક માણસ બીજા માણસને સમજી શકે એવી વિશિષ્ટતા આ દૃષ્ટિમાં છે. વિજ્ઞાનની ભાષામાં આને ચોથું પરિમાણ Fourth Dimension કહી શકાય. જે ઊંચાઇ, પહોળાઇ અને લંબાઇથી પર એવું એક ચોથું માપ છે. વસ્તુને સમજવા સપ્રમાણ તેજછાયા જોઇએ. સપ્રમાણ અંતરજોઇએ. સપ્રમાણ દૃષ્ટિ જોઇએ તો જ વસ્તુ વસ્તુ રૂપે દેખાય.

અનેકાન્તની દૃષ્ટિમાં એકાન્તનો કદાગ્રહ નથી. કોઇ વસ્તુ એવી નથી જેને એક જ છેડો હોય. માણસ વસ્તુનો એક અંત જુએ અને બીજા અંત સામે પીઠ ફેરવી ઉભો રહે તો વસ્તુનું પૂર્ણ દર્શન ન થાય. આ વિચારણા દ્વારા જડ અને ચેતન; જગત અને જીવ સપ્રમાણ સમજાય છે.

વ્યવહારની ભાષામાં પણ તમે આ વસ્તુ જુઓ છો ને? કોઇ પૂછેઃ "શું કરો છો?" કહેઃ "ઘઉં વીણું છું." સાચું શું છે? ઘઉં નહિ, પણ કાંકરા વીણે છે. પણ એનો અર્થ સમજી લેવાય છે. આ અનેકાન્ત છે.

માણસને માણસની નજીક લાવવા, વસ્તુને વિવિધ દૃષ્ટિબિન્દુથી સમજવા આ દૃષ્ટિ અનિવાર્ય છે. આ દૃષ્ટિ માનવ જાત અપનાવે તો ઘર ઘરમાં સમજણ આવે, એક રાષ્ટ્ર બીજા સામા રાષ્ટ્રનું દૃષ્ટિબિન્દુ સમજી શકે અને કલહ, યુદ્ધ અને તંગદીલી ઓછી થાય...પ્રભુ મહાવીરે આપેલો પ્રકાશ આપણા સોના હૃદયમાં સદા પ્રકાશ પાથરતો રહો અને આપણે એમના ચિંધેલા માર્ગે ચાલીએ એજ ભાવના.

શ્રી ચિત્રભાનુ

( દિવ્ય દીપ વ. ૨ અંક ૧ ઉપરથી સાભાર.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીર જયંતિ



રાષ્ટ્રપતિ ડા. રાધાકૃષ્ણન્

ઈ. સ. પૂર્વે ૮૦૦ થી ૨૦૦ વર્ષ સુધીનો ગાળો ઇતિહાસમાં ઉત્ક્રાંતિ-કાળ તરીકે ઓળખાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આ સમય દરમિયાન સંસારની વિચારધારા જડપ્રકૃતિના અધ્યયનથી ખસીને માનવજીવનના અધ્યયન તરફ વળી. ચીનમાં કન્ફયુશ્યસ, ભારતમાં ઉપનિષદોના ઋષિઓ, મહાવીર અને ગૌતમ બુદ્ધ, ઇરાનમાં જરથોસ્ત અને ઇઝરાયેલ બાજુએ મહાન પયગંબરો, ગ્રીસમાં પાયથાગોરાસ, સોક્રેટીસ અને પ્લેટો જેવા મહાન દાર્શનિકોએ બાહ્ય પ્રકૃતિમાંથી પોતાનું ધ્યાન અંતર્મુખ બનાવ્યું. આવા મહાન પુરુષોમાંથી એક ભગવાન મહાવીરની જન્મજયંતિ આપણે ઉજવીએ છીએ. મહાવીરને "જિન" એટલે કે વિજેતાનું બિરુદ મળ્યું છે. એમણે કોઇ દેશને જીત્યો નથી. તેમનો વિજય પોતાની વૃત્તિઓ પરનો વિજય છે. તેમણે સંસારના કોઈ યુદ્ધમાં ભાગ લીધો એટલા ખાતર તે મહાવીર નથી કહેવાયા. પરંતુ પોતાની આંતરિક વૃત્તિઓ સાથે ઝગડીને તેમણે વિજય પ્રાપ્ત કર્યો છે અને તેથી તેઓ મહાવીર કહેવાયા છે. દૃઢતા, તપ, સંયમ, આત્મશુદ્ધિ અને જ્ઞાનોપાસના દ્વારા તેમણે માનવી જીવનમાં જ દેવત્વ પ્રાપ્ત કર્યું છે. તેથી આજે તેમની જન્મજયંતિ ઉજવતી વખતે આપણું ધ્યેય એ હોઇ શકે કે તેમના ઉદાહરણથી બીજાઓને આત્મવિજય પ્રાપ્ત કરવામાં ઉચ્ચ આદર્શ તરફ કદમ બઢાવવાની સ્ફૂર્તિ મળે.

ભારતનો ઇતિહાસ પ્રારંભથી આજસુધી ઉપરના આદર્શ પર આધારિત રહેલો છે. જ્યારે આપણે મોહનજો-ડેરો તથા હરપ્પા યુગથી લઇને આજના સમય સુધીના પ્રતીકો, મૂર્તિઓ, સંસ્કૃતિનાં બીજાં સ્મારકો જોઈએ છીએ ત્યારે પણ આ જ પરંપરાનુ સ્મરણ થાય છે કે આદર્શ પુરુષ આત્માના પ્રભુત્વ તથા ઉત્કર્ષની ભાવના સ્થાપિત કરનાર જ હોય છે. આજે લગભગ ચાર-પાંચ હજાર વર્ષોથી આ જ આદર્શ આપણા દેશના ધાર્મિક વાતાવરણમાં એકરૂપ થઈ ગયેલા છે.

ભગવાન મહાવીર એક એવા મહાન આદર્શ પુરુષ છે. તેમણે સંસારના બધા પદાર્થોનો ત્યાગ કર્યો અને ભૌતિક બંધનથી પોતાની જાતને મુક્ત રાખી. તેઓ પોતાના આત્મોત્કર્ષમાં સફળ થયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ આદર્શ ઉપર કેમ ચાલવું, કઈ સાધનાદ્વારા આત્માનુભવ અને સ્વાધીનતા પ્રાપ્ત કરવા તે પ્રશ્નોના જવાબ આપણાં શાસ્ત્રોમાં કહેલા છે. શાસ્ત્ર કહે છે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસનની જરૂર છે. ભગવાન મહાવીરે પણ દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યનો નિર્દેશ કરી આ તત્ત્વોનું પ્રતિપાદન કર્યું છે. આપણને વિશ્વાસ અને શ્રદ્ધા હોવાં જોઇએ કે સંસારની વસ્તુઓ કરતાં કોઇ ઊંચો પદાર્થ છે. માત્ર અંધ ભક્તિથી કામ નહીં થાય. આપણે મનનદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ ચિંતન દ્વારા શ્રદ્ધા અને વિશ્વાસને આધારરૂપ બાબતોને જ્ઞાન અને પ્રકાશનાં તત્ત્વોમાં પરિવર્તિત કરી શકાય છે પરંતુ માત્ર સૈદ્ધાન્તિક જ્ઞાન પણ પૂર્ણ નથી. કેવળ શબ્દજ્ઞાન દ્વારા અમર જીવન પ્રાપ્ત કરી શકાતું નથી. આપણે એ મહાન સિદ્ધાંતોને જીવનમાં ઉતારવા જોઈએ. તેથી ચારિત્ર્યની પણ તેટલી જ જરૂર પડે છે. દર્શન, વંદન અથવા શ્રવણથી માંડીને મનન સુધી આપણે પહોંચીએ છીએ. અને ત્યાંથી સેવા અથવા ચારિત્ર્ય! જૈન આચાર્યોએ દેખાડયું છે કે આત્માનુભવની પ્રાપ્તિ માટે આ ત્રણેની જરૂર છે. ચારિત્ર્ય એટલે સદાચાર. એને માટે નિયમ કયા? આને માટે વિવિધ પ્રકારના વ્રતો પાળવાનો ઉપદેશ કરવામાં આવે છે. પ્રત્યેક જૈને અહિંસા, અમૃષા, અચૌર્ય, અમૈથુન અને અપરિગ્રહ એ પાંચ વ્રત પાળવાં જોઇએ. પરંતુ આ પાંચે વ્રતોમાં અહિંસાને જ પ્રાધાન્ય અપાયું છે. કેટલાંક અહિંસાના ઉપાસકો ખેતી પણ છોડી દે છે કારણ કે ખેતી માટે હળ વિ.નો ઉપયોગ કરવાથી સૂક્ષ્મ જીવોનો નાશ થાય. આ સંસારમાં પોતાની જાતને હિંસાથી સંપૂર્ણપણે બચાવવી અસંભવ છે માટે જ મહાભારતમાં કહેવાયું છે કે એક જીવ બીજા જીવને અન્ન છે. આમ છતાં પણ આપણું એ કર્તવ્ય છે કે બની શકે ત્યાં સુધી અહિંસાનો વિસ્તાર કરવો. પ્રયત્નદ્વારા હિંસાના ક્ષેત્રનો સંકોચ અને અનુભવના ક્ષેત્રનો વિસ્તાર કરવો. આટલા માટે આપણે અહિંસાને જીવનનું લક્ષ્યબિંદુ બનાવ્યું છે.

જો આપણે અહિંસાના આદર્શનો સ્વીકાર કરીએ તો તેના પરિણામરૂપે આપણે જૈન ધર્મના અનેકાંત-વાદને અપનાવવો પડે. જૈનોનું કહેવું છે કે માત્ર જ્ઞાનપ્રાપ્તિ એ જ આપણો આદર્શ છે; પરંતુ સામાન્ય જીવનમાં આપણને થોડા પ્રમાણમાં જ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. વસ્તુના અનેક ધર્મો હોય છે; તેના અનેક પક્ષો હોય છે. તેનું રૂપ મિશ્ર છે. તેના ગુણ અને ધર્મ ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. માણસને વસ્તુના કોઈ પણ એક અંગનું જ્ઞાન થાય તો તેનો મત એકાંગી બનવાની સંભાવના રહે છે. આવા મતમાં પૂર્ણ સત્યનું દર્શન પણ પ્રાપ્ત થતું નથી. જે લોકોએ રાગ દ્વેષની વૃત્તિઓ પર વિજય મેળવ્યો છે તેમનું દર્શન સંપૂર્ણ સત્યનું દર્શન હોઇ શકે. આ વાતના જ્ઞાનથી આપણને એમ વિશ્વાસ થવા માંડે છે કે આપણે જેને સત્ય માન્યું તે ખરી રીતે સત્ય ન પણ હોય. આને લીધે મનુષ્યની ધારણાઓની અનિશ્ચિતતાનું જ્ઞાન આપણને થવા માંડે છે. આને લીધે આપણને એમ વિશ્વાસ ઉત્પન્ન થાય છે કે આપણી સૌથી ગંભીર ધારણાઓ પણ અનિત્ય હોઈ શકે. છ આંધળા અને હાથીના દૃષ્ટાંતવાળા આ સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. આ પાક્ષિક સત્યો પરસ્પર વિરોધી નથી. તેમાં અંધકાર અને પ્રકાશ જેવો વિરોધાત્મક સંબંધ નથી. તેને આપણે ભિન્ન માનવાં જોઇએ. તેઓ સત્યના વૈકલ્પિક રૂપો છે. આજે સંસાર અનેક ક્લેશોથી રીબાય છે. આપણે સંયુક્ત જગતના ધ્યેયને આપણું લક્ષ્ય બનાવીએ છીએ. પરંતુ એકત્વ કરતાં ભિન્નત્વ એ આજના યુગનું એક વિશિષ્ટ લક્ષણ છે. એ સંસારની યોજનાઓમાં ઘણાંખરાં માણસોને એક લોભ ઉત્પન્ન થાય છે કે આ સારું અને તે ખરાબ. આથી બુરાંને દૂર કરવું જોઈએ. પરંતુ તેને (બુરાને) સત્યના એક વિકલ્પ તરીકે એટલે કે મૌલિક સત્યના અનેક ચલાયમાન પક્ષોમાંથી એક માનીને ચાલવું યોગ્ય છે. તે આંધળાઓએ એક અંગના સ્પર્શ ઉપર જે ભાર મૂકયો તે જેટલો દોષિત છે તેટલો જ દોષ સત્યના કોઇ એક જ અંગ ઉપર મૂકવો તે છે. માનવહિતને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે વ્યક્તિસ્વાતંત્ર્ય અને સામાજિક ન્યાય બન્નેની જરૂર છે. આપણે કોઈ પણ એકનું મરચું મીઠું ભભરાવીને અથવા બીજાનું ઓછું મહત્ત્વ આંકીને વર્ણન કરી શકીએ છીએ. પરંતુ જૈનના અનેકાંતવાદ, સપ્તભંગીનય અથવા સ્યાદ્વાદનો કોઈ પણ અનુયાયી તે જાતના સંસ્કારબંધને સ્વીકારતો નથી. તેમની ભાવના તો સત્યાસત્યનો વિવેક કરીને સમન્વય સ્થાપિત કરવાની હોય છે. આપણી મનોવૃત્તિ પણ આવી જ હોવી જોઈએ. આ રીતે આપણે ભગવાન મહાવીરના જીવનમાંથી સંયમની જરૂરિયાત, અહિંસાયુક્ત સદાચાર, સહિષ્ણુતા તથા બીજાના દૃષ્ટિકોણનું યોગ્ય રીતે મૂલ્યાંકન વગેરે અનેક બાબતો શીખી શકીએ છીએ. જો આપણે આ વસ્તુને યાદ રાખી શકીએ અને આ સિદ્ધાંતોને હૃદયમાં અંકિત કરીને છુટાં પડીએ તો આપણે તે મહાપુરુષ પ્રત્યેના આપણાં ઘણાં ઋણમાંથી એક ઓછું કરવામાં સફળ થયા ગણાઈએ.

---

સં. ૨૦૧૨માં ન્યુ દિલ્હીમાં "મહાવીર જયંતિ" મહોત્સવ પ્રસંગે રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને આપેલા અંગ્રેજી પ્રવચનમાંથી સાભાર ઉધ્ધૃત.

सवणे णाणे य विन्नाणे
पच्चक्खाणे य संजमे ।
अणण्हये तवे चेव
वोदाणे अकिरिया सिद्धी ॥

(ઉપાસનાથી) શ્રવણ, શ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી પ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનથી સંયમ, સંયમથી અનાસ્રવ, અનાસ્રવથી તપ, તપથી કર્મનો નાશ, કર્મના નાશથી નિષ્કર્મપણું અને નિષ્કર્મપણાથી સિદ્ધિ–અજરામરપણું પ્રાપ્ત થાય છે.

ભગવતીસૂત્ર, શતક ૨, ઉદ્દેશક ૫.

કોઈપણ બાબત ઉપર એકવાર અભિપ્રાય દર્શાવ્યા પછી તેમાં ફેરફાર કરવાની જેમને આવશ્યકતા જણાતી નથી તેઓ મહાપુરુષ છે. પણ જેઓ પોતાનો અભિપ્રાય ભૂલ ભરેલો છે અને તેમાં ફેરફાર કરવાની જરૂર છે તેમ જાણવા છતાં પોતાના અભિપ્રાયને ચીટકી રહે છે, તેઓ દંભી અને કપટી છે. તમે ભલે મહાપુરુષ ન હો, પણ દંભી અને કપટી થશો નહીં. અસત્યને છોડીને સત્યને ગ્રહણ કરવા હંમેશાં તત્પર રહેજો.

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય


વર્તમાનની ક્ષણ તમારી મોટામાં મોટી પૂંજી છે. તેને નકામી ન સમજશો. તમારી બધી શક્તિઓ એકઠી કરીને તે ક્ષણનો પૂરેપૂરો ઉપયોગ કરજો. જો તમે તેની ઇજ્જત કરશો તો તે પણ તમારી ઇજ્જત કરશે. જે લોકો સમયનું ધ્યાન રાખે છે, તેમનું સમય પણ ધ્યાન રાખે છે. સમયની ઉપેક્ષા કરનારા ભાગ્યનાં બધાં વરદાનોથી વંચિત રહી જાય છે. જે વર્તમાન ક્ષણનો લાભ ઊઠાવી શકતો નથી તે લાખો ક્ષણનો પણ લાભ ઊઠાવી શકશે નહીં, એ અનુભવસિદ્ધ હકીકત છે. ભૂતકાળની ક્ષણ કબરમાં સૂતી છે અને ભવિષ્યની ક્ષણ હજી કાળના ગર્ભમાં છે. તમારે માટે તો વર્તમાન ક્ષણ જ સર્વસ્વ છે.

મુનિશ્રી રાકેશકુમાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાવીર—સમતાના પ્રતીક

માનવ સંસ્કૃતિના વિકાસમાં અનેક મહાપુરુષોએ ફાળો આપ્યો છે. તેઓએ સાધના કરી, અનુભવ પ્રાપ્ત કર્યો અને દુનિયાના મનુષ્યોને માણસાઈનો બોધ કર્યો. આવા મહાન ચિંતક, વિચારક અને માર્ગદર્શકોમાંના એક ભગવાન મહાવીર હતા. જેમણે માનવતાની વૃદ્ધિને માટે કઠોર સાધનાદ્વારા અનુભવ પ્રાપ્ત કરી સમાજમાં જીવન સાથે વણાયેલી વિકૃતિઓને દૂર કરી એવું માર્ગદર્શન આપ્યું જે તેમના સમયના જેટલું જ આજે અઢી હજાર વર્ષ પછી પણ સંસારની સમસ્યાઓને ઉકેલવામાં ઉપયોગી બને છે. મનુષ્યમાં માનવતા આવે, તે માત્ર પોતાની જ ભલાઈ માટે નહીં પણ સર્વેની ભલાઈ માટે પ્રયત્ન કરે. આ બોધ આપવાનું કાર્ય યુગોથી અનેક મહાપુરુષોદ્વારા બધા દેશોમાં વધતા ઓછા પ્રમાણમાં બનતું રહ્યું છે. ભારતમાં આ પ્રમાણની માત્રા અધિક છે. આ ભૂમિમાં અનેક ચિંતક, વિચારક, માર્ગદર્શક અથવા તીર્થંકરોએ જન્મ લીધો છે.

જેમનામાં ચિંતનનું ઊંડાણ વધારે પ્રમાણમાં હતું એવા વિચારક અને ઋષિઓએ, જેમના જીવનમાં ગુણો વધારે પ્રમાણમાં વિકાસ પામેલા હતા તેમને ત્યાગ અને સેવામય જીવનદ્વારા સામાન્ય મનુષ્યોમાં આ જ્ઞાન પ્રચાર કરવાનું કામ સોંપ્યું. જેમનામાં શારીરિક બળ સારા પ્રમાણમાં હતું તેમને નિર્બલ લોકોની રક્ષાની જવાબદારી સોંપી અને તેઓએ પ્રાણના ભોગે પણ અન્યાય અને અત્યાચારનો વિરોધ કરવો એ મંત્ર આપ્યો. સમાજ માટે ઉપયોગી વસ્તુનું ઉત્પાદન અને વિતરણ આ કામમાં યોગ્ય હતા તેને ફાળે આવ્યું. બાકી રહેલા માણસો ઉપર જણાવેલ વ્યક્તિઓને મદદ કરે અને સમાજની સેવા કરે એમ નક્કી કર્યું. સમાજના હિત માટે વિશિષ્ટ શક્તિનો ઉપયોગ કરવાની આ યોજના હતી. આ વ્યવસ્થાથી સમાજનું કાર્ય અબાધિત ગતિએ ચાલ્યા કરે અને સમાજમાં કોઈ દુઃખી ન બને તે ઉદ્દેશ્ય હતો. પરંતુ જ્યારે પોતાની શક્તિનો ઉપયોગ અહંકાર–પોષણ તથા સ્વાર્થને માટે થવા લાગ્યો ત્યારે માનવતા પ્રેમીઓને સમાજમાં આવેલી આ વિકૃતિથી દુઃખ થાય તે સહજ છે. આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં આ વિકૃતિને પરિણામે સમાજ દુર્બલ બની રહ્યો હતો. ગુણની શ્રેષ્ઠતાનું સ્થાન જન્મની શ્રેષ્ઠતા લેવા માંડી હતી.

આ રીતે માંસાહારને મર્યાદિત બનાવવા માટે યજ્ઞ સિવાયના માંસાહારનો નિષેધ કરવામાં આવ્યો. યજ્ઞકાર્ય સાથે માંસાહારને જોડવાનો આશય માંસાહાર ઓછો કરવાનો અથવા સંપૂર્ણ બંધ કરવાનો હતો. યજ્ઞ પવિત્ર વસ્તુ છે અને સેવા માટે કરવામાં આવે છે માટે માંસાહારને યજ્ઞ સાથે જોડ્યો. પરંતુ સ્વાદલોલુપ મનુષ્યોએ તો ઉપરના ઉદ્દેશ્યને જ મારી નાખ્યો.

આ જ રીતે ઇશ્વર સંબંધી માન્યતામાં પણ વિકૃતિ આવી. આ માન્યતાનો ઉપયોગ માનવીને ગુલામ બનાવવા માટે થવા લાગ્યો. આથી આ માન્યતામાંથી ગુણના વિકાસનો તથા અહંકારના ત્યાગનો ભાવ અદૃશ્ય થયો. આત્મવિકાસ અને સદ્‌ગુણોપાસના સામાજિક ધર્મ મટી વ્યક્તિગત સાધનાનું અંગ બની ગયાં. આથી આત્મવિકાસ અથવા સદ્‌ગુણવિકાસની ઇચ્છાવાળા લોકો જંગલમાં જઈને કઠોર સાધના કરતા. દેહદમન જ આત્મકલ્યાણ મનાવા લાગ્યું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી વિકૃતિવાળા સમયમાં ભારતમાં અનેક વિચારક તથા મહાપુરુષ થયા જેમણે તે સમયની પ્રચલિત વ્યાખ્યાઓને બદલે વર્ણાશ્રમ, યજ્ઞ, તપસ્યાને માટે નવી જ વ્યાખ્યાઓ બનાવી. વ્યાસ, શ્રીકૃષ્ણ, જનક, પાર્શ્વનાથ, યાજ્ઞવલ્કય તથા કપિલ આવા મહાન પુરુષો હતા. એ લોકોએ કર્મકાંડ કરતાં સદ્ગુણવિકાસ પર વધારે જોર દીધું. તેમણે અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ આદિ સદ્ગુણોને સામાજિક ગુણો બનાવવાનો પ્રયત્ન કર્યો.

આ સમયમાં ૨૫૦૦ વર્ષ પહેલાં વૈશાલીના એક ઉપનગરમાં મહાવીરનો જન્મ થયો તેમના માતા-પિતાએ તેનું નામ વર્ધમાન પાડયું. બચપણથી જ તે નિર્ભય, સદ્ભાવનાશીલ, સહૃદયી, વડીલોને માન આપનાર અને ચિંતનશીલ હતા. બચપણમાં રમતાં રમતાં તેમણે સર્પને પકડીને દૂર ફેંકયો હતો. તેથી લોકો તેને મહાવીર કહેવા લાગ્યા. તેમની આ નિર્ભય વૃત્તિ ઉંમર સાથે વધતી ગઈ.

સહૃદયતાને લીધે તેમનું ધ્યાન સમાજમાં પ્રચલિત વિષમતાઓ તરફ ગયું અને સમતાનું સ્થાપન કેમ થાય તેને માટે તેઓ ચિંતન કરવા લાગ્યા. સર્વ માનવ તરફની સહૃદયતાને લીધે તેનામાં ધીરે ધીરે વૈરાગ્ય ઉત્પન્ન થયો અને પરિણામે તેમણે સંન્યાસ લીધો.

ઘર છોડ્યા પછી તેમની સાધનામાં કંઇ મુશ્કેલી ન આવે એટલા માટે તેમના ઇષ્ટ મિત્રોએ તેની સાથે કોઇને રાખવાની વ્યવસ્થા કરવા કહ્યું; પરંતુ મહાવીરે જવાબ દીધો કે હું તો સાધના કરવા માંગું છું અને સાધનામાં બીજાની મદદ ઉપયોગી બનતી નથી.

બધા પ્રાણી સુખ ઇચ્છે છે. તેને માટે પ્રયત્ન કરે છે. તે છતાં તેમને સુખ બહુ જ અલ્પમાત્રામાં મળે છે. આનું કારણ એ છે કે મનુષ્ય શરીરને પ્રાધાન્ય આપે છે. ભૌતિક સુખોની પાછળ તે ફર્યા કરે છે અને પોતાના સુખની પ્રાપ્તિમાં તે બીજાનાં દુઃખનું કારણ બને છે. સર્વ તરફ સમભાવ રાખવાથી જ સાચું સુખ પ્રાપ્ત થાય છે. પ્રશ્ન ઉઠે છે કે સર્વ તરફ સમભાવ રાખીને જીવી શકાય? જે દુઃખ આપે તેની સાથે સમતાપૂર્વક વ્યવહાર રાખી શકાય? શત્રુને પણ મિત્ર બનાવવાની આદત પડે ખરી? આ બધા વિચારો તેમણે ઘર છોડયું ત્યારે તેમના મગજમાં ઘોળાતા હતા.

આ સમસ્યાનો ઉકેલ મહાવીર તર્ક અથવા બુદ્ધિથી નહીં પરંતુ પોતાના અનુભવથી લાવવા ઇચ્છતા હતા. તેથી શરીરદમનની જરૂર પડી. તેમણે ગૃહત્યાગ કરીને બાર વર્ષની લાંબી સાધના કરી. અનેક દુઃખો સહન કર્યાં, અનેક આવેગોને તેમણે શાંત ચિત્તે સહન કર્યાં, તેમણે શરીર ઉપર એવો કાબુ મેળવ્યો હતો કે શરદી, ગરમી, અથવા વર્ષાની તેના પર કંઇ અસર થતી ન હતી. ઝેરી જીવડાંઓના ડંખ પણ તેને ચિંતનમાંથી વિચલિત કરી શકતા નહીં. તેના મન પર બીજા દ્વારા અપાતાં કષ્ટોની કંઈ જ અસર ન થતી. તેનું જીવન અભ્યાસને લીધે એવું સહજ થઇ ગયું હતુ કે બાહ્ય કોઇ પણ સાધનનો અભાવ તેને કંઈ પણ દુઃખ આપી શકતો નહીં. સાધનાના સમય દરમિયાન તેમણે મૌન પાળ્યું. જે કંઈ મળતું તે ખાઈ લેતા. સાધનાકાળનો ઘણોખરો સમય તેમણે ઉપવાસમાં જ વિતાવ્યો, ચિંતન અને ધ્યાનમાં જ પોતાનો સમય વિતાવતા. બીજાને ભારરૂપ ન બનવું તથા કોઇ પણ પ્રકારનું દુઃખ ન પહોંચાડવું તે તેની સાધનાની વિશેષતા હતી.

સામાન્ય રીતે શરીરનાં દુઃખ અસહ્ય લાગે છે પરંતુ સ્વભાવ દ્વારા તેના ઉપર વિજય મેળવી શકાય છે. શારીરિક સુખ દુઃખ બ્રહ્માનંદમાં બાધક બનતાં નથી. માનવીના ભયંકર શત્રુ તેના આંતરિક બુરાઇ અને દુર્ગુણ છે. તેથી બુરાઇઓ દૂર કરવાથી અથવા સદ્ગુણનો વિકાસ કરવાથી સાચું સુખ મળે છે. જ્યારે તેને આ અનુભવ થયો ત્યારે તેમનું જ્ઞાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિર્મલ અને શુદ્ધ થયું. તેની પ્રજ્ઞા ઉપર કોઈ આવરણ ન રહ્યું. જ્યારે સાધના પૂર્ણ થઇ ત્યારે તેણે ઉપદેશ દેવાનું શરૂ કર્યું. તેનો ઉપદેશ અનુભવજન્ય હોવાને લીધે લોકો ઉપર તેનો પ્રભાવ પડવા માંડ્યો. તેમના મુખ્ય શિષ્યો બ્રાહ્મણો જ હતા. તેઓએ જ તેના ઉપદેશનો પ્રચાર કર્યો.

તેનો ઉપદેશ સાધના અને સમતા પર આધારિત હતો તેથી તેનું વહન લોકભાષા બની. તેણે સમજાવ્યું કે સામાન્યમાં સામાન્ય મનુષ્ય પણ પ્રયત્ન કરવાથી મહાન બની શકે છે. આ રીતે મનુષ્ય પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે. જન્મથી કોઈ ઉંચ નીચ નથી. મસ્તક મુંડન કરવાથી કોઈ સાધુ થતો નથી. અથવા તો માત્ર ૐકાર જપથી કોઈ બ્રાહ્મણ બનતો નથી. સમતાથી જ મનુષ્ય શ્રમણ બને છે અને બ્રહ્મચર્યપાલનથી જ તે બ્રાહ્મણ બને છે. જે મનુષ્ય અનાસક્ત, શુદ્ધ, નિષ્પાપ, રાગ અને ભયથી મુક્ત, સંયમી, મનુષ્ય માત્ર તરફ દયા ભાવવાળો, સત્યવક્તા, કામનારહિત અને અલિપ્ત છે તેજ બ્રાહ્મણ છે. દ્વિજોત્તમ એટલે સર્વ શુભ ગુણોથી વિભુષિત. મહાવીરનો ધર્મ કોઈ એક ખાસ વર્ગ કે જાતિને માટે નહીં પરંતુ માનવ માત્રને માટેનો છે. તેના શિષ્ય સમુદાયમાં સ્ત્રીઓ પણ હતી. સ્ત્રીઓને પણ સાધના કરવાનો અધિકાર હતો.

તેનો ઉપદેશ બધાને માટે અને હંમેશા ઉપયોગી બને તેવો વિશાળ હતો. આજે આપણે તેના ઉપદેશના ગાંભીર્યને વિચારીએ તો તેનો અનુભવ સહેજે માલૂમ પડશે. સંચય અને શોષણ એ અહિંસા માટે બાધારૂપ છે. તેથી તેને દૂર રાખવા માટે તેમણે અપરિગ્રહ અને અસ્તેયને વ્રતોમાં સ્થાન આપ્યું. પોતાનું સત્ય ગમે તેવું સારું હોય છતાં પણ તેને બીજા પર લાદવું ન જોઇએ એમ તેમણે કહ્યું. તેમણે પોતાના ઉપદેશ માટે નિરાગ્રહ વૃત્તિ સેવવાનું કહ્યું.

આજે સંસારમાં વિષમતા અને શોષણ ખૂબ જ ફાલ્યાંફૂલ્યાં છે. વિજ્ઞાન દ્વારા હિંસાના એવા સાધનો સરજાયા છે કે જેનાથી આખી દુનિયાનો નાશ થઇ શકે. સૌથી વધારે શક્તિશાળી પણ આજે ભયભીત છે, સંસારમાં સુખ અને શાંતિ માટે અહિંસા સિવાય બીજો કોઈ માર્ગ નથી. નિરાગ્રહ વૃત્તિ સિવાય સંસારનું ભલું ઇચ્છવાવાળાઓ એકબીજા સાથે હળીમળીને કામ કરી શકે તેમ નથી. અનેકાંતવાદ સિવાય વ્યાપકતા, તથા મધ્યસ્થ વૃત્તિ આવતી નથી. વિચારકોનું મંતવ્ય છે કે દુનિયાને આજની સમસ્યાઓ ઉકેલવા માટે અહિંસા તથા અનેકાંત શક્તિશાળી છે. આજની કટોકટીની પરિસ્થિતિમાં ભગવાન મહાવીરનો ઉપદેશ સમસ્યાઓનો ઉકેલ લાવવામાં મદદગાર થઇ શકે છે.

---

" શ્રમણ "ના એપ્રિલ–મે ૧૯૫૮ના અંકમાં આવેલા " સમતા કે પ્રતીક મહાવીર " નામના શ્રી રિષભદાસ રાંકાના હિંદી લેખનો અનુવાદ.

## કહેવતો

આપો અને તેની કિંમત ન આંકો, લડો અને તેના ઘા ન ગણો, મહેનત કરો અને વિસામો ન શોધો.

**સંત ઈગ્નાશિયસ લોયોલા**

વીસ વર્ષની વયે માનવી જો નબળો હોય, ત્રીસ વર્ષની વયે મૂર્ખ હોય અને ચાલીસ વર્ષની વયે ગરીબ હોય, તો તે કદી પણ બીજું કશું બની શકશે નહીં.

**રશિયન કહેવત**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભયના આરાધક

(હિન્દીમાં) લેખક : ઇંદ્ર

આજથી અઢી હજાર વર્ષ પહેલાંની વાત છે. બિહારમાં મુજફ્ફરપુર જીલ્લામાં જે જગ્યાએ હાલમાં બસાડ નામનું એક નાનું ગામડું છે, તે સ્થળે તે સમયે એક વૈશાલી નામની વિશાળ નગરી હતી. આ નગરીનો વિસ્તાર કેટલાક યોજન સુધી ફેલાયેલો હતો તે આજે તેના દૂરદૂર સુધી પડેલા ભગ્ન અવશેષો ઉપરથી જણાઇ આવે છે. તે વખતે ત્યાં લિચ્છવિઓનું ગણતંત્ર રાજ્ય હતું અને ચેટક નામના મહારાજા તેના અધ્યક્ષ હતા.

વૈશાલી નગરીની ચારે બાજુએ ઉપનગરો હતાં. એક બાજુ બ્રાહ્મણકુંડ ગામ હતું, જેમાં વેદવેદાંગ પારંગત બ્રાહ્મણો વસતા હતા. બીજી બાજુએ ક્ષત્રિયકુંડ ગામ હતું જેમાં જ્ઞાતૃવંશીય ક્ષત્રિયો રહેતા હતા. વળી ત્રીજી બાજુએ વાણિજ્યગામ હતું, જેમાં મોટામોટા વેપારીઓ અને ધનવાનોનો વાસ હતો. લિચ્છવિગણ તેમના સ્વાતંત્ર્યપ્રેમ તથા લોકતંત્ર માટે દૂરદૂર દેશપરદેશમાં પ્રસિદ્ધ હતું. તેમના યુવકયુવતીઓ જ્યાં સુધી પોતાની બુદ્ધિમાં ન ઉતરે ત્યાં સુધી કોઇપણ વાતનો સ્વીકાર કરતા નહીં. તેઓમાં કોઇપણ જાતનો ભય કે અંધશ્રદ્ધા ન હતાં. ભય વ્યક્તિની શારીરિક શક્તિને કુંઠિત કરે છે અને અંધશ્રદ્ધા બૌદ્ધિક શક્તિને. આ લોકો કોઇપણ પ્રકારે કુંઠિત થતા નહીં.

આ લિચ્છવિ વંશમાં જ્ઞાતૃવંશીય મહારાજા સિદ્ધાર્થની મહારાણી ત્રિશલા દેવીએ વિ. સં. પહેલાં ૫૪૨મા વર્ષના ચૈત્ર શુકલ ત્રયોદશીના રોજ મધ્યરાત્રિએ એક પુત્રને જન્મ આપ્યો. પુત્ર જન્મ પછી માતાપિતાના હર્ષમાં વૃદ્ધિ થઇ, તેમના સૌભાગ્યમાં વૃદ્ધિ થઇ, તેમની સંપત્તિમાં વૃદ્ધિ થઇ, એટલે આ પુત્રનું નામ વર્ધમાન પાડવામાં આવ્યું.

યોગ્ય ઉંમરે પહોંચતાં વર્ધમાને અભ્યાસ શરૂ કર્યો પણ તેનો અભ્યાસ પુસ્તકો પૂરતો જ મર્યાદિત નહોતો. તેણે તો સારા વિશ્વ ઉપર નજર નાંખી અને જોયું કે આ સંસારમાં ઘણો જ અન્યાય છે, ઘણી જ વિષમતાઓ છે, ઘણું જ અજ્ઞાન છે. અને તેથી પ્રાણીમાત્ર દુઃખી થાય છે. તેમણે એમ પણ જોયું કે દરેક પ્રાણી પોતાનું સુખ ઇચ્છે છે અને તે મેળવવા ખાતર જરૂર પડે તો બીજાં પ્રાણીને કષ્ટ આપવા અને તેમનું સુખ છીનવી લેવા પણ તૈયાર થાય છે. પરંતુ આમ કરવા છતાં નથી કષ્ટ આપવાવાળો સુખી થતો કે નથી કષ્ટ સહન કરવાવાળો. પોતાની ઠંડી ઉડાડવા માટે કોઇએક બીજાની ઝૂંપડી બાળવા અચકાતો નથી પણ તે ઝૂંપડી પૂરેપૂરી પ્રજ્વળી ઊઠે તે પહેલાં તેના મનમાં એક પ્રકારની ભયંકર આગ પ્રજ્વળી ઊઠે છે, અને તેને કયાંય ચેન પડતું નથી. વર્ધમાનને જણાયું કે આ સંસારમાં અન્યાયની પણ પરાકાષ્ઠા છે. એક જન્મ લેતા જ અધમ ગણાય છે, જયારે બીજો ઉત્તમ; એકના માટે વિકાસનાં દ્વારો ખુલ્લાં હોય છે, ત્યારે બીજાને માટે તદ્દન બંધ; એક ઉચ્ચ ગણાય છે, બીજો નીચ; એક ભોક્તા છે, બીજો ભોગ્ય; એક સંપત્તિનો સ્વામી છે, બીજો નિર્ધન; એક બીજાને દબાવી રહ્યો છે પરંતુ બીજો આ સ્થિતિનો પણ આનંદથી સ્વીકાર કરી રહ્યો છે. વર્ધમાને એ પણ જોયું કે સંસારમાં અજ્ઞાન છે, મોહ છે અને પ્રાણીઓ તેની પકડમાં કેદ છે. તેમની વિચારશક્તિ કુંઠિત થઇ ગયેલી છે અને તેમનો આત્મા અભિભૂત છે.

વર્ધમાનને સ્વાધીનતાના સંસ્કાર જન્મથી જ મળ્યા હતા. તેમને લાગ્યું કે સ્વાધીનતા માત્ર રાજકીય જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહીં, પણ શરીર, મન, બુદ્ધિ, આત્મા એ સર્વ સ્વાધીન હોવાં જોઇએ. દરેકને પોતાનો વિકાસ સાધવા માટે પૂરતી છૂટ હોવી જોઇએ, સર્વમાં સમાનતા અને મિત્રતા હોવાં જોઇએ. દરેકને બીજાઓ તરફથી અભય મળવું જોઈએ.

આમ જોતાં જોતાં વર્ધમાને પોતાની તીવ્ર બુદ્ધિ તથા સૂક્ષ્મ દૃષ્ટિ વડે સંસારનો અનુભવ લીધો. ત્રીસ વર્ષો સુધી કૌટુંબિક જીવન ભોગવીને વ્યક્તિ તથા સમાજની સમસ્યાઓની સમજ મેળવી.

અંતે તેમણે એ જ નિષ્કર્ષ કાઢયો કે જીવનનું રહસ્ય એ જ છે કે કોઇ પ્રાણીને કોઇથી ભય સેવવો ન પડે. કોઇ કોઇથી ડરે નહીં, કોઇ કોઇને ડરાવે નહીં. કોઇ અન્યથી દબાય નહીં, કોઇ અન્યને દબાવે નહીં. ન કોઇને શારીરિક અત્યાચારનો ડર હોય, ન બૌદ્ધિક અત્યાચારનો, ન સામાજિક અત્યાચારનો અને ન તો આધ્યાત્મિક અત્યાચારનો.

આવી જાતના અભયની આરાધના અર્થે વર્ધમાને સર્વ પ્રથમ પોતાની જાતને પ્રયોગશાળા બનાવી. એમણે અનુભવ્યું કે જ્યાં સુધી હું રાજકુમાર છું અને દુનિયા સમક્ષ શાસકરૂપે ઉપસ્થિત થાઉં છું ત્યાં સુધી અભયની સાધના થઈ શકશે નહીં. મારે એવો વેશ અને એવી વૃત્તિ અપનાવવી જોઇએ કે જેથી કોઈ મારાથી ભય ન અનુભવે.

આમ વિચારતાં તેમને લાગ્યું કે મહેલની દિવાલો ફકત શારીરિક બંધનરૂપ જ નથી. તેઓ આપણી બુદ્ધિ અને આત્માને પણ સીમિત કરી દે છે. જૂઠી પદ-મર્યાદા, મિથ્યા અભિમાન, વિભ્રમ તથા વ્યામોહ આપણા માટે કારાગૃહ જેવા બની જાય છે અને પરિણામે મુક્તપણે શ્વાસ લેવો પણ મુશ્કેલ થઇ પડે છે. વર્ધમાને આ ગુંગળાવનારૂં વાતાવરણ છોડીને ઉન્મુક્ત ગગનમાં વિહાર કરવાનો નિર્ણય કર્યો.

ત્રીસ વર્ષની યુવાવસ્થામાં મહત્ત્વાકાંક્ષાઓ અને કામનાઓના તોફાનનું-ઝિઅરાનું દમન કરીને, પ્રત્યેક પ્રકારના બંધનોને ફગાવી દઇને વર્ધમાન ઘર છોડી નીકળી પડ્યા. રાજસી પરિધાનનો ત્યાગ કરી અકિંચન રૂપ ધારણ કર્યું. મહેલ છોડી જંગલનો રસ્તો પકડ્યો. ઉપર વિશાળ નભ અને નીચે કઠોર ધરતી – એ જ એમનું રહેઠાણ હતું. તેઓ તો એવું ઇચ્છતા હતા કે શરીર ધરતીની જેમ સર્વંસહ બની જાય અને મન આકાશની જેમ નિર્લેપ અને સર્વવ્યાપી બની જાય.

સાધનાકાળનાં બાર વર્ષો દરમ્યાન વર્ધમાને કઠોર તપસ્યા કરી. ભયાનક પશુઓ તથા ક્રૂર નરરાક્ષસો વચ્ચે રહીને અભયતત્ત્વની આરાધના આદરી. શત્રુ હોય કે મિત્ર, ઉપકારક હોય કે અપકારક, પુજારી હોય કે પ્રહારકર્તા-સૌ પ્રત્યે એક સરખી ચિત્તવૃત્તિ રાખવાનો અભ્યાસ કર્યો. વિરોધમાં પણ એકતાનાં દર્શન કરવાની પ્રવૃત્તિ આદરી.

કહેવાય છે કે સાધનાકાળની શરૂઆતમાં એક વાર દેવરાજ ઈન્દ્ર વર્ધમાન પાસે આવ્યા અને કહેવા લાગ્યા, "ભગવન્, આપ વિશ્વમાં જે સિદ્ધાન્તનો પ્રચાર કરવા ઇચ્છો છો તેને માટે તપ કરવાની શી જરૂર છે? શું મારું વજ્ર એને માટે પૂરતું નથી? સારું યે વિશ્વ એના ભયથી ધ્રુજે છે. કોઇની તાકાત નથી કે એનો આદેશ ન સ્વીકારે. આપ આપનો સંદેશ જણાવો અને આ સેવકને આજ્ઞા કરો. આખું બ્રહ્માંડ આપનું અનુયાયી બની જશે."

વર્ધમાને ઉત્તર આપ્યો—"દેવેન્દ્ર, મારા સંદેશનો પ્રચાર તમારા વજ્રદ્વારા નહીં થઈ શકે. તમારું વજ્ર ભયનું પ્રતીક છે, જ્યારે હું અભયનો સંદેશ આપવા માગું છું. એ પાશવિક શક્તિનું દ્યોતક છે, અને હું પાશવિક શક્તિ પર આધ્યાત્મિક શક્તિના વિજયનો સંદેશ દેવા ઇચ્છું છું. હું જે બાબતથી સંસારને મુક્તિ અપાવવા માગું છું તેનો જ આશ્રય લેવાનું તમે સૂચવો છો! મારા અને તમારા માર્ગો જ જુદા છે. સુરપતિ, મારો પથ અભયનો છે, તમારો ભયનો; મારો શમનનો છે, તમારો દમનનો; હું સૌને મુક્ત કરવા પ્રયત્ન કરૂં છું, તમે તેમને બંધનમાં નાખવા માગો છો. ઇન્દ્રરાજ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે સિદ્ધાન્ત પોતે જ એટલો નિર્બળ હોય કે પોતાના પ્રચાર અર્થે તેને વિરોધી તત્ત્વોનું શરણ સ્વીકારવું પડે તે કદિ કલ્યાણકારી ન હોઇ શકે. અપરિગ્રહના પ્રચાર માટે જો પરિગ્રહની આવશ્યકતા પડતી હોય તો પરિગ્રહની મહત્તા ત્યાં જ અંત પામે છે. જો અહિંસાના પ્રચાર માટે હિંસાનો આશરો લેવો પડે તો તે અહિંસાનું કશું મૂલ્ય જ નથી રહેતું. જો અભયનો ફેલાવો કરવા ભયનું શરણ સ્વીકારવું પડે તો અભયનું મૃત્યુ ત્યાં જ થયું સમજવું પડે! તમારું વજ્ર મારા સંદેશના પ્રચારમાં સાધક નહીં, બાધક જ નીવડે ".

સુરાધિપને વર્ધમાન પરત્વે વ્યક્તિગત સ્નેહ હતો એણે ફરી કહ્યું – " ભગવન્, હું સ્વીકારું છું કે અભયના પ્રચારમાં વજ્ર સહાયક નથી પણ મારી એક વાત તો જરૂર માનો. સાધનાકાળમાં આપને અનેક કષ્ટોનો સામનો કરવો પડશે. હિંસક પશુઓ, ક્રૂર માણસો તેમ જ પ્રાકૃતિક ઉપદ્રવો આપને અનેક પ્રકારની યાતનાઓ દેશે. તો મારી ઇચ્છા છે કે આપની જોડે રહું અને આવાં બાહ્ય કષ્ટોને નિવારતો રહું જેથી આપની સાધના નિર્વિઘ્નપણે થતી રહે. "

" દેવેન્દ્ર, એ તમારો ભ્રમ છે. " વર્ધમાને જવાબ આપ્યો " કષ્ટો સાધનામાં વિઘાતક નહીં, પણ વિધાયક બની રહેતાં હોય છે, જે રીતે વિદ્યાર્થી પરીક્ષા આપ્યા વગર જાણી નથી શકતો કે એણે કેટલું જ્ઞાન મેળવ્યું છે અને હજુ કેટલું બાકી છે. એ જ પ્રમાણે સાધક પણ કષ્ટો ઉપસ્થિત થયા વગર તેની સાધના કેટલે પહોંચી છે તે જાણી નથી શકતો. ક્રોધ પર આપણે કેટલો કાબુ મેળવ્યો છે એનો ખ્યાલ ત્યારે જ આવી શકે કે જ્યારે ક્રોધનું કારણ ઉપસ્થિત થાય. સુરેશ, તમે જાઓ આધ્યાત્મિક સાધનાનો પથિક ભૌતિક શક્તિનો આશ્રય નથી લેતો. સ્વાવલંબનની ભૂમિકા પર જ તે આગળ વધી શકે છે. ભૌતિક સહાયતાની પાલખીમાં બેસીને ફરનારો મનુષ્ય અધ્યાત્મનાં કેટલાંયે બણગાં ફૂંકે. તો પણ તેને અધ્યાત્મના માર્ગનો પથિક કહી શકાય નહીં." સ્વર્ગાધિપતિ નમન કરીને ચાલ્યા ગયા.

એક વાર વર્ધમાન વનમાં ધ્યાનમગ્ન ઊભા હતા. એટલામાં એક ગોવાળિયો ત્યાં આવ્યો. એની પાસે બળદોની એક જોડ હતી. અચાનક એને ગામમાં જવું પડયું. જતાં જતાં તે વર્ધમાનને કહેતો ગયો ' જરા બળદોનું ધ્યાન રાખજો. ' મહાવીર તો પોતાના ધ્યાનમાં મગ્ન હતા. બળદો ચરતાં-ચરતાં કયાંય નાસી ગયા. ગોવાળ પાછો ફર્યો ત્યારે વર્ધમાનને પૂછવા લાગ્યો. વર્ધમાન તો યથાવત્ ધ્યાનમગ્ન રહ્યા. ગોવાળિયો બળદોને અહીં-તહીં ગોતતો રહ્યો. આખી રાત જંગલમાં ભટકયો પણ બળદો ન મળ્યા. શોધતાં શોધતાં જયારે સવાર પડી ત્યારે એ ફરી ત્યાં જ આવી પહોંચ્યો કે જ્યાં વર્ધમાન ધ્યાનમાં રત ઊભા હતા. અચાનક બળદો પણ ત્યાં આવી ચડયા. ગોવાળને વર્ધમાન પર બહુ ગુસ્સો આવ્યો. એને થયું—"આમને જ લીધે મારે હેરાનગતિ ભોગવવી પડી." એણે લોખંડનો એક ખીલો વર્ધમાનના કાનમાં ખોસી દીધો. અસહ્ય વેદના થતી હોવા છતાં પણ વર્ધમાન પોતાના ધ્યાનમાં લીન રહ્યા. એમના મનમાં ગોવાળ પ્રત્યે લેશમાત્ર પણ દ્વેષ ઉત્પન્ન ન થયો.

એક વાર તેઓ ફરતા-ફરતા રાઢ દેશમાં પહોંચ્યા. ત્યાંના નિવાસીઓએ એમને મારવાનું શરૂ કર્યું. એમની પર જંગલી કૂતરાઓ છોડી મૂકયા. પરંતુ વર્ધમાને મનને સહેજ પણ વિચલિત થવા ન દીધું.

સુંદરીઓએ એ તેમના મનને મોહિની લગાડવાના પ્રયત્નો કર્યા. હિંસક પશુઓએ દંતપ્રહારો કર્યા. પરંતુ મહાવીરનું મન આકાશની જેમ નિર્લેપ જ રહ્યું. એમના પર ન તો હાવભાવનો પ્રભાવ પડ્યો કે ન દન્તપ્રહારની કોઇ અસર થઇ. ન મોહની લાલિમા જણાઇ, કે ન દ્વેષની કાલિમા.

એક વખત વર્ધમાન શ્રાવસ્તી તરફ જઇ રહ્યા હતા. માર્ગમાં ચંડકૌશિક નામનો દૃષ્ટિવિષ સર્પ રહેતો હતો. લોકોએ તેમને સલાહ આપી—" ભગવાન, આપ બીજે રસ્તેથી જાઓ. એ સાપ એટલો ભયંકર છે કે એ જે તરફ જુએ છે એ તરફ ઝેરની વર્ષા થવા લાગે છે, આગની જ્વાળાઓ ઊઠવા લાગે છે. એને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લીધે તો આજુબાજુના વૃક્ષો પણ બળી ગયા છે. પક્ષીઓએ એ તરફ જવાનું છોડી દીધું છે. ચારે તરફ સ્મશાનવત્ થઇ ગયું છે. ''

વર્ધમાને વિચાર કર્યો –'શું હું સાપથી ડરી જાઉં ? જો ડરી જઇશ તો અભયની આરાધના કેમ થશે ? શું હું એની જોડે મૈત્રી ન કરી શકું ? જો આમ હોય તો વિશ્વમૈત્રીનો પાઠ કેમ શીખીશ ? ''

વર્ધમાનને પથવિચલિત થવું યોગ્ય ન લાગ્યું. તેઓ એ જ રસ્તે ગયા અને ચંડકૌશિકના દર પાસે ધ્યાન લગાવીને ઊભા રહ્યા. એમના માનસમાં વિશ્વમૈત્રીનો સમુદ્ર લહેરાઇ રહ્યો હતો. ભયાનક ફૂંફાડા મારતો સર્પ બહાર નીકળ્યો, પરંતુ વર્ધમાનને જોઇને સ્તબ્ધ થઇ ગયો. એને થયું —'મને ક્રોધી, હિંસક અને મહા ક્રૂર સમજનાર દુનિયામાં આજે વળી આ કોણ મારો અતિથિ બનીને આવેલ છે ? આ કોણ હશે કે જે મધુર સ્મિતવડે મારા પર સ્નેહ વરસાવી રહેલ છે ? ''

વર્ધમાને કહ્યું–'' સમજ, કૌશિક, સમજ !

એક જ શબ્દે વિષધરના અંતઃ પ્રવાહિત અમૃતના સ્રોતને બહિર્પ્રવાહિત કરી દીધો. વિષનું આવરણ હટી ગયું અને સર્વમૈત્રીના રૂપે અંતરાત્મા પ્રગટ થયો. ત્યારથી ચંડકૌશિક અહિંસક મહાત્મા બની ગયો.

બાર વર્ષોની કઠોર તપસ્યા અને નિરંતર સાધના પછી વૈશાખ શુકલા દશમે સદાનીરાના તીરે મહાવીરને કૈવલ્ય લાધ્યું. એમણે પરમાત્મા અવસ્થા પ્રાપ્ત કરી, જીવનના રહસ્યને જાણી લીધું. આત્મ કલ્યાણ કર્યા બાદ હવે તેમણે જગકલ્યાણ કરવા માટે પ્રસ્થાન કર્યું.

મહાવીરે જણાવ્યું ''વિશ્વમાં અશાન્તિનું મૂળ હિંસા છે. સ્વાર્થ માટે મનુષ્ય બીજાનો પ્રાણઘાત કરે છે, બીજાની બુદ્ધિની હિંસા કરે છે, બીજાનાં સામાજિક અસ્તિત્વની હિંસા કરે છે, બીજાના આત્માની હિંસા કરે છે. આ હિંસાને અટકાવવી એમાં જ આત્માનું ઉત્થાન છે. એ જ શાશ્વત ધર્મ છે. એ જ જીવનનો મૂળ મંત્ર છે.''

એમણે ઘોષિત કર્યું '' પોતાને માટે, બીજા માટે, પોતાના મિત્રો તથા સગા-સંબંધીઓ માટે કે કોઇના પણ માટે હિંસા કરવામાં આવે તો તે કલ્યાણદાયિની હોઇ ન શકે.''

ઘણા લોકો માનતા હતા કે યજ્ઞમાં પશુને હોમવાથી સુખ પ્રાપ્તિ થાય છે. મહાવીરે તેમનો વિરોધ કરતાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે હિંસાદ્વારા કદિયે સુખ મળી ન શકે. હિંસા કદિ ધર્મનું રૂપ ધારણ કરી ન શકે.

મહાવીરની અહિંસા શરીર પૂરતી જ મર્યાદિત ન હતી. તેમણે કહ્યું–બીજાના વિચારોની હિંસા પણ ન કરવી જોઇએ. જ્યારે વ્યક્તિ પોતાનો અભિપ્રાય રજૂ કરે છે ત્યારે કોઇ વિશેષ દૃષ્ટિકોણને સમક્ષ રાખતી હોય છે. આપણે તેના અભિપ્રાયને પોતાના દૃષ્ટિકોણથી પરખીએ છીએ અને એટલે એકદમ અસત્ય કહી દઇએ છીએ. પરંતુ જો તેના મંતવ્યને તેના દૃષ્ટિકોણ વડે જોઇએ તો તે અસત્ય નહીં લાગે. ભિન્નભિન્ન દૃષ્ટિકોણો વસ્તુનું એકાંગી દર્શન કરાવતા હોય છે. આપણી સમક્ષ જેટલા દૃષ્ટિકોણો હશે તેટલા આપણે વધુ સમગ્રદર્શન તરફ વળશું. એથી કોઇને ખોટા ઠરાવી એના વિચારોની હિંસા કરવાને બદલે આપણે તેના દૃષ્ટિકોણને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. જગતમાં મતમતાંતરોને લીધે જે ઝગડાઓ ચાલે છે તે એથી શાંત પડી જશે.

મહાવીરે જોયું કે બધા પ્રાણીઓમાં એક સરખો આત્મા છે. બધાના આત્મામાં અનંત શક્તિ છે, અનંત જ્ઞાન છે, અનંત સુખ છે. પરંતુ જીવ પોતાના મૂળ રૂપને ભૂલી જઇને અહીં-તહીં ભટકયા કરે છે, પોતાને દુર્બળ અને અજ્ઞાની સમજે છે. મહાવીરે કહ્યું ''પોતાના આત્માને ઓળખો. એને જાણ્યા પછી જ તમે દુનિયાનાં દુઃખોથી મુકિત મેળવી શકશો. ''

મહાવીર સ્વાવલંબી હતા, સ્વાવલંબનના હિમાયતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતા. એમનું માનવું હતું કે જીવ પોતાનાં સુખ–દુઃખ માટે પોતે જ જવાબદાર છે. તે જેવું કરે છે તેવું ભોગવે છે. એ કોઇ બીજાને આધીન નથી. એ પોતે જ પોતાનો મિત્ર છે, પોતે જ પોતાનો શત્રુ છે. એ પોતે જ પોતાને માટે કામધેનુ છે, નંદનવન છે, વૈતરણી નદી છે અને કૂટ શાલ્મલી વૃક્ષ છે. એમણે ભારપૂર્વક કહ્યું છે " મનુષ્યો ! તમે જ તમારા મિત્ર હિતકર્તા છો, પોતાની બહાર મિત્રને શા માટે શોધો છો ? " તેઓ નહોતા ઇચ્છતા કે કોઇ કોઇ અન્યપર આશ્રિત રહે.

એમણે કહ્યું ધર્મનો સંબંધ આત્મા જોડે છે. આ ક્ષેત્રમાં વિકાસ કરવાનો સૌને સમાન અધિકાર છે. બ્રાહ્મણ હોય કે શૂદ્ર, સ્ત્રી હોય કે પુરુષ, આત્મવિકાસનાં દ્વારો બધાં માટે ખુલ્લાં છે. બધાં જ વિકાસ સાધીને પરમપદ પ્રાપ્ત કરી શકે છે. આમ તેમણે સામાજિક વિષમતાઓને દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

વ્યક્તિએ કોઇ વ્યક્તિ, સમાજ કે દૈવી શક્તિનો ભય ન રાખવો ઘટે. પ્રત્યેક મનુષ્યે પોતાની જવાબદારીઓ પોતે જ સમજવી જોઇએ અને એ રીતે નિર્ભય બનીને રહેવું જોઇએ. " આપણે કોઇને માટે ભયરૂપ ન બનીએ, કોઇ આપણે માટે ભયરૂપ ન બને. આપણે સૌના મિત્ર હોઇએ, સૌ આપણા મિત્ર હોય. આપણે કોઇ પર આશ્રિત ન રહીએ, કોઇ આપણા પર આધારિત ન રહે. " –આજ મહાવીરના સિદ્ધાન્તનો સાર છે.

ત્રીસ વર્ષો સુધી જનતાને અભય તથા સ્વાધીનતાનો સંદેશ આપીને પોતાના જીવન દ્વારા એનું દૃષ્ટાંત ઉપસ્થિત કરીને ૭૨ વર્ષની ઉંમરે વિ. સં. પહેલાં ૪૭૦માં વર્ષની દિવાળીને દિવસે મહાવીરે નિર્વાણ પ્રાપ્ત કર્યું.

એમનું ભૌતિક શરીર તો ન રહ્યું પરંતુ એ મહાજ્યોતિનાં કિરણો આજે પણ ચોતરફ વિસ્તરી રહ્યાં છે. આજે પણ અંધકારમાં અથડાતી માનવતાને પ્રકાશ દેખાડી રહ્યા છે, માર્ગપ્રદર્શન કરી રહ્યાં છે.

એ દિવ્યજ્યોતિના ચરણોમાં શત શત વંદન હજો.

અનુવાદક : પ્રતિભા ભટ્ટ એમ. એ.

(શ્રમણ એપ્રિલ ૧૯૫૪માંથી સાભાર)

ભારતની જનતાની સેવામાં
અમારી ઉત્તમ બનાવટો
લોખંડના ગોળ અને
ચોરસ સળીયા, પટ્ટી,
પાટા વિ.

રોલીંગ મીલમાં ઉપયોગી થાય તેવો ભંગાર જેવો કે ગાડાના તૂટેલા જૂના ધરા, પાકો માલ તથા પ્લેટના ટુકડા છ આની ઉપરની જાડાઇના બે ફુટ ઉપરની લંબાઇના અમો ખરીદ કરીએ છીએ.
ભાવ તથા માલની વિગત લખો.

ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ : રૂવાપરી રોડ, ભાવનગર.

ઘર : C/o ૪૧૫૯
ફોન નં. : ૩૨૧૯ ] આઝાદી અમર રહો. [ ગ્રામ : IRONMAN



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## ૭૨ વર્ષથી સુપ્રસિદ્ધ અને જૈન માલિકી ધરાવતી:

૧૧૦૦ આયુર્વેદીય ઔષધો નિર્માણ કરનાર ગુજરાતની એકમાત્ર સંસ્થા

# ઊંઝા ફાર્મસી - ઊંઝા

નાં કેટલાંક લોકપ્રિય ઔષધો

## સુંદરી સંજીવની

સ્ત્રીઓની અશક્તિ કમર, પીઠ, માથું દુખવું, નબળાઇ તથા સુવાવડના રોગો વગેરેમાં ઉપયોગી છે શક્તિ આપે છે. અને તંદુરસ્ત રાખે છે.

બા. ૧ ના રૂા. ૨-૫૦
૪૫૦ મી. લી. રૂા. ૭-૦૦

## અમીરી જીવન

લીલા આમળામાંથી બનાવેલ આ સ્વાદિષ્ટ ચાટણ છે. જેમાં કેલ્શીયમ, વીટામીન વગેરે તત્વો આવે છે. જે શરીરની ક્ષીણતા, થકાવટ દૂર કરી નવશક્તિ અર્પે છે.

૪૫૦ ગ્રામ રૂા. ૭-૫૦
૧૧૦ ગ્રામ રૂા. ૨-૨૫

ઝાડા તથા મરડા માટે

## એન્ટીડીસેન્ટ્રોલ

અજોડ છે. ગમે તેટલા ઝાડા થતા હોય તુરત કાબુમાં લાવે છે.

બા. ૧ ના રૂા. ૧-૨૫

બાળકો માટે

## શિશુ સંજીવની

બાળકોના તાવ, ઝાડા, દૂધનું પાચન ન થવું, લીવરના રોગ અને અશક્તિ દૂર કરે છે.
નિયમિત આપવાથી બાળકો રૂષ્ટપુષ્ટ બને છે.

બા. ૧ ના રૂા. ૦-૫૦
૧૧૦ મી. લી. બા. રૂા. ૧-૨૫

યાદ શક્તિ માટે

## સારપ શંખ પુષ્પી

મગજથી કાર્ય કરનાર વિદ્યાર્થીઓ, શિક્ષકો, વકીલો, કારકુનો, ઓફીસરો વગેરે માટે ઉત્તમ છે.

બા. ૧ ના રૂા. ૧-૫૦, ૩૦૦ મી.લી. ૪-૦૦

**દરેક જગ્યાએ દવાવાળાને ત્યાં મળશે.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ અને વિજ્ઞાન



લેખક (હિંદીમાં): **આચાર્ય રજનીશ**

આજે મનુષ્ય માર્ગ ભૂલી ગયો છે તેમ હું સાંભળું છું. આ સત્ય છે. મનુષ્યનો માર્ગ તે દિવસે જ ખોવાઇ ગયો કે જે દિવસે તેણે પોતાની જાતની શોધ કરવાને બદલે બીજી અનેક શોધોને તેથી વધારે કિંમતી માની લીધી. મનુષ્યને માટે સર્વથી અધિક મહત્ત્વપૂર્ણ અને સાર્થક વસ્તુ મનુષ્ય સિવાય બીજી કોઇ જ નથી. મનુષ્યની પહેલી શોધ તે પોતે જ હોઇ શકે. પોતાની જાતને જાણ્યા વગર તેનું બીજું બધું જ્ઞાન અંતે ઘાતક જ નીવડશે.

અજ્ઞાનીઓના હાથોમાં કોઇપણ જ્ઞાન સર્જનાત્મક બની શકતું નથી. અને જ્ઞાનીઓના હાથોમાં અજ્ઞાન પણ સર્જનાત્મક બની જાય છે.

મનુષ્ય જો પોતાને જાણે અને જીતી શકે તો તેની બાકીની બધી જીતો તેની અને તેના જીવનની સહયોગી થશે, અન્યથા તે પોતાને જ હાથે પોતાની કબરને માટેનો ખાડો ખોદશે.

આપણે આવો જ ખાડો ખોદવામાં મગ્ન છીએ. આપણો જ શ્રમ આપણું મૃત્યુ બનીને સામે ઉભું રહી ગયું છે. પ્રાચીન સભ્યતાઓ બહારના સંકટો અને આક્રમણોથી નષ્ટ થઈ હતી. આપણી સભ્યતા ઉપર બહારનું નહિ પણ અંદરનું સંકટ છે. વીસમી સદીનો સમાજ જો નષ્ટ થશે તો તેને આપણે આત્મઘાત જ કહેવો પડશે અને તે આપણે જ કહેવો પડશે કારણ પછી તો તે કહેવા માટે કોઇપણ બચવા પામશે નહિ.

આ સંભવિત યુદ્ધ ઇતિહાસમાં ક્યારેય પણ લખાશે નહિ, આ ઘટના ઇતિહાસની બહાર જ આકાર લેશે. કારણકે તેમાં તો સમસ્ત માનવતાનો અંત થશે. પહેલાંના લોકોએ ઇતિહાસ બનાવ્યો. આપણે ઇતિહાસનો નાશ કરવા માટે તૈયાર છીએ અને આ આત્મઘાતી સંભાવનાનું કારણ એક જ છે– તે છે મનુષ્યનું મનુષ્યનેજ સારી રીતે ન જાણવું તે.

પદાર્થની અનંત શક્તિથી આપણે પરિચિત છીએ. પરિચિત જ નહીં તેના આપણે વિજેતા પણ છીએ. પરંતુ માનવીય હૃદયના ઊંડાણોનો આપણને કોઇ ખ્યાલ નથી. તે ઊંડાણોમાં રહેલા વિષ અને અમૃતનું પણ આપણને કોઇ જ્ઞાન નથી.

પદાર્થ–અણુને આપણે જાણીએ છીએ પરંતુ આત્મા-અણુને નહીં, આ આપણી મુશ્કેલી છે. આવી શક્તિ તો આપણી પાસે આવી ગઇ છે, પરંતુ શાંતિ અને સંબોધિ નહીં. અને અશાંત અને અપ્રબુદ્ધ હાથોમાં આવી ચડેલી શક્તિથી જ બધો ઉપદ્રવ છે. અશાંત અને અપ્રબુદ્ધનું શક્તિહીન હોવું તે શુભ છે. શક્તિ હંમેશા શુભ જ હોતી નથી. શુભ હાથોમાં જ તે શુભ બને છે.

આપણે શક્તિની જ શોધ કરતા રહ્યા, તેજ આપણી ભૂલ થઇ. આપણી જ શોધોનો આપણને ભય છે. આખાયે વિશ્વના વિચારકો અને વૈજ્ઞાનિકોએ આગળ યાદ રાખવું જોઇશે કે તેમની શોધ માત્ર શક્તિને માટે જ ન હોય. આ પ્રકારની આંધળી શોધે જ આપણને આ અંત ઉપર લાવી દીધા છે.

શક્તિ નહિ, શાંતિ આપણું લક્ષ્ય બને. સ્વભાવતઃ જો શાંતિ લક્ષ્ય થશે તો, શોધનું કેન્દ્ર પ્રકૃતિ નહિ, મનુષ્ય થશે. જડની ઘણી જ ખોજ અને શોધ થઇ, હવે મનુષ્યના મનનું અન્વેષણ કરવું પડશે. વિજયની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પતાકાઓ પદાર્થ ઉપર નહિ પરંતુ પોતાની ઉપર ખોડવી પડશે.

**ભવિષ્યનું** વિજ્ઞાન પદાર્થનું નહિ, મૂળ રીતે મનુષ્યનું જ વિજ્ઞાન હશે. આ પરિવર્તન થાય તે માટે સમય આવી ગયો છે. હવે આ દિશામાં વધારે ઢીલ કરવી ઠીક નથી. કંઈ એવું ન થાય કે આગળ કંઈ કરવાનો સમય જ બાકી ન રહે.

જડની શોધમાં જે વૈજ્ઞાનિકો હજી પણ લાગેલા છે, તેઓ પુરાણા છે અને તેમનાં મસ્તક વિજ્ઞાનના પ્રકાશથી નહીં પરતુ પરંપરા અને રૂઢિના અંધકારમાંજ ડૂબેલા કહી શકાય. જેમને થોડું પણ જ્ઞાન છે અને જાગૃતિ છે તેમની શોધની દિશા તદ્દન બદલાવી જોઇએ. આપણી બધી શોધ જો મનુષ્યને જાણવા માટે લગાડવામાં આવે તો એવું કોઇપણ કારણ નથી કે જે શકિત પદાર્થ અને પ્રકૃતિને જાણવામાં અને જીતવામાં આટલી અભૂતપૂર્વ રીતે સફળ થઇ હતી તે મનુષ્યને જાણવામાં સફળ ન થઈ શકે. ચોક્કસ, મનુષ્યને પણ જાણી અને જીતી શકાય છે અને તેનામાં પરિવર્તન પણ લાવી શકાય છે.

હું નિરાશ થવાનું કોઇ પણ કારણ જોતો નથી. આપણે આપણને પોતાને જાણી શકીએ છીએ અને આપણા પોતાના જ્ઞાન ઉપર આપણા જીવન અને અન્તઃકરણના તદ્દન નવા આધાર આપણે રચી શકીએ છીએ. એક તદ્દન જ નૂતન મનુષ્યને આપણે જન્મ આપી શકીએ છીએ. ભૂતકાળમાં જૂદા જૂદા ધર્મોએ આ દિશામાં ઘણું કામ કર્યું છે, પરંતુ તે કાર્ય તેની પૂર્ણતા અને સમગ્રતા માટે વિજ્ઞાનની પ્રતીક્ષા કરી રહ્યું છે. ધર્મોએ જેનો પ્રારંભ કર્યો છે, વિજ્ઞાન તેને પૂર્ણતા સુધી લઈ જઇ શકે છે. અને ધર્મોએ જેનાં બી વાવ્યાં છે, તેનો પાક વિજ્ઞાન લણી શકે છે.

પદાર્થના સંબંધમાં વિજ્ઞાન અને ધર્મના રસ્તા વિરોધમાં પડી ગયા હતા. તેનું કારણ જૂની પેઢીના ધાર્મિક લોકો હતા. સાચી રીતે તો ધર્મ પદાર્થના સંબંધમાં કંઈ પણ કહેવા માટે હકદાર ન હતો, તે તેની શોધની દિશા જ ન હતી. આ સંઘર્ષમાં વિજ્ઞાન વિજયી થઇ ગયું. આ સારૂં થયું. પરંતુ તે વિજયથી એમ ન સમજવું જોઇએ કે ધર્મની પાસે કંઈક કહેવાનું છે, અને અત્યંત બહુમૂલ્ય કહેવાનું છે. ચેતનાનાં રહસ્યો ઉપરાંત ધર્મની પાસે બહુમૂલ્ય સંપત્તિ છે અને જો તે સંપત્તિથી લાભ ઉઠાવવામાં નહિ આવે તો તેનું કારણ રૂઢિગ્રસ્ત અને પુરાણપંથી વૈજ્ઞાનિકો જ હશે. એક દિવસ એક દિશામાં ધર્મ વિજ્ઞાનની સામે હારી ગયો હતો, હવે સમય છે કે બીજી દિશામાં તેને વિજય મળે અને ધર્મ અને વિજ્ઞાન સમ્મિલિત બને. તેમની સંયુક્ત સાધના જ મનુષ્યને તેના પોતાના હાથોથી તેને પોતાને બચાવવામાં સમર્થ થઇ શકે છે.

પદાર્થને જાણીને જે મળ્યું છે તે, આત્મજ્ઞાનથી જે મળશે, તેના મુકાબલે કંઇપણ નથી. ધર્મોએ આ સંભાવના ઘણા થોડા લોકો માટે ખોલી છે. વૈજ્ઞાનિક થઇને આ દ્વાર સૌને માટે ખુલ્લા કરી શકાશે. ધર્મ વિજ્ઞાન બને અને વિજ્ઞાન ધર્મ બને, એમાં જ મનુષ્યનું ભવિષ્ય અને હિત છે.

માનવીય ચિત્તમાં અનંત શક્તિઓ છે અને જેટલો તેમનો વિકાસ થયો છે તેનાથી ઘણી જ વધારે વિકાસની સુષુપ્ત સંભાવનાઓ છે. આ શક્તિઓની અવ્યવસ્થા અને અરાજકતા જ આપણા દુઃખનું કારણ છે. અને જ્યારે વ્યષ્ટિચિત્ત અવ્યવસ્થિત અને અરાજક થાય છે ત્યારે અરાજકતા સમષ્ટિચિત્ત સુધી પહોંચતા પહોંચતા સ્વાભાવિક રીતે જ અનંતગુણ બની જાય છે. સમાજ વ્યક્તિઓના સમૂહફલની ઉપરાંત બીજું કંઇ જ નથી. તે આપણા અંતર-સંબંધોનોજ ફેલાવો છે. વ્યક્તિજ ફેલાવો પામીને સમાજ બને છે. તેથી આપણે યાદ રાખવું જોઇએ કે જે વ્યક્તિમાં બને છે તેનું જ વિરાટ રૂપ સમાજમાં પ્રતિધ્વનિત થશે. બધાં યુદ્ધો મનુષ્યના મનમાં જ લડાયાં છે અને બધીજ વિકૃતિઓનો મૂળ પાયો ત્યાંજ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**સમાજને બદલવો હશે તો મનુષ્યને બદલવો** પડશે. અને સમષ્ટિના નવા આધાર સ્થાપિત કરવા હશે તો વ્યક્તિને નવું જીવન આપવું જોઇશે.

મેં કહ્યું. છે કે મનુષ્યની અંદર વિષ અને અમૃત બંને છે. શક્તિઓની અરાજકતાજ વિષ છે અને શક્તિઓનો સંયમ, સામંજસ્ય અને સંગીત જ અમૃત છે.

જીવન જે રીતે સૌન્દર્યમય અને સંગીત બની જાય તેનેજ હું યોગ કહું છું.

જે વિચાર, જે ભાવ અને જે કર્મ મારા અન્તઃસંગીતથી વિપરિત હોય તેજ પાપ છે અને જે તેને ઉત્પન્ન કરે છે અને સમૃદ્ધ કરે છે તેનેજ હુ પુણ્ય માનું છું. ચિત્તની તે અવસ્થા, જ્યાં સંગીત શૂન્ય બને અને બધા સ્વરો પૂર્ણ અરાજક બને તે નર્ક છે અને જ્યાં સંગીતપૂર્ણ હોય તે અવસ્થા સ્વર્ગ છે.

અંદર જ્યારે સંગીત પૂર્ણ બને છે ત્યારે ઉપરથી પૂર્ણનું સંગીત અવતરિત થાય છે. વ્યક્તિ જ્યારે સંગીત બની જાય છે ત્યારે સમસ્ત વિશ્વનું સંગીત તેની તરફ પ્રવાહિત થવા લાગે છે.

સંગીતથી ભરાઇ જશો તો સંગીત આકૃષ્ટ થશે. વિસંગીત વિસંગીતનેજ બોલાવશે અને આમંત્રણ આપશે. આપણામાં જે હોય છે તેજ આપણામાં આવે છે. આપણે જે છીએ તેનીજ સંગ્રાહકતા અને સંવેદનશીલતા આપણામાં હોય છે.

જે વ્યક્તિના અંતર્જીવનને સ્વાસ્થ્ય અને સંગીત આપી શકે, અને જે કોઇ બીજા પરમેશ્વરના રાજ્ય માટે નહીં પરંતુ આ જ જગત અને પૃથ્વીને માટે હોય તેવા વિજ્ઞાનની આપણે રચના કરવાની છે.

આ જીવન જો સારૂં હોય તો કોઈ બીજા જીવનની ચિંતા અનાવશ્યક છે. તે સારૂં ન હોય તોજ પરલોકની ચિંતા કરવી પડે. જે આ જીવનને સુંદર રૂપ આપવામાં સફળ બને છે તે અનાયાસે જ સમસ્ત ભાવી જીવનોને સુદૃઢ અને શુભ આધાર આપવામાં પણ સમર્થ બને છે. વાસ્તવિક રીતે ધર્મનો કોઈ સંબંધ પરલોક સાથે નથી. પરલોક તો આ લોકનુંજ પરિણામ છે.

ધર્મોને પરલોકની ચિંતા હોવી તે અત્યંત ઘાતક અને હાનિકર બન્યું છે. તેનેજ કારણે આપણે આ ધરાને શુભ અને સુંદર બનાવી શકયા નહીં. ધર્મ પરલોક માટે રહ્યો અને વિજ્ઞાન પદાર્થ માટે, આ રીતે મનુષ્ય અને તેનું જીવન ઉપેક્ષિત બની ગયું. પરલોક ઉપર શાસ્ત્ર અને દર્શન રચાયાં અને પદાર્થની શક્તિઓ ઉપર વિજય હાંસલ થયો. પરંતુ જે મનુષ્યને માટે આ બધું હતું, તેને આપણે ભૂલી ગયા. હવે મનુષ્યને સર્વ પ્રથમ રાખવો જોઇશે. વિજ્ઞાન અને ધર્મ બંનેનું કેન્દ્ર મનુષ્ય બનવો જોઇએ. આ માટે એ જરૂરી છે કે વિજ્ઞાન પદાર્થનો મોહ છોડે અને ધર્મ પરલોકનો. તે બંનેનો આ મોહ ત્યાગજ તેમના સમ્મેલનની ભૂમિ બની શકશે.

ધર્મ અને વિજ્ઞાનનું મિલન અને સહયોગ મનુષ્યના ઇતિહાસમાં સૌથી મોટી ઘટના થશે. તેનાથી ખૂબજ સર્જનાત્મક શક્તિનો જન્મ થશે. હવે તે સમન્વયજ સુરક્ષા આપી શકશે, તેના સિવાય બીજો કોઈ માર્ગ નથી. તેમનાં મિલનથી પહેલી વખત મનુષ્યના વિજ્ઞાનની ઉત્પત્તિ થશે અને મનુષ્યના વિજ્ઞાનમાંજ હવે મનુષ્યનું જીવન અને ભવિષ્ય છે.

અનુવાદક : ડૉ. બાલકૃષ્ણ ધ્રુવ.

( શ્રમણ : વર્ષ ૧૭ અંક ૫ માંથી સાભાર )

અભિમાનને લીધે, ક્રોધને લીધે, બેદરકારી અથવા વિષયો તરફના પોતાના વલણને લીધે, કોઢ જેવા ભયંકર રોગો થવાને લીધે અને આળસને લીધે મનુષ્ય સાચી વિદ્યા મેળવી શકતો નથી.

–ભ. મહાવીર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાજ સુધારક ભગવાન મહાવીર

આચાર્ય: જિતેન્દ્ર જેટલી.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

શ્રીમદ્ ભગવદ્ગીતાના ઉપરના બે શ્લોકોનો અંદરનો અર્થ એ જ છે કે "જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મનો ઉદય થતો જાય છે ત્યારે ત્યારે હું પોતાને ઉત્પન્ન કરું છું." અર્થાત્ અધર્મ જ્યારે ખૂબ જ વધી જાય ત્યારે ઇશ્વરના અંશ જેવી વિભૂતિઓનો જન્મ આ સંસારમાં અફર થાય છે. આમ શા માટે થાય છે એનું કારણ પણ બીજા શ્લોકમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે "સજ્જન પુરુષોના રક્ષણ માટે તથા દુષ્કૃત્ય કરનારાઓના વિનાશ માટે તેમ જ ધર્મના સંસ્થાપન માટે પ્રત્યેક યુગે જન્મ લઉં છું" અર્થાત અધર્મનો ખૂબજ અભ્યુદય થાય એ સમયે પણ કેટલાએક સજ્જન પુરુષો આ સંસારમાં હોય છે જ. દુષ્ટ માણસો એમને વધારે ત્રાસ આપતા હોય છે, કારણ કે આવો સમય દુર્જનોની બોલબાલાનો હોય છે. પરંતુ આ બોલબાલા લાંબો સમય ચાલી શકે નહિ. આખરે આ બધા દુર્જનોનાં દુષ્કૃત્યોના પરિણામરૂપે તથા સજ્જનોનાં પુણ્યકર્મના પરિણામરૂપે ઇશ્વરીય વિભૂતિનો જન્મ આ સંસારમાં થાય છે. આવી વિભૂતિઓ જ તે તે પ્રદેશમાં ધર્મની પુનઃસંસ્થાપના કરતા હોય છે; એટલે કે ધર્મને નામે જો અધર્મ વધતાં જાય તો એને દૂર કરી સાચા ધર્મની સંસ્થાપના કરતી જતી હોય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના ઉપરના બે શ્લોકોની બાબત માત્ર આપણા દેશ માટે નહિ પરંતુ સમગ્ર વિશ્વ માટે લાગુ પડે છે. આવી ઇશ્વરના અંશ જેવી વિભૂતિઓને કારણે જગતમાં ધર્મ ટકી રહ્યો છે. આપણો પણ એ અનુભવ છે કે આખા વિશ્વમાં પ્રત્યેક પ્રદેશમાં જુદા જુદા પ્રકારે સંતપુરુષો થતા આવ્યા છે. આવા સંતપુરુષો માત્ર પોતાના ઉપદેશથી નહિ પણ પોતાની મૈત્રીપૂર્ણ છતાં અભય અને સાચી વર્તણૂંકથી તે તે પ્રદેશની પ્રજાને સાચે માર્ગે દોરતા હોય છે. ધાર્મિક વિશ્વમાં આપણે એમને ભગવાન એટલે કે તેજસ્વી વિભૂતિ–સમાજને સાચે રસ્તે દોરનાર વિભૂતિ કહીએ છીએ. સામાજિક રીતે જોઇએ તો આ જ વિભૂતિઓ એ સમાજ સુધારણા કરતી હોઈ સમાજ સુધારક–સાચા અર્થમાં સમાજ–સુધારક છે.

ભગવાન મહાવીરને પણ આવા એક સમાજ સુધારક ગણી શકીએ. આ સમજવા માટે આપણે એમના સમયના સમાજમાં પ્રવર્તતી સ્થિતિનો ખ્યાલ કરીએ. ઇ. પૂ.ની છઠ્ઠી શતાબ્દીના સમયમાં આપણા દેશમાં સર્વત્ર ધર્મના પ્રચારને કારણે અનેક ધાર્મિક ગણાતા એવા વાદોનો ફેલાવો હતો. આ બધા વાદો ધર્મને નામે જ ચાલતા. ધર્મને નામે ચાલતા આવા વાદોનું પરિણામ એ આવ્યું કે બુદ્ધિશાળી વર્ગ પણ પોતાનો સમય ખોટા વાદવિવાદ તથા ઝઘડામાં વીતાવતો. ધર્મને નામે ખોટી પશુહિંસા તથા યજ્ઞયાગમાં પણ અનેક પ્રકારની હિંસાનું આચરણ વધી ગયું. આ બધા વાદો પોતપોતાની રીતે ધર્મનો અર્થ પોતાને પક્ષે ઠરાવી અનેક પ્રકારનાં ખોટાં આચરણોનો ઉપદેશ આપી તથા લોકોમાં ગેરસમજ ફેલાવી દુષ્કૃત્યો કરાવતા.

આવી પરિસ્થિતિમાં ભગવાન મહાવીરનો જન્મ થયો. તેઓ બરાબર સમજણમાં આવ્યા ત્યારથી જ એમને સમજાયું કે ધર્મને નામે ચાલતા આ બધા વાદવિવાદો ખોટા છે. એમણે આવા ખોટા વાદવિવાદો શા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કારણે ચાલ્યા કરે છે, એવી આંતરખોજ કરી. અને શોધી કાઢયું કે આ બધાએ વાદોનું મૂળકારણ આવા વાદોનો ફેલાવો કરનારની બીજા વાદો વિશેની ગેરસમજ છે. પ્રત્યેક વાદી પોતે જે કહે છે અને કરે છે એ જ પરમ સત્ય છે એમ માને છે. બીજા વાદોમાં ગમે એટલો સત્યનો અંશ હોય તો પણ એને સત્યના અંશ તરીકે સ્વીકારવા તૈયાર નથી. આમ પોતે જ સાચો છે અને અન્ય ખોટા છે એવી મમત તથા એવા દુરાગ્રહથી ભલે અમુક અંશમાં પોતે સાચા હોય તો પણ તકરાર વધે છે. આ પ્રકારની તકરાર જ્યાં જાઓ ત્યાં જોવા મળતી. કોઇ કોઈની સાચી વાત માનવા તૈયાર જ નહોતું.

ભગવાન મહાવીરે ઉપર જણાવ્યું તેમ આ તકરારોના અને ઝઘડાઓના મૂળ-કારણરૂપે લોકોની પારસ્પરિક ગેરસમજને શોધી કાઢી. આ ગેરસમજનું કારણ પણ માણસના અજ્ઞાન અને મોહને કારણે પોતે જ સાચો છે એવી ખોટી દુરાગ્રહશીલતા પણ શોધી કાઢી. આવા નજીવા કારણસર આ સંસારમાં નાહકના અનેક ઝઘડા તથા મોટી તકરારો ચાલ્યા કરે છે એ જોઈને સંત પુરુષ ભગવાન મહાવીરનું હૃદય પણ ખૂબજ દુઃખિત થતું. એટલે એમના ઉપદેશ દ્વારા આ મૂળ કારણો જ દૂર કરવાનો પ્રયત્ન કર્યો. એટલે આવા ખોટા વાદો ચલાવનારા સૌને ખૂબ જ પ્રેમથી ઉપદેશ આપ્યો કે "તમે બધાયે સાચા છો. તમારી કોઇની વાત ખોટી નથી, પરંતુ તમારા ઝઘડાનું અને તકરારનું મૂળ તમે એકલા જ સાચા છો અને બીજા બધા ખોટા છે એમાં રહેલું છે. બીજો જે કહે છે એને તમારા જ દૃષ્ટિબિંદુથી નહિ પણ એના દૃષ્ટિબિંદુથી તો વિચારી જુઓ? તમને જરૂર જણાશે કે એ પણ તમે ધારો છો એવો ખોટો નથી. તમે એને પૂરેપૂરો સમજ્યા વિના જ આ તકરાર ચલાવો છો." આ પ્રકારનો ઉપદેશ એમણે પ્રત્યેક વાદ ફેલાવનારાઓને આપ્યો અને પોતાની કુશાગ્ર બુદ્ધિ તથા ન્યાયીપણાથી તેને વાદ કરનારાઓને બતાવી આપ્યું કે એ કેટલા અંશમાં સાચો છે અને કેટલા અંશમાં ખોટો છે. સાથે જ એ પણ બતાવી આપ્યું કે બીજા વાદો પણ કેટલા અંશમાં સાચા છે અને કેટલા અંશમાં ખોટા છે.

આ રીતે ભગવાન મહાવીરે પોતાની પ્રેમમયી વાણીથી સમાજમાં પ્રવર્તતી અનેક ગેરસમજો દૂર કરી. એમણે એક મોટું સત્ય સમજાવ્યું કે કોઇ પણ વ્યક્તિ સંપૂર્ણ રીતે ખોટી નથી તેમ જ સંપૂર્ણ રીતે સાચી નથી. સત્યના અનેક પાસા હોય છે. આમાંથી કોઇએક પાસાને પકડી એને જ સંપૂર્ણ અને છેવટનું સત્ય માની લેવાથી જ આવું માનનાર ખોટે રસ્તે દોરવાય છે તથા બીજા સાથે પણ એ વિશે તકરાર કરે છે. ખરું જોતાં આપણે સામૂહિક રીતે કે વ્યક્તિગત રીતે તપાસીશું તો જણાશે કે આખા વિશ્વમાં જે અનેક પ્રકારના ઝઘડાઓ અને વિસંવાદો ચાલી રહ્યા છે એનું મૂળ કારણ જ સમાજની તથા વ્યક્તિની પરસ્પરની ગેરસમજ છે. આ ગેરસમજ દૂર કરવાના ઉપાયરૂપે જ ભગવાને અનેકાન્તવાદનો ઉપદેશ કર્યો.

એમણે પ્રત્યેક સમાજને અને વ્યક્તિને જણાવ્યું કે "વિશ્વમાં કોઈ વ્યક્તિ કે સમાજ સંપૂર્ણ સત્ય એકદમ વિચારી શકે નહિ. તેમ જ એ સંપૂર્ણ ખોટો છે એમ પણ કહી શકાય નહિ." પરિસ્થિતિ આમ હોઈ દરેક વ્યક્તિએ કે સમૂહે પોતે જે માને છે એ જ પરમ સત્ય છે અને સંપૂર્ણ સત્ય છે એમ માનવા કરતાં બીજી વ્યક્તિ કે સમાજ જે રીતે વિચાર કરે છે એમાં પણ કંઇક સત્યનો અંશ રહેલો છે એ પણ જોવું. જ્ઞાન વિષયક અહંકારથી પણ સાચી વ્યક્તિ યા સમાજના સત્યના અંશનો સ્વીકાર ન કરવો એના જેવું બીજું અજ્ઞાન પણ નથી. આમ પરસ્પરના દૃષ્ટિબિંદુને સમજવાનો પ્રામાણિક પ્રયત્ન કરવામાં આવે તો સંસારના અનેક ઝગડાઓ મટી જાય. ભગવાન મહાવીરે અનેકાંતના ઉપદેશ દ્વારા અને અનેકાંતની સમજણ દ્વારા સમાજમાં જે અનેક પ્રકારના ધર્મ વિષયક તથા બીજા પણ ઝઘડાઓ ચાલી રહ્યા હતા તે દૂર કરવાનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગીરથ પ્રયત્ન કર્યો અને એમના સમયમાં તેઓ ઘણે અંશે સફળ પણ થયા.

એમણે એમના ઉપદેશો અમૃતમયી અને પ્રેમમયી વાણીમાં જ કર્યાં છે. પરમ અહિંસક એવા ભગવાને કોઇને પણ તમે ખોટા છો કે સમજતા નથી એમ ન કહ્યું પણ માત્ર એટલું જ સમજાવ્યું કે જરા બીજાની વાત તો વિચારો. અલબત્ત તમે સાચા છો-પરંતુ બીજા પણ ખોટા નથી. આનું નામ જ અનેકાન્તવાદ છે. અનેકાન્તવાદનો અર્થ જ એ છે કે પોતે પોતાના દૃષ્ટિ-બિંદુથી જે બાબતને અંતિમ સત્ય તરીકે માની લીધી છે એને અંતિમ સત્ય માની કોઈ સાથે ઝઘડો ન કરતા બીજાની વાતને પણ એ જે દૃષ્ટિબિંદુથી સાચી વિચારતા હોય એ દૃષ્ટિબિંદુથી વિચારવી, પોતાના દૃષ્ટિબિંદુથી કોઇ પણ વ્યક્તિ કે સમાજ પોતે જ સાચો છે અને બીજા ખોટા છે એવી જે વિચારણા એ એકાન્તિક વિચારણા છે. પરંતુ પોતપોતાના દૃષ્ટિબિંદુથી બીજા પણ સાચા હોઇ શકે છે એવી વિચારણા ચલાવવી અને એ રીતે જોતાં શીખવું એ અનેકાન્તની રીત છે. જો વ્યક્તિ કે સમાજ પારસ્પરિક વિચારણાઓમાં કે મતભેદના મુદ્દાઓમાં આ રીતે વિચારતી થાય તો આ જગતમાં જે અનેક ગેરસમજથી ચાલતી તકરારો-શું વ્યક્તિની કે શું સમૂહની, આ સમાજની-એ સ્હેજે દૂર થઇ જાય. આ હેતુથી સમાજમાં અને વ્યકિતઓમાં ચાલતી ગેરસમજથી ઊભી થએલ અનેક તકરારોને દૂર કરવાનો સાદો તથા રામબાણ જેવોજ સચોટ ઉપાય દર્શાવી ભગવાને પોતાના સમયનો પોતાને ધાર્મિક ગણાવતો છતાં સાચા ધર્મનું પાલન નહિ કરતા એવા સમાજને સાચી સમજ અને વિચારવાની રીત શીખવાડી. એ રીતે અનેક ઝઘડાઓનું મૂળ દૂર કરાવી સાચી સમાજ સુધારણા કરવાનું શ્રેય ભગવાન મહાવીરને જાય છે.

આજે પણ ભગવાન મહાવીરે દર્શાવેલ આ ઉપાયનો ઉપયોગ કરવામાં આવે તો રાજકીય નેતાઓ અને સામાજિક નેતાઓ પણ પરસ્પરના ઝઘડાનો અંત લાવી પોતે પોતાને જ નહિ પણ જેમના ઉપર એમનું વર્ચસ્વ ચાલે છે એવા સમૂહને પણ સાચા માર્ગે દોરી શકે છે. વિશ્વમાં ચાલતા વિસંવાદ તથા પારસ્પરિક ઝઘડાઓનું મૂળ કારણ પરસ્પરની ગેરસમજ છે અને એ દૂર કરવા માટે પોતાનાજ નહિ પણ તે તે બાબતનો સામાના દૃષ્ટિબિંદુથી વિચાર કરવો એનું નામજ અનેકાંતવાદ છે. આ અનેકાન્તવાદ પ્રમાણે બરાબર સમજીને ચાલવાથી દૈનંદિન જીવનમાં પણ આપણા અનેક ઝઘડાઓનો તથા આપણી અનેક સમસ્યાઓનો ઉકેલ અત્યન્ત સરલ થઈ જાય છે. આપણે ભગવાન મહાવીરના આ અનેકાન્તવાદને પચાવીએ અને આપણા વ્યકિતગત તેમજ સામૂહિક જીવનના આપણા ઝઘડાઓ દૂર કરીએ એજ ભાવના.

ભલો કરીંધે ભલો થિયે, ભુછો કરીંધે ભુછો,
પંથ આય ઇ પાધરો, મુંકે કુલા પુછો.

ભલું કરશો તો ભલું થશે અને બૂરું કરશો તો બૂરું થશે આ પંથ તો પાધરો છે. એમાં તમે મને શા માટે પૂછો છો?

હિકડા હલેઆ બ્યા હલંધા, ત્રેયા ભરે વિઠાભાર,
મેંકો ચેતો ગાડુઆ, પાં પણ તેંજી લાર.

એક હાલ્યા, બીજા હમણાં હાલશે; ત્રીજા ઉચાળા ભરી રહ્યા છે.
મે'કણ કહે છે કે, ભાઇ! ચેતો, આપણે એમની જ હારમાં છીએ.

—સંત મેકરણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કારુણ્ય અને માધ્યસ્થ્ય

લેખક–**મનસુખલાલ તા. મહેતા.**

શ્રી. ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે: **मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि सत्त्वगुणाधिक-क्लिश्यमानाविनयेषु** અર્થાત્ પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રી-વૃત્તિ, ગુણથી મોટાઓ પ્રત્યે પ્રમોદવૃત્તિ, દુઃખ પામતાઓ પ્રત્યે કરુણાવૃત્તિ અને જડ જેવા અપાત્રો પ્રત્યે માધ્યસ્થ્ય વૃત્તિ કેળવવી. પૂ. ન્યા. ન્યા. મુનિશ્રી ન્યાયવિજયજીએ કારૂણ્ય અને માધ્યસ્થ્ય ભાવના વિષે સમજાવતાં એક સ્થળે સાચુંજ કહ્યું છે કે:—

**દીન-હીન, વિપદ્ગ્રસ્ત, રોગીની દુઃખ વેદના, શમાવતા જે સદ્ભાવ એ છે કારુણ્ય-ભાવના; સમજાવ્યો નહીં સમજે તે દુર્બુદ્ધિ મનુષ્ય પર, ઉપેક્ષા કરુણાયુક્ત એ છે માધ્યસ્થ્ય-ભાવના.**

અન્ય જીવના દુઃખ અને વેદના જોઇ હૃદયમાં અનુકંપા અને દયાની લાગણી ઉત્પન્ન ન થતાં હોય તો તેવી વ્યક્તિથી અહિંસાદિ વ્રતોનું પાલન થઇ શકતું નથી અને તેથીજ કરુણા ભાવનાની આવશ્યકતા માનવામાં આવી છે. કરુણાવૃત્તિ છે એવા મનુષ્યો દુઃખી માનવો, પશુઓ કે અન્ય પ્રાણીઓને રીબાતાં જોશે કે તરતજ તેને સહાય કરશે. એ સહાય બીજી કોઇ રીતે શકય ન હોય તો છેવટે અન્ય જીવના દુઃખની લાગણીનો પડઘો તો તેઓનાં મનોમનમાં પડ્યા સિવાય નહિંજ રહે.

દીક્ષાનાં દશમાં વર્ષમાં મ્લેચ્છોના પ્રદેશમાં સંગમ નામના દેવે ભગવાન મહાવીરને સતત છ માસ સુધી ભયંકર ત્રાસ આપ્યો અને ભગવાને એ બધો સમય જરાપણ કંપ્યા વિના અસહ્ય વેદનાઓ સહન કરી. આવા સંગમદેવ પ્રત્યે પણ ભગવાન મહાવીરના હૃદયમાં તો અપૂર્વ કરુણાજ ભરેલી હતી. સમાધિ અવસ્થામાંથી જાગ્રત થતાં ભગવાનને વિચાર આવ્યો કે 'અહો! આ બીચારા જીવનું શું થશે?' જિનનો સંગ થવા છતાં સંગમદેવ અભવ્ય હોવાથી તેને કોઇ પ્રકારનો લાભ થયો નહિ, પણ આવા જીવ પ્રત્યે ઘૃણા કે તિરસ્કાર વૃત્તિ ઉત્પન્ન ન થતાં ભગવાનને તો તેની પર અપાર કરુણાજ આવેલી છે. જેના હૃદયમાં ક્ષમા અને કરુણાની વૃત્તિ ભારોભાર પડેલી હોય તેનામાં ઘૃણા કે તિરસ્કારના ભાવો આવી શકેજ નહિ.

કરુણાવૃત્તિમાં એવી શકિત અને તાકાત રહેલાં છે કે અન્યનું દુઃખ કે સંકટ નજરે પડતાં તેનામાં એક એવી લાગણી ઉત્પન્ન થાય છે કે જેથી તેવા જીવના દુઃખ કે સંકટને દૂર કરવાના પ્રયત્નો તેનાથી સ્વાભાવિક-રીતેજ થઇ જાય છે. ભારતમાં જે સ્થાન અને માન આપણા પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ માટે છે, તેવુંજ સ્થાન અમેરિકામાં એ દેશના પ્રેસીડેન્ટ અબ્રહામ લિંકનનું હતું. એક દિવસે લિંકન પોતાના નિવાસ સ્થાનેથી નીકળી પાર્લામેન્ટની બેઠકમાં હાજરી આપવા ગાડીમાં જઇ રહ્યા હતા. વખતસર પહોંચવા માટે રસ્તામાં કોઇ સ્થળે ખોટી થવાનું પરવડે તેમ ન હતું. જે રસ્તા પર તેઓ જઇ રહ્યા હતા ત્યાં વચમાં એક તળાવમાં એક ડુક્કરને કાદવમાં ખૂંચી ગયેલું જોવામાં આવ્યું. લિંકને એ દૃશ્ય જોઇ તરતજ ગાડી ઉભી રખાવી અને પોતે તુરત તળાવ તરફ દોડી ગયા, અને ડુક્કરને કાદવમાંથી બચાવી લીધું. આ ક્રિયા કરતી વખતે કાદવના છાંટાથી તેના કપડાં બગડયાં અને તેવાંજ કપડાં સાથે તેઓ પાર્લામેન્ટમાં પહોંચી ગયા. મિત્રોએ તેમનાં બગડેલાં કપડાં પ્રત્યે ઇસારો કર્યો ત્યારે તેમણે ડુક્કરની કહાણી કહી સંભળાવી. આ વાત સાંભળી મિત્રો હસ્યા અને તેની પરદુઃખભંજન વૃત્તિની તારીફ કરી એટલે લિંકને તેમને કહ્યું: 'મિત્રો! અન્યજીવનું દુઃખ દૂર કરવાને કારણે નહિ પણ ડુક્કરની પરિસ્થિતિ જોઇ મારા અંતરમાં જે વેદના પ્રગટી તેના નિવારણ અર્થેજ મેં આ કાર્ય કર્યું.' અન્યનાં સુખો જોઇને રાજી થવું અને અન્યનાં દુઃખો જોઇ તેમાંથી ભાગ પડાવવા સામેથી દોડી જવું એ કારુણ્ય ભાવનાની પ્રસાદી છે.

આવી કરુણા ભાવના માત્ર માનવમાં નહિ પરન્તુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તિર્યંચ યોનિના જીવોમાં પણ જોવામાં આવે છે. શ્રેણિક રાજાના પુત્ર મેઘકુમારનો જીવ પછલા ભવમાં એક વિશાલ કાય હાથી હતો. એક વખત જે વનમાં તે રહેતો હતો ત્યાં દાવાગ્નિ પ્રગટ્યો અને જંગલનાં તમામ પ્રાણીઓ પોતાનો જીવ બચાવવા એક સુરક્ષિત મંડપમાં ચાલી ગયાં. આપત્તિના વખતે જન્મગતવેર પણ ભૂલાઈ જાય છે અને કરુણાવૃત્તિ જાગે છે. મંડપમાં દરેક જાતના પ્રાણીઓ ખીચોખીચ એકઠાં થઇ ગયાં હતાં. એ વખતે પેલા હાથીના શરીરે ખંજવાળ આવી એટલે તેણે તેનો એક પગ ઉંચો કર્યો. એ વખતે તેના પગની ખાલી જગ્યાએ એક સસલું બેસી ગયું. હાથી પાછો પગ મૂકવા જાય છે ત્યાં પેલા સસલાને જોયું અને તેનામાં કરુણાવૃત્તિ જાગ્રત થઇ. હાથીએ પગ અધ્ધર રાખ્યો ચોથે દિવસે આ રીતે સસલાને બચાવતાં પોતાનો જીવ ગુમાવ્યો, પણ હાથીના જીવે કરુણા-અનુકંપાને કારણે સંસારને સીમિત કર્યો અને મનુષ્ય આયુષ્ય બાંધ્યું. કરુણા વૃત્તિમાં આવી મહાન શક્તિ પડેલી હોય છે.

જગતના અન્યદેશોએ અને ભારતના પાડોશી રાજ્ય ચીને અણુબોમ્બ તૈયાર કર્યા છે, તેમ છતાં ભારત આવા અણુબોમ્બ બનાવવાની પ્રવૃત્તિથી દૂર રહેવા માગે છે, એ હકીકત ભારતની પ્રજાની કરુણાવૃત્તિના પડઘા રૂપે છે.

માધ્યસ્થ્યનો અર્થ તટસ્થતા કે ઉપેક્ષા એવો થાય છે. આ સંસારમાં એવા પણ જીવો જોવામાં આવે છે જેઓ બીલકુલ જડ અને સંસ્કારહીન હોય છે. સત્ય અને સાચી વાત ગ્રહણ કરવાની તેઓમાં લાયકાતજ હોતી નથી અને આવા પાત્રોને સુધારવાની પ્રવૃત્તિનું પરિણામ શૂન્યમાંજ આવે છે. આવા જીવો પ્રત્યે તટસ્થતા જાળવવામાં આવે એજ ઇષ્ટ છે અને વર્તમાન યુગમાં આવી વૃત્તિ કેળવવાની ભારે અગત્યતા પણ છે.

ભગવાન મહાવીરના જીવનમાં પણ તેમણે કેટલીક બાબતોમાં તટસ્થતા-ઉપેક્ષા સેવ્યાના બનાવો જોવામાં આવે છે. દીક્ષા લીધા પછીના પ્રથમ ચોમાસા બાદ ભગવાન મહાવીર મોરાક નામના ગામમાં આવ્યા ત્યારે ત્યાં તેમને અચ્છંદક નામના એક પાખંડીનો ભેટો થયો. અચ્છંદકની અનેક સિદ્ધિઓની વાત મહાવીરના કાન પર આવી. ભગવાન જે સ્થળે રહેતા હતા ત્યાં મધ્યરાત્રિના વખતે પેલો પાખંડી અચ્છંદક જતો અને ચોરી વગેરેનો માલ દાટી અનેક અનાચારો કરતો, તે ભગવાનના જાણવામાં આવ્યું. આ ઉપરથી ગામલોકોને ચેતવી તેઓને આ દુરાચારી માણસની જાળમાંથી છોડાવવાનો ભગવાને વિચાર આવ્યો. ભોળા અને જડ લોકો પર ચમત્કારની વાતો બહુ અસર કરતી હોય છે અને આવા લોકોને ચમત્કારોની વાતો જ અસર કરશે એમ વિચારી ભગવાનને તેમને ભૂત-ભવિષ્ય-વર્તમાનની વાતો કહી. લોકો તો મહાવીર પાછળ ઘેલા થયા અને ભગવાને તેઓને બચાવવા અચ્છંદકના દુરાચારોની વાતો કહી દીધી. અચ્છંદકની પત્ની તો પતિદેવના બધા પરાક્રમો જાણતી હતી. તેણે પણ જાહેર કરી દીધું કે તેનો નરાધમ પતિ તેની જ બહેન સાથે વિષય સુખ ભોગવતો હતો. ગામલોકોને મહાવીરની વાત સાચી માલૂમ પડી એટલે બધા લોકો અચ્છંદક પ્રત્યે ઘૃણા અને તિરસ્કાર બતાવવા લાગ્યા.

પછી તો અચ્છંદક મહાવીરની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે મારા પેટ પર શા માટે પાટુ મારો છો? ભગવાને વિચાર્યું કે ચમત્કારોથી તો અંતે લોકોને લાભને બદલે હાની જ થાય છે. વળી આવી બધી ક્રિયાથી પોતાની સાધનાને પણ હરકત પહોંચે છે એવું લાગ્યું અને મફતના ઝઘડાઓ વહોરવા તેમજ અપ્રીતિ થાય એવી પરિસ્થિતિથી દૂર રહેવાનું ભગવાનને યોગ્ય લાગ્યું. તેથી ભગવાન ત્યાંથી વિહાર કરી ઉરવાચાલ નામના ગામે ચાલી ગયા. નાગાથી આઘા સારા એમ જે કહેવાય છે તેમાં પણ તટસ્થતા-ઉપેક્ષા વૃત્તિનો સ્વીકાર જ રહેલો છે.

ભગવાને ઉપેક્ષા સેવ્યાનો બીજો મુખ્ય બનાવ જમાલિને લગતો છે. ભગવાનના જમાઈ જમાલિએ ભગવાન પાસે દીક્ષા લીધી હતી. જમાલિની યોગ્યતા વિષે ભગવાનને ખાતરી ન હતી, એટલે જમાલિ જ્યારે પાંચસેં સાધુઓની સાથે બહારના દેશોમાં વિહાર કરવા જવા માટે રજા લેવા આવ્યો ત્યારે ભગવાને કશો જવાબ ન આપતાં મૌન સેવ્યું. જમાલિએ બે ત્રણ વખત પૂછયું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છતાં ભગવાન મૌન જ રહ્યા, એટલે મૌનને અનુમતિ ગણી લઇ જમાલિ શિષ્યો સાથે ચાલી નીકળ્યો. ભગવાને તેમ છતાં તટસ્થવૃત્તિ રાખી માત્ર ઉપેક્ષા સેવી. કર્મ-બંધનની દૃષ્ટિએ કોઇ પણ ક્રિયા કરાવા લાગી એટલે કરાઈ ચૂકી એમજ માનવું જોઇએ. પણ આ સિદ્ધાંતમાં જમાલિએ પાછળથી વાંધો ઉઠાવ્યો અને પોતે પોતાની જાતને જ્ઞાની-જિન કહેવરાવવા લાગ્યો. જમાલિની સાથે (ભગવાનની પુત્રી) પ્રિયદર્શના પણ ચાલી નીકળી, પરન્તુ તેમ છતાં ભગવાને તો ઉપેક્ષા જ સેવી. પાછળથી પ્રિયદર્શનાને પોતાની ભૂલ સમજાઈ જતાં પોતાના પરિવાર સહિત તે ભગવાન પાસે આવી ગઈ અને કરેલા દોષનું પ્રાયશ્ચિત કરી શુદ્ધ થઇ.

આ જગતમાં કોઇ પણ વસ્તુ સ્થિર કે સ્થાયી નથી. દૃશ્ય અને ભોગ્ય પદાર્થ માત્ર અનિત્ય અને નાશવંત છે. બધા જ માનવી અને તમામ પદાર્થો પરિવર્તન પામવાના સ્વભાવયુકત છે. એક વખત અરોચ્ય-દ્વેષ્ય લાગે છે તે જ પદાર્થ પરિવર્તન પામતાં પ્રિય થઈ પડે છે. કહેવાય છે કે Greater the sinner, greater the saint. દૃઢ પ્રહારી, ચિલાતી પુત્ર તેમજ અર્જુનમાળી અને રાયપસેણી સૂત્રમાં આવતી પરદેશી રાજાની વાતો આ પંકિતને સત્ય પૂરવાર કરે છે.

આપણા દેશની રાજકિય, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક તેમજ અન્ય સંસ્થાઓમાં વર્તમાનકાળે પ્રવર્તતી પરિસ્થિતિ જોતાં લગભગ બધે ઠેકાણે કાર્યકર્તાઓ વચ્ચે એક પ્રકારનો દુરાગ્રહ-તાણાતાણી અને મતમતાંતર સેવાતો જોઇ શકાય છે. હવે તો આ રોગનો ચેપ સારાંસારાં કુટુમ્બો અને ઘરોમાં પણ ફેલાવા લાગ્યો છે.

જ્યોતિષશાસ્ત્ર ભારે ગુંચવણભર્યું શાસ્ત્ર છે અને કોઇપણ જ્યોતિષી સર્વાંગે કુંડલીનો ફલાદેશ કહી શકતો નથી, કારણકે એક દૃષ્ટિએ એક ફળ દેખાતું હોય બીજી દૃષ્ટિએ તેનાથી વિપરીત ફળ પણ જોવામાં આવતું હોય. કુશળ જ્યોતિષી જન્મ કુંડળીનું ફળ કહેતી વખતે એમજ કહેશે કે અમુક દૃષ્ટિ પ્રમાણે આ મુજબ ફળ મળવાની શકયતા છે. જ્યોતિષ શાસ્ત્ર કરતાં પણ અધિક ગુંચવણભર્યું માનવ-જીવન શાસ્ત્ર છે. મારીજ દૃષ્ટિ સાચી છે અને અન્યની મિથ્યા છે એમ કહેવું એ નરી પાગલતા છે. જીવનમાં ફતેહ મેળવવાની સાચી ચાવી અન્યનું દૃષ્ટિબિન્દુ જાણી લઇને તેના અને તમારા દૃષ્ટિબિન્દુથી આખી પરિસ્થિતિનો સાચી દિશામાં વિચાર કરવાની યોગ્ય શકિતમાં રહેલી છે.

આપણું ચિત્ત નિર્મળ નથી, એટલે જે વ્યકિત કે પદાર્થ પ્રત્યે આપણને ઘૃણા કે તિરસ્કાર થાય તેની તરફ ચિત્ત દ્વેષના રૂપમાં વહેવા લાગે છે અને પરિણામે આપણી શકિત ક્ષીણ થતી જાય છે. જે વ્યકિના મનમાં બીજાનું ખરાબ કરવાની વૃત્તિરૂપ પ્રતિક્રિયા ઉત્પન્ન થાય છે તેની શકિતનો ક્ષય થાય છે અને ધર્મશાસ્ત્રોમાં તેથીજ કહેવામાં આવ્યું છે કે; તું જેનું ખરાબ કરવા ઇચ્છેછે તે તું પોતેજ છો.

આમ છતાં તટસ્થતા-માધ્યસ્થ્ય-ઉપેક્ષાનો અર્થ જ્યાં ત્યાં હા--જી-હા કરવી અને સત્ય વસ્તુ પર દુર્લક્ષ આપવુ એવો નથી થતો. સત્ય સમજી શકનારો માનવીજ તટસ્થતા-ઉપેક્ષા સેવવા માટેનો સાચો અધિકારી છે અને તેવોજ માણસ તટસ્થ રહી શકે છે. આપણી દૃષ્ટિએ અન્ય વ્યકિત ઇરાદાપૂર્વક અગર ભૂલથી કાંઈ ખોટું કરી રહી હોય એવું લાગે ત્યારે સ્પષ્ટ પણ સ્નિગ્ધ ભાષામાં આપણું દૃષ્ટિબિન્દુ તેને સમજાવવું અને પ્રામાણિકપણે તેનું દૃષ્ટિબિન્દુ સમજવા પ્રયત્ન કરવો. અલબત, આ ચર્ચા વિનાશક ( Destructive ) પધ્ધતિએ નહિ પણ રચનાત્મક ( Constructive ) ધોરણે થવી જોઇએ.

આ બધાને અંતે પણ સામી વ્યકિતને તેથી દ્વેષ થતો હોય અગર આપણને પોતાને સામા તરફ ધિક્કાર કે તિરસ્કારનો ભાવ થતો જોવામાં આવે અથવા તો કલેશ કે મન દુઃખ થવાનો સંભવ દેખાય તો આવી બાબતો અને પ્રસંગો વખતે ચિત્તને શાંત રાખી ઉપેક્ષાવૃત્તિ સેવી મૌન રહેવું. આખા જગતને કોઈ સુધારી શક્યું નથી અને એવા પ્રયત્નો કરવાનો કોઈ અર્થ પણ નથી. તેને બદલે આપણી જાતનેજ સુધારવા લક્ષ આપવું અને આ લક્ષના સાધ્યમાં તટસ્થતા-ઉપેક્ષા-માધ્યસ્થ્ય એ એક મોટામાં મોટું સાધન છે.



For Private And Personal Use Only

# ભગવાન મહાવીર

લેખક : રતિલાલ મફાભાઈ

ભગવાન મહાવીરનો જન્મ આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે મગધ (બિહાર)ની મોહમયી નગરી વૈશાલીના ક્ષત્રિયકુંડ પરામાં થયો હતો. એમના પિતાનું નામ સિદ્ધાર્થ અને માતાનું નામ ત્રિશલાદેવી હતું. પિતા ગણસત્તાક રાજાના પ્રમુખ હતા, સાથે જ્ઞાતૃવંશીય ક્ષત્રિઓના નેતા પણ હતા.

ભગવાનનો જન્મ થયા બાદ કુટુંબમાં સુખ વૈભવ સમૃદ્ધિની ખૂબ વૃદ્ધિ થવાથી એમનું નામ ‘ વર્ધમાન ’ પાડવામાં આવેલું. ક્ષત્રિય કુલોત્પન્ન હોવાના કારણે વીરત્વ, ધૈર્ય, સાહસ અને હિંમત જેવા ક્ષત્રિયોચિત ગુણો એમને વારસામાં મળ્યા હતા. શરીર ખૂબ સશક્ત અને ખડતલ હતું, જેથી આઠ વરસની ઉંમરે સમવયસ્ક બાળકો સાથે ખેલતાં ઓચિંતા ધસી આવેલા એક ભયંકર નાગને ઉપાડી ફેંકી દેવાની અજબ હિંમત એમણે બતાવી હતી. તેમજ એમને ઉપાડી જવાની બુદ્ધિએ બાળકોમાં દાખલ થઈ રમતના મિષે એમને ઉપાડી ભાગી જનાર રાક્ષસ જેવા એક ભયંકર દુષ્ટને પછાડી અને એની છાતીપર ચડી બેસી મહાત કરવાનું પણ ભારે સાહસ શૌર્ય બતાવ્યું હતું. આ કારણે એ પ્રચંડ પુરુષે બાળકને “ તું વીર નથી પણ મહાવીર છું ” કહી પોતાને છોડવાની ક્ષમાયાચના પ્રાર્થી હતી, જેથી કુમાર વર્ધમાનને ત્યારથી ‘ મહાવીર ’ નામ પ્રાપ્ત થયું હતું અને એ નામેજ એ આગળ જતાં પ્રસિદ્ધ થયા છે.

આમ એમનામાં પ્રચંડ તાકાત, હિંમત અને સાહસવૃત્તિ જેવા ગુણો હોવા છતાં હૃદય એમનું દયા કરૂણાથી વ્યાપ્ત હતું. કોઈનું પણ દુઃખ એ જોઈ શકતા નહીં. પૂર્વજન્મની સાધના અને માતા તરફથી થયેલું એમનામાં અદ્‌ભૂત પ્રેમસિંચન એથી એ કેવળ પ્રેમમૂર્તિજ બની રહ્યા હતા. અને એ માતૃપ્રેમને કારણે માતાપિતા હયાત હોય ત્યાંસુધી સંસાર ત્યાગ ન કરવાની એમણે એ બાલ્યકાળમાં જ પ્રતિજ્ઞા ધારી લીધી હતી.

વર્ધમાન રાજકુમાર હતા. વૈભવ સુખમાં એ ઉછર્યા હતા. માતાપિતાના બહુ લાડકા હતા. વળી ગૌરવર્ણ, આકર્ષક ચહેરો, પ્રભાવશાળી મુખ મુદ્રા, મુખપર વિલસતું કોઈ દૈવી તેજ, આંખમાં ચમક, ઓષ્ટપર ફરકતું હાસ્ય અને મધુરકંઠ ઉપરાંત સહુના દિલમાં પ્રવેશ કરવાની અજબ મધુરતાભરી કળા એથી એ મિત્રો અને મોટેરાંઓથી સદા ઘેરાયેલા રહેતા. આમ છતાં અન્યના દુઃખ દર્દો સમજવાની અને હરેક વસ્તુ પર ઊંડો વિચાર કરવાની જન્મજાત દ્રષ્ટિ એમનામાં પૂર્ણપણે વિકસેલી હતી.

એ દ્રષ્ટિને કારણે સમાજમાં વ્યાપેલી ભયંકર અસમાનતા જોઈ એ પોતાના મનને પૂછતા કે “ એક સમાજનો ગુરૂ ગણાય અને બીજાને અડવામાં પણ પાપ અને તિરસ્કાર, આમ કેમ ? અને નારી જાતિનો વળી શો ગુનો કે એને ધર્મ કરવાનો પણ અધિકાર નહીં ? શું ધર્મશાસ્ત્રો આવું કહેતાં હશે ? ”

“ પણ પંડિતો એ ધર્મને સામાન્ય જનતા સમજી શકે એવી લોકભાષામાં કહેતા જ નથી ત્યાં લોકો બિચારા શું સમજે ? ઉલટું એમને એમ સમજાવવામાં આવે છે કે મોક્ષનો ઈજારો અમુક વર્ગનો જ છે, અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એના પુરાવામાં એ ધર્મગ્રંથો કે ઇશ્વરની આજ્ઞા છે એવું પ્રમાણ રજુ કરતાં ય અચકાતા નથી. એ બધું તો ઠીક પણ બિચારા અબોલ પ્રાણીઓનો શો દોષ કે યજ્ઞના નામે એમની ક્રૂર કતલ ચલાવવામાં આવે છે? એથી તો મારૂં હૃદય બળવો પોકારી ઉઠે છે કે જો એ પશુઓ સ્વર્ગે જતા હોય તો એની હત્યા કરનારા કે કરાવનારાઓ પોતે જ એ સ્વર્ગે જવા શા માટે કપાઇ મરવાનું પસંદ નહીં કરતાં હોય?"

આમ એમના દિલમાં ભારે ગડમથલ ચાલતી પણ સમાજમાં એટલી અજ્ઞાનતા અને પંડિત વર્ગની સત્તા જામેલી હતી કે કોઇ એમનું સમાધાન કરી શક્યા નહીં, ઉલટું એવા પ્રશ્નોને બાલિશ કહી સહુ હસી કાઢતા. જો કે વર્ધમાન ત્યારે હજુ બાળક જ હતા, છતાં એમનામાં ઊંડી સમજ હતી. બુદ્ધિ તીક્ષ્ણ અને પ્રજ્ઞા ખીલેલી હતી એથી એમનું બાળ હૃદય મોટી ઉંમરે વિપ્લવ જગાવવાની અને નૂતન સમાજ વ્યવસ્થા સ્થાપિત કરવાની મહેચ્છા પોષ્યા કરતું. આઠ વરસની ઉંમરે એમને શાળામાં બેસારવામાં આવેલા પણ થોડા જ વખતમાં એ વિદ્યાપારગામી બની ગયા હોઇ શાળા એમણે છોડી દીધી હતી. ક્ષત્રિઓચિત ધનુર્વિદ્યા શીખવા એમને ત્યારબાદ શસ્ત્રશાળામાં મૂકવામાં આવ્યા હતા, પણ જીવન જુદા વળાંકે વળવા માંડયું હોઈ એમને એમાં રસ નહોતો. આમતો જગતમાં ચોતરફ દુઃખ વ્યાપેલું જોઇ એમનું ચિત્ત તો વૈરાગ્યના રંગે જ રંગાતું હતું.

આ જોઇ માતાએ ઉંમરલાયક થતાં એમને લગ્નપાશમાં બાંધવા વિચાર કર્યો. મહાવીરે પ્રથમ તો એનો ઇન્કાર કર્યો પણ માતાના આગ્રહથી પોતાની વૈરાગ્યવૃત્તિને બાધા કરનારી નહીં પણ પોષણ આપનારી જો કોઇ વીર કન્યા મળશે તો ફરી વિચાર કરીશ એ શરતે એ સંમત થયા. પરિણામે એવી વીર કન્યા યશોદા મળી ગઇ ને એ લગ્ન બંધનમાં બંધાયા.

ચિત્ત તો પ્રતિદિન વૈરાગ્યના રંગે રંગાતું હતું છતાં જે થોડા વર્ષ એ ગૃહસ્થાશ્રમમાં રહ્યા, ત્યાં સુધી એ ગૃહસ્થાશ્રમને પણ એમણે ત્યાગની સુવાસથી શોભાવ્યો હતો, કારણ કે યશોદાદેવી પણ એમના જીવનને પુરા પૂરક અને અનુકૂળ હતાં. એ કાળમાં એમને ત્યાં એક પુત્રી રત્નનો જન્મ થયો હતો, જેનું નામ વડિલોએ પ્રિયદર્શના રાખ્યું હતું.

માતાપિતાના મૃત્યુ બાદ જો કે એ બે વર્ષ સંસારમાં વધુ રોકાયા હતા પણ ત્યારે એ પૂર્ણ ત્યાગી બનીને જ રહ્યા હતા.

મહાવીર રાજકુમાર હતા સુખ સાહેબીમાં ઉછર્યા હતા છતાં જગતને જોવાની અને જગતમાં વ્યાપેલા સુખદુઃખનું વિશ્લેષણ કરી એ પર ચિંતન કરવાની એમને જન્મજાત દ્રષ્ટિ સાંપડી હતી એથી એમણે જોયું કે" જીવમાત્ર સુખને જ વાંછે છે, દુઃખ કોઇનેય ગમતું નથી. રાતદિવસની જીવનની દોડધામ પણ એ અર્થેજ હોય છે છતાં સુખ કોઇનેય પ્રાપ્ત થતું નથી અને થાય છે. તો તે ટકતું નથી" આથી ઊંડા ઉતરી એનું મૂળ કારણ શોધતાં એમને જણાયું કે જીવ જીવ પરજ નભે છે નાનો એથીપણ નાનાને ગળી જવા હમેશાં તૈયાર થઇનેજ બેઠેલો હોય છે.

આમ સકલ વિશ્વમાં હિંસા વ્યાપેલી જોઇ તેમજ પોતાના એ કર્તવ્ય અને વિચારની પ્રતિક્રિયા પણ એજ રીતે સામેથી ઉઠતી હોઈ, કોઈપણ જીવને નથી આથી શાંતિ મળતી કે નથી સુખ મળતું. અંજપો, દોડધામ, અશાંતિની આગમાં આખો સંસાર ડૂબેલો છે. ત્રાસ, દુઃખ, ભય, વેદના અને વ્યથાથી પીડાતા સંસારની આ દશા જોઇ એમનું હૃદય કરૂણાથી ભરાઇ ગયું. સંસાર એમને અસાર લાગ્યો. ચિત્ત એથી સંસારમાંથી ઉઠી ગયું. વૈરાગ્યે દિલમાં વાસ કર્યો પરિણામે સંસાર છોડવાનો એમણે નિશ્ચય કર્યો. એથી પોતાની જે કાંઇપણ સંપત્તિ હતી એનું એમણે ગરીબો-દારિદ્રોને દાન કર્યું. શાસ્ત્રની ભાષામાં કહીએ તો દેવોએ ખડકેલી અખૂટ સંપત્તિના એ દાનને વર્ષીદાન કહેવામાં આવે છે. બે વર્ષના અવધિ પૂરી થયા બાદ કુટુંબી જનોની અનુજ્ઞા લઇને નગરજનોની હાજરીમાં જ્ઞાનખંડ નામના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉદ્યાનમાં એમણે સ્વહસ્તે પ્રવ્રજ્યા ધારણ કરી. આમ ૩૦ વર્ષની ઉંમરે જગદુધ્ધારણ કાજે એમણે મહાભિનિષ્ક્રમણ કર્યું. એમના એ મહાત્યાગમાં બન્ધુ નંદિવર્ધન તથા પત્ની યશોદાદેવીનો ત્યાગ પ્રશસ્ય ગણાય કારણકે એમણે જાતેજ પોતાના પ્રિયદેવને સંસાર ત્યાગ કરવામાં સુવિધા કરી આપી હતી.

જગતમાં વ્યાપેલા આ દારૂણ દુઃખોનો કોઈ ઉપાય હોય તો તે શોધી કાઢું એવી જાગેલી કારૂણ્ય બુદ્ધિએ જગદુધ્ધારણનું મહાવ્રત લઇ એ યોગીએ વનવાસ સેવ્યો, ઘોર સાધનાઓ સાધી. કઠિન તપશ્ચર્યાઓ તપ્યા અને એ પર ઊંડુ ચિંતન કર્યું. એ ચિંતનને પરિણામે એમણે જોયું કે "**જીવો જીવસ્ય જીવનમ્** ન્યાયે જીવ જીવ પર નભતો હોઈ જીવ માત્ર અન્યની હિંસા કરીને જ પોતાનું સુખ મેળવવા મથે છે એમાં એ ફાવે છે તો પણ એને એ ટકાવી શકતો નથી, કારણકે જેવો વર્તાવ એ અન્ય તરફ કરે છે તેવોજ વર્તાવ સામેથી પણ એની પ્રતિક્રિયા રૂપે એજ પ્રમાણે ઊઠ્યા વિના રહેતો નથી. આમ હિંસા પ્રતિહિંસાના ચક્રમાં જગત ભીંસાયેલું હોઇ નથી કોઈને સુખ સાપડતું કે નથી કોઇને શાંતિ પ્રાપ્ત થતી." આનો ઉપાય શો? એના ચિંતનમાંથી એમણે **પરસ્પરોપગ્રહો જીવાનામ્** જીવો પરસ્પરના ઉપકાર અર્થે છે એવો અહિંસાનો અને એ અર્થે ત્યાગનો ભાવમંત્ર શોધી કાઢયો. એ ત્યાગની પુષ્ટિ માટે જીવનનું ઘડતર કરવા એમણે તપશ્ચર્યાની ઉપયોગિતા સ્વીકારી એ પર ખૂબ ભાર મૂકયો.

સુખનો માર્ગ આમ એમને સ્પષ્ટ થયો હતો પણ બીજી બાજુ એમના જેવા સત્ય શોધકો આ સમસ્યા હલ કરવા મથી રહ્યા હતા. એ બધાના દ્રષ્ટિબિંદુઓમાં આસમાન જમીન જેટલું અંતર લાગવાથી એમને શંકા ઉદ્દભવી કે "મને મારો માર્ગ દીવા જેવો સ્પષ્ટ ભાસે છે, તો બીજાઓના મંતવ્યોમાં આવો ભેદ કેમ? શું હું ભૂલાવામાં હશું કે એ (ભૂલાવામાં) હશે? વળી એમને જૂઠું બોલવાનું પણ કંઇ કારણ નથી એઓ પણ મહાતપસ્વી અને કરૂણાળુ સંતો છે તો આમ કેમ?" આ બીજા પ્રશ્ને એમના મનને ઘેરી લીધું અને તેથી એમણે એ પર વર્ષો સુધી ખૂબ ઊંડું ચિંતન કર્યું. પરિણામે એમને સ્યાદ્વાદનો–અનેકાન્તવાદનો મહા સિદ્ધાંત હાથ લાગ્યો; જે સિદ્ધાંતની સહાયથી એમણે ઉલટા સુલટા હોવા છતાં સહુના દ્રષ્ટિ બિંદુઓમાં સત્યાંશોનું દર્શન કર્યું અને એથી એ બધા વચ્ચે સમન્વય કેમ સાધવો એની ખૂબી શીખવી. જગતના સર્વ ધર્મને સાંધવાનો એક મહા ઉપકારી શાંતિમંત્ર જગતને આપ્યો. મહાવીરનું કહેવું હતું કે **સર્વદર્શન-સંગ્રહ इति जैनधर्मः** બધા જ દર્શનોમાં સત્યના ભિન્ન ભિન્ન અંશો હોઇ એ બધા સત્યાંશોના સમૂહથી જ જૈન ધર્મ અર્થાત્ પરમ સત્ય ધર્મ બને છે. કોઈ એને મન પસંદ નામ આપે તો પણ ચાલે. બાકી એના એકાદ અંશ પર જ ભાર દેવાથી એ સત્ય હોવા છતાં પણ અપૂર્ણ ધર્મ બને છે. માટે વસ્તુને એક જ દ્રષ્ટિકોણથી નહીં પણ અનેક દ્રષ્ટિકોણથી જોવી જોઇએ એનાં સમગ્ર પાસાંઓ વિચારવાં જોઇએ અને તો જ વસ્તુનું યથાર્થ દર્શન થઇ શકે. મહાવીરની આ શોધે જગતના તત્ત્વચિંતનમાં અણમોલ ફાળો પૂરાવી જગત પર ભારે ઉપકાર કર્યો છે.

પરમ સત્યની ખોજ માટે એમણે સાડાબાર વર્ષ સુધી ઘોર સાધનાઓ સાધી હતી, તીવ્ર તપશ્ચર્યાઓ સેવી હતી અને એના પરિણામે જ એ સર્વજ્ઞ-જિન-બુદ્ધ–સિદ્ધ બની જગતની સર્વ સમસ્યાઓ હલ કરવા જેવું નિર્મલ જ્ઞાન પ્રાપ્ત કરી શકયા હતા.

એ સાધના કાળ દરમ્યાન એમણે ગીચ જંગલો, ઊંડી ગુફાઓ, ઉત્તુંગગિરિ શૃંગો, નિર્જન વન પ્રદેશો, ભયંકર સ્મશાનો ઉજ્જડ ભૂમિઓ, અઘોચર સ્થાનો તેમજ નદી, ગામ કે સરોવરના તટ પ્રદેશો સેવ્યા હતા. ગામમાં એ ભાગ્યે જ આવતા અને તે પણ લાંબા ટૂંકા ઉપવાસ પછી કેવળ ભિક્ષા અર્થે જ. અસહ્ય ઠંડી, શરીર બાળતી લૂ કે ધોધમાર વર્ષાદ હોય છતાં નહોતું રાખ્યું શરીર ઢાંકવા ફાટયું તૂટયું વસ્ત્ર કે પડી રહેવા માટે એકાદી કંથા જેવું આસન. છતાં એમણે બધા જ શીત ઉષ્ણ વેદનાઓ સમભાવે સહી હતી, અને ઉપરથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માનવ કે માનવેત્તર પ્રાણીઓએ આપેલી પીડાઓ અને ત્રાસ તો એટલી પરાકાષ્ટાનાં હતાં કે એની સ્મૃતિઓ આજ પણ આપણને કમકમાવી મૂકે છે છતાં ધીર-વીર-ગંભીર મહાવીરે એ બધા જ ઉપસર્ગો સમભાવે સહી કેવળ પ્રેમ અને કરૂણાથી જ એનો પ્રતિકાર કર્યો હતો.

એક ગોપાલકે રસોઇ બનાવતાં એમના પગ બાળી મુકયા હતા. બળદ ચારવા આવેલા એક કિસાને વળી એમના કાનમાં લાકડાની ખીલીઓ મારી એટલો ત્રાસ આપ્યો હતો કે જીવક નામના વૈદે ખૂબીથી એ ખીલીઓ તો કાઢી નાખી પણ લોહીની ગાંઠ સાથે એ ખીલીઓ બહાર આવવાથી જે ભયંકર પીડા થઇ હતી એથી એ સમભાવી મૌન મુનિના મુખમાંથી પણ એક કારમી ચીસ નીકળી ગઇ હતી. બંગાળના રાઢ પ્રદેશનાં જંગલી માણસો એમના પર કૂતરા છોડતા ને એ એમના પગ કરડી ખાતા. કોઇ એમને સોટીથી મારતા, કોઈ ગળચી પકડી પાણીમાં હડસેલી મૂકતા તો કોઇ વળી દોરડે બાંધી જેલમાં પણ પૂરતા. છતાં એ સમયમાં પણ એમના ધ્યાનયોગો કે ઉપવાસો તો એના એ જ ચાલતા. સંગમ નામના એક દુષ્ટ દેવે કરેલા ઉપસર્ગો તો આજે માની પણ ન શકાય એવા ત્રાસજનક હતા. છતાં એ વીરપુરૂષ નથી કદી એનાથી કંટાળ્યા કે નથી સહેજે ડર્યા. ઉલટું જ્યાં પણ આપત્તિ જણાય ત્યાં ત્યાં સામે પગલે ચાલીને એને આહ્વાન આપતા અને રાગદ્વેષ રહિત સમભાવપૂર્વક એને એ સહી લેતા. આ વીર વૃત્તિને કારણે એ ચંડકૌશિક નામના નાગના રાફડા પાસે ધ્યાનસ્થ બની ઉભા રહેલા. ભયંકર નાગ ઝેર ઓકતો એમના પર વિષ જ્વાળા ફેંકતો હતો, બીજી બાજુ દેવોનો અધિપતિ ઈન્દ્ર એ જ વખતે એમના ચરણમાં ઝુકતો હતો છતાં સમદ્રષ્ટિ-વીતરાગ એવા મહાવીરે બન્નેને સમાનભાવે જ નીરખ્યા હતા. નહોતી એમનામાં કોઈ પ્રત્યે રાગદ્રષ્ટિ કે નહોતી કોઇ પ્રત્યે દ્વેષબુદ્ધિ.

સાડાબાર વર્ષની ઘોર સાધના પછી એ પૂર્ણ વીતરાગી સર્વજ્ઞ અને સમદર્શી બની બહાર આવ્યા હતા. શાસ્ત્રકાર લખે છે કે એમને જ્ઞાન પ્રાપ્તિ થઇ ત્યારે સાયંકાળનો સમય હતો અને ભગવાન ત્યારે ઋજુવાલિકા નદીના કાંઠે શ્યામક નામના ખેડુતના ખેતરમાં ગોદોહાસને બેઠા હતા એ દિવસ વૈશાખ શુદિ ૧૦નો હતો.

જ્ઞાન પ્રાપ્તિ થઇ એ રાત્રેજ એમણે પોતાનો ધર્મ-બોધ દેવો શરૂ કર્યો પણ દેવો-વૈભવમસ્ત ધનિકોની એ સભા હોઈ કોઇને એ બોધની અસર નહોતી થઈ કારણકે એ બધા રાગભોગમાં ડૂબેલા હતા તેમજ પોતાની વૈભવ-સત્તાનું એમને અભિમાન હતું.

ધર્મ તો મોટે ભાગે સરલ નિષ્પાપ-મુંઝાયેલી અને જીજ્ઞાસુ આમ જનતાના હૃદયમાં જ પ્રગટે છે આ જોઇ રાત્રી હોવા છતાં વિહાર કરી ભગવાન અપાપા-પુરીમાં પધાર્યા અને પોતાને સૂઝેલા સત્યનો જનતાને એમણે બોધ કર્યો. ત્યાં પહેલેજ ધડાકે એમણે ગૌતમ સુધર્મા જેવા ૧૧ મહાપંડિતોને પ્રતિબોધ પમાડ્યો. એથી એ બધા ભગવાનને શરણે આવ્યા અને પોતાના હજારો શિષ્યો સાથે પ્રભુના હાથે દીક્ષિત બની એ આદ્ય ગુરૂઓ કે ગણધરોના પદે સ્થાપિત થયા.

એ પર્ષદામાં નારીઓ પણ હતી. એમાંથી જે જે પ્રતિબોધ પામી એવી ચંદનબાલા સમેત સેંકડો નારી-ઓને ભગવાને દીક્ષા આપી દીધી આમ નારી વર્ગ માટે આત્મસાધનાનો નવો માર્ગ ઉઘડ્યો અને એ રીતે નીચામાં નીચા થર સુધી પહોંચી સમાજમાં એમણે એક નવી ક્રાંતિ પેદા કરી. આમ શ્રાવક શ્રાવિકા સમેત ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ભગવાને સામાજિક સુધારણા અને સત્યના પ્રચાર અર્થે પછી ગામે-ગામ, નગરે-નગર વિહાર કરવો શરૂ કર્યો અને એ રીતે એમણે ૩૦-૩૦ વર્ષ સુધી ધર્મચક્ર પ્રવર્તાવી પ્રજાનું નવ ઘડતર કર્યું. અને ચાલ્યા આવતા જૂના મૂલ્યાંકનો બદલી નાખી અહિંસા અને ત્યાગના ભવ્ય મંત્રથી પ્રજાને સંસ્કારી બનાવી એનું ઉત્થાન કર્યું.

૩૦ વર્ષના આ ગાળામાં એમણે એક વિશાળ સંઘ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઊભો કર્યો હતો સેંકડો નૃપતિઓ, હજારો ધનકુબેરો, મહાન સેનાપતિઓ તથા લાખોની સંખ્યાએ પહોંચતી આમ જનતાએ આ નવા ધર્મને અપનાવી લીધો હતો. મગધરાજ શ્રેણિક, ચંપાનો દધિવાહન, શ્રાવસ્તીનો શતાનિક, વૈશાલીનો ચેટક ઉજ્જયિનીનો ચંડપ્રદ્યોત વગેરે અનેક નૃપતિઓ પણ એમના ચરણે ઝૂકી-એમના પરમ ભકતો બન્યા હતા. છતાં એમને પણ વિરોધ કંઇ ઓછો નહોતો સહેવો પડ્યો. એક બાજુ બ્રાહ્મણ પંડિતોનો ઉકળાટ શ્રમણ ધર્માચાર્યોની સ્પર્ધા, ગોશાલીકનું આક્રમણ અને ઉપરથી જમાલીએ જગાવેલો વિદ્રોહ એ બધા પરિબળો વચ્ચે અહિંસા ધર્મને વિકસાવવાનું ભારે કઠિન કાર્ય હતું. પણ એમ છતાં મહાવીર છેવટે યશસ્વી બની વિશાળ સંઘ સ્થાપી શકયા હતા.

જગદુદ્ધારણનું કાર્ય પૂરું કરી એ પ્રભુ ૭૨ વર્ષની ઉંમરે પાવાપુરીમાં હસ્તિપાલ રાજાના દફતરખાનામાં નિર્વાણ પામ્યા હતા. ત્યારે આસો વદી ૦))ની રાત્રીનો પહેલો પહોર શરૂ થયો હતો. ભગવાનનો અગ્નિ સંસ્કાર એ રાત્રેજ થયો હોઇ અંધારાને કારણે લોકોએ મશાલો દીપકો પ્રગટાવ્યા હતા, જે કારણે ત્યારથી મહાવીરનો નિર્વાણમહોત્સવ-દિપોત્સવીરૂપે સમગ્ર ભારતમાં ઉજવાતો આવ્યો છે.

ભગવાનના નિર્વાણ સમયે સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓનો બનેલો ચતુર્વિધ સંઘ વિશાળરૂપ પામ્યો હતો. એમના અગ્યાર ગણધરોમાંથી નિર્વાણ સમયે ગૌતમસ્વામી અને સુધર્માસ્વામી બેજ હયાત હતા. ગૌતમ સર્વથી પ્રથમ પદે છે છતાં આજનો સકળ જૈન સંઘ ભલે પછી એ શ્વેતાંબરી હોય, સ્થાનકવાસી હોય તેરાપંથી કે દિગંબર હોય. સહુ ભગવાનના પાંચમાં ગણધર એ સુધર્માસ્વામીનો જ પરિવાર છે. અન્ય ૧૦ ગણધરોના પરિવારમાં કોઇ રહ્યું નથી. એથી સુધર્માસ્વામીએ આજના સકલ સંઘોના પિતા અને આદ્યગુરૂ ગણાય છે અ દીર્ઘાયુષી હતા તેમજ ભગવાનના નિર્વાણ સમયે સાનિધ્યમાં રહેવાનું સદ્ભાગ્ય પણ એમને એકલાને જ પ્રાપ્ત થયું હતું. ગૌતમસ્વામી ત્યારે દેવશર્મા નામના બ્રાહ્મણ પંડિતને પ્રતિબોધ કરવા નજીકના ગામે બહાર ગયા હતા.

નિર્વાણ સમયે ભગવાનના પરિવારમાં ૧૪૦૦૦ સાધુઓ અને ૩૬૦૦૦ સાધ્વીઓ હતી. અગ્યાર અંગોના જાણ અને સમર્થવાદી એવા ૭૦૦ મુનિઓ, ધન્ય જેવા અનેક દીર્ઘ તપસ્વીઓ, ગૌતમ જેવા ભક્ત શિષ્યો, સુધર્માસ્વામી જેવા સંઘ ધુરાનો બોજ વહનારા નાયકો, આનંદ-કામદેવ જેવા ૧૫૯૦૦૦ બાર વ્રતધારી શ્રાવકો, પૂણિયા જેવા ત્યાગ-સાદાઇની પ્રતિમારૂપ સાધકો, ચંદનબાલા અને મૃગાવતી જેવી તપસ્વિની સાધ્વીઓ તથા સુલસા-રેવતી જેવી સાડા ત્રણ લાખ વ્રતધારી શ્રાવિકાઓ ઉપરાંત લાખો અનુયાયીઓ અને પ્રશંસકોથી સંઘ વિસ્તૃત બન્યો હતો સંઘમાં કોઇ જીનકલ્પી, કોઇ સ્થવીરકલ્પી તો કોઇ અંબડ જેવા સંન્યાસીઓ પણ હતા સુધર્માસ્વામીના નિર્વાણ બાદ જંબૂસ્વામીએ સંઘની ધુરા વહન કરી હતી જે મહાવીરની પરંપરાએ આવેલાઓમાં છેલ્લાજ કેવલજ્ઞાની પુરુષ હતા.

ભગવાન મહાવીરે આપેલી તત્ત્વવિચારણા તથા ધર્મ સિદ્ધાંતો કેવા વ્યાપક, ઉદાત્ત અને આજના યુગને માટે પણ કલ્યાણકારી છે એ વિષે હવે પછી આપણે જોઇશું.

---

એક વખત સુપ્રસિદ્ધ ફ્રેંચ નવલકથાકારો એલેક્ઝાંડર ડૂમા અને વિક્ટરહ્યુગો રસ્તામાં મળી ગયા. ડૂમાએ કહ્યું કે "આપણે બંને સાથે મળીને એક નવલકથા લખીએ તો કેવું?"

હ્યુગોએ જરા ગુસ્સે થઇને જવાબ આપ્યો: "એમ તે કંઇ ઘોડો અને ગધેડો ભેગા થતા હશે?"

ડૂમાએ શાંતિપૂર્વક પ્રત્યુત્તર આપ્યો: તમારે ન લખવી હોય તો ન લખશો. પણ નકામો મને ઘોડા સાથે શા માટે સરખાવો છો?"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ



લેખક : ડૉ. ઉપેન્દ્રરાય જયચંદભાઇ સાંડેસરા

પરમાત્માની કૃપાથી, આ પુણ્યભૂમિ હિંદુસ્તાન પ્રાચીન કાળથી અનેક સંતો, મહાત્માઓ અને વિદ્વાનોની પરંપરાથી સમૃદ્ધ થતું રહ્યું છે. આ સંતો ગમે તે ધર્મસંપ્રદાયમાં થયા હોય પણ જ્ઞાન, ભક્તિ, ચારિત્ર્ય, પરોપકાર અને સમદૃષ્ટિથી ગંગાની પવિત્ર ધારાની જેમ તેમણે આ ભૂમિને સતત પાવન કરી છે, અને હજારો વર્ષથી તેઓ ભારતની જ્ઞાન, સંસ્કાર, પ્રેમ તથા સદ્‌ગુણની ફુલવાડીઓને જતનથી મઘમઘતી રાખી રહ્યા છે.

આપણા દેશની આવી જ્ઞાન-સદ્‌ગુણની ફુલવાડીને મઘમઘતી કરનાર જૈન સંત અને વિદ્વાન, ઉપાધ્યાય યશોવિજયજી આવા જ એક મહાપુરુષ હતા. જૈન સમાજમાં મહાન આચાર્ય હરિભદ્રસૂરિ એક અને અજોડ છે. તેમના પછી લગભગ એક હજાર વર્ષના લાંબા ગાળા પછી આ મહાન જ્યોતિર્ધર થયા; તેમણે જૈન સમાજમાં અને તે દ્વારા ભારતીય જનસમાજમાં સદ્-વિદ્યાનો પ્રકાશ રેલાવ્યો, પણ તેમના સમયના જૈનસંઘે તેમને યોગ્ય રીતે પીછાન્યા નહિ, અને આ મહાત્માને આચાર્ય પદવી આપી નહિ, તે આશ્ચર્ય સાથે ભારે ખેદની બીના લાગે છે. તેમણે બાર-પંદર વર્ષની નાની ઉંમરે સાધુ થયા પછી, ઓગણીસ વર્ષની ઉંમર સુધી જૈન શાસ્ત્રોનું અધ્યયન કર્યું, પછી કાશી જઇને છયે દર્શનોનો ઊંડો અભ્યાસ કર્યો, અને ન્યાયદર્શનનો ખાસ અભ્યાસ કરી તેઓ ન્યાયાચાર્ય થયા. ત્યાંના પંડિતોને વાદવિવાદ કરી હરાવવા આવેલા એક વિદ્વાન સંન્યાસીને તેમણે પરાજય આપતાં, કાશીની પંડિતસભાએ તેમનું 'ન્યાયવિશારદ'ની પદવી આપી બહુમાન કર્યું. ત્યાંથી ગુજરાતમાં આવ્યા પછી તેમના ચારિત્ર્ય અને વિદ્યાથી અંજાઇને તે વખતના અમદાવાદના સૂબા મહોબતખાને પણ તેમનો ભવ્ય સત્કાર કરેલો. આમ છતાં તેમણે તો માનથી ફુલાયા વિના આખું જીવન વિદ્યા અને પરમાત્માની ઉપાસનામાં ગાળ્યું. તેમણે લગભગ ૩૦૦ જેટલા ગ્રંથો રચ્યા છે, જેમાં તેમની વિદ્વત્તા, નિર્ભયતા અને ભક્તિ દેખાઇ આવે છે.

ઉત્તર ગુજરાતમાં મહેસાણા પાસે કનોડા ગામનો વતની જશવંત નાનપણથી જ મહાબુદ્ધિશાળી હતો. પિતા નાની વય હતી ત્યારે જ સ્વર્ગવાસી થયેલા પણ સંસ્કારી, ધર્મપ્રેમી અને સદાચારી માતા સૌભાગ્યદેવીની છાયા નીચે તેઓ ઉછર્યા. માતાએ 'ભક્તામર સ્તોત્ર' સાંભળ્યા વિના અન્નપાણી ન લેવાની પ્રતિજ્ઞા કરેલી, ત્યારે સાત વર્ષનો જશવંત માતાની સાથે ઉપાશ્રયે જતો, ત્યાં માતાને ગુરુ 'ભક્તામર સ્તોત્ર' સંભળાવતા તે તેમને યાદ રહી ગયેલું. એક વખત વરસાદની હેલીમાં માતાને ત્રણ દિવસના નિર્જળા ઉપવાસ થતાં ચોથે દિવસે આ એકડો ઘૂંટતાં પણ નહિ શીખેલા બાળક જશવંતે 'ભક્તામર' સંભળાવી માને પારણું કરાવેલું. એવી તો એમની તીવ્ર સ્મરણશક્તિ હતી. આ જાણમાં આવતા ગુરુ મુનિરાજ નયવિજયજીએ બાળકની માંગણી કરતાં સૌભાગ્યદેવીએ બાળક તેમને અર્પણ કર્યો અને તેઓ સંવત ૧૬૮૮માં જશવંત મટીને યશોવિજયજી થયા.

એમના જીવનના કેટલાક પ્રસંગો અહીં જોઇએ. તેમાંથી એમની મહત્તાનો થોડોક ખ્યાલ આવશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧) ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કાશીથી અભ્યાસ પૂરો કરીને તાજા જ પાછા આવ્યા હતા. ઉપાશ્રયમાં સાંજનું પ્રતિક્રમણ (દિવસનાં પાપોથી શુદ્ધ થવા માટેની ક્ષમાપ્રાર્થના) ચાલતું હતું. ગુરુદેવે સજ્ઝાય, મહાપુરુષોનાં ચરિત્રો વર્ણવતું ભજન–બોલવાનું શરૂ કર્યું, ત્યારે કેટલાક શ્રાવકોએ સૂચવ્યું કે, કાશીથી ભણીને આવેલા મહારાજ સજ્ઝાય બોલે તો સારું. પણ તે વખતે કારણવશાત્ યશોવિજયજીએ સજ્ઝાય બોલવાની ના કહી, એટલે એક શ્રાવક બોલી ઊઠયો, 'તો કાશીમાં બાર વર્ષ રહીને શું ઘાસ કાપ્યું?' યશોવિજયજી એ વખતે મૌન રહ્યા, બીજે દિવસે સજ્ઝાય બોલવાનો પ્રસંગ આવતાં ગુરુની આજ્ઞા માગીને તેમણે સ્વરચિત સજ્ઝાય બોલવાનું શરૂ કર્યું. એ સજ્ઝાય એટલી તો લાંબી ચાલી કે, શ્રાવકો અકળાઈ ગયા. આગલે દિવસે ઘાસ કાપવાનો ટોણો મારનાર શ્રાવક કંટાળીને બોલી ઊઠયો, 'આ સજ્ઝાય કોણ જાણે કયાં સુધી ચાલશે?' એટલે તરત જ મહારાજે કહ્યું કે, 'કાશીમાં બાર વર્ષ સુધી ઘાસ વાઢયું છે તેના પૂળા બાંધું છું, તે વાર તો લાગે જ ને!' પરિણામે ટોણો મારનારે ભૂલનો સ્વીકાર કરી તેમની માફી માગી.

(૨) બીજો પ્રસંગ છે, ઉપાધ્યાયજી મહારાજ ખંભાતના ઉપાશ્રયમાં વ્યાખ્યાન આપતા હતા એ સમયનો. ત્યાં એમના કાશીના વૃદ્ધ વિદ્યાગુરૂ ભટ્ટાચાર્યજી આવીને બેઠા. તરતજ વ્યાખ્યાનની પાટ ઉપરથી એમણે ગુરુશ્રીને પૂજ્યભાવથી નમસ્કાર કર્યો. આ જોતાં શ્રોતાવૃન્દ ચકિત થઇ ગયું કે આ વૃદ્ધ કોણ હશે કે જેમને આપણા વિદ્વાન અને પૂજ્ય ગુરુદેવ પણ વંદન કરે છે. શ્રોતાઓની જિજ્ઞાસા જોઈને યશોવિજયજી મહારાજે સમજાવ્યું કે, આ એજ મહાપુરુષ છે, જેમને ત્યાં રહીને મેં કાશીમાં ન્યાયશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, વ્યાકરણ વગેરેનો અભ્યાસ કર્યો છે. હું એમનો અત્યંત ઋણી છું. તમારે એમનો યથાયોગ્ય સત્કાર કરવો જોઈએ. આ કહેતાં જ ખંભાતના શ્રી સંઘે તરત જ સાઠથી સીત્તેર હજાર રૂપિયાની મોટી રકમ ભેગી કરીને એમના બ્રાહ્મણ ગુરુને દક્ષિણામાં આપી. ગુરુ શિષ્યનો પ્રભાવ જોઇને રાજી થયા અને શિષ્ય ગુરુના ઋણમાંથી છૂટીને ખુશી થયા.

(૩) ત્રીજો પ્રસંગ છે, યશોવિજયજી મહારાજના અને અવધૂત જેવા સાધુ આનન્દઘનજીના સમાગમનો. એકવાર ઉપાધ્યાયજી આનંદઘનજીને મળવાની ઇચ્છાથી વિહાર કરતા આબુ તરફ જતા હતા. માર્ગમાં એક ગામના ઉપાશ્રયમાં વ્યાખ્યાન આપતા હતા, સાધુ સંન્યાસી, શ્રમણ-યતિ, શ્રાવક-શ્રાવિકા વગેરે આખા ગામના માણસો એકાગ્ર ચિત્તે એમનું વ્યાખ્યાન સાંભળતા હતા. એમને મળવાની ઇચ્છાથી આનન્દઘનજી પણ આવીને બેઠા હતા, ઉપાધ્યાયજી મહારાજ તો આધ્યાત્મિક વિષયો ઉપર વેગથી પ્રભાવશાળી વ્યાખ્યાન આપી રહ્યા હતા. આખી સભા તલ્લીન બની હતી. પણ યશોવિજયજીએ જોયું કે એક વૃદ્ધ સાધુ આ બધાથી અલિપ્ત થઈને બેઠેલા છે, તેથી વ્યાખ્યાનાન્તે પૂછપૂરછ કરતાં ખબર પડી કે આ વૃદ્ધ સાધુ તો આનંદઘનજી છે. એટલે એમણે આનન્દઘનજીને જે વિષય ઊપર પોતે પ્રવચન કર્યું હતું તે જ વિષય ઉપર વધુ વિવેચન કરવા વિનંતી કરી અને અતિ આગ્રહને વશ થઇ આનન્દઘનજીએ ત્રણ કલાક સુધી આત્મિક જ્ઞાન ઉપર વિવેચન કરી આખી સભાને સાત્વિક સુખમાં ગરકાવ કરી દીધી. બસ ત્યારથી આ મહાવિદ્વાનની જીવનચર્યા ફરી ગઈ, તેઓ વિદ્વાન તો હતા જ પણ હવે વાસ્તવિક આત્મદૃષ્ટા થયા પરમાત્માનું દર્શન કરનારા થયા એમના શબ્દોમાં કહીએ તો

'આનંદઘનકે સંગ સુજસ હી મિલે,
જબ, તબ આનંદસમ ભયો સુજસ;
પારસ સંગ લોહા જો ફરસત.
કંચન હોત હી તાકે કસ.'

જ્યારે યશવિજયજીને આનન્દઘનનો સંગ મળ્યો ત્યારે યશવિજયજી આનન્દઘન સમાન થયા, જેમ જો લોઢું પારસમણિનો સ્પર્શ કરે તો તેનું કસવાળુ કંચન બની જાય છે તેમ. અને ત્યારથી એમની કૃતિઓમાં અદશ્ય-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂપથી એ આત્માનંદ પ્રાપ્તિની છાયા સ્પષ્ટ દેખાય છે.

અને આમ ૫૫ વર્ષ સુધીનું ઉત્તમ સાધુજીવન ગાળી અંતે સંવત ૧૭૪૩માં ડભોઈમાં અનશન તપ કરી અન્નજળના ત્યાગનું તપ કરી આ મહાનુભાવ શાંતિપૂર્વક સ્વર્ગવાસી થયા. એમનો ઉપદેશ કેટલો સરળ છતાં રહસ્યવાળો હતો તે નીચેનાં નમૂનારૂપ વચનોથી બરાબર સમજાશે.

अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत् ।
अयमेव हि नञ्पूर्वः प्रतिमंत्रोऽपि मोहजित् ॥

'હું અને મારું' એ જગતને મહાંધ કરનારો મોહરાજનો મંત્ર છે, પણ જો આ મંત્રની આગળ 'ન' મૂકવામાં આવે–અર્થાત્ 'આ હું નહિ, આ મારું નહિ' એમ કહેવામાં આવે–તો એ મોહરાજાને જીતવાનો પ્રતિમંત્ર પણ બની જાય છે.

इलिका भ्रमरी ध्यानात् भ्रमरीत्वं यथाश्नुते ।
तथा ध्यायन् परमात्मानं परमात्मत्वमाप्नुयात् ॥

જેમ ઇયળ મધમાખીનું ધ્યાન ધરતાં ધરતાં જાતે જ મધમાખી બની જાય છે. બરાબર એવી જ રીતે પરમાત્માનું સતત ધ્યાન કરતાં કરતાં મનુષ્ય પોતે જ પરમાત્મા સ્વરૂપ બની જાય છે.

એક માણસ સદાવ્રત ચાલતું હતું ત્યાંથી પસાર થતો હતો એટલામાં એક ભિખારીએ તેની પાસે પૈસા માગ્યા.

પેલા માણસે કહ્યું: "આ સામે જ સદાવ્રત છે. અંદર જઈને જમી આવતો કેમ નથી?"

ભીખારીએ કહ્યું: "માફ કરજો, સાહેબ. એ તો છે જ. પણ કોઈ કોઈ વાર તમને બહાર હોટેલમાં જમવાની ઇચ્છા નથી થતી?"

卐

સતીશ ઘોડા પર બેસીને ફરવા ગયો હતો ત્યાં રસ્તામાં ગબડી પડ્યો. પગમાં વાગ્યું તો ખરું, પણ પ્રયાસપૂર્વક ઊઠીને એ ફરી ઘોડા પર બેસી ગયો. ઘોડો એને સીધો જ ડોક્ટર પાસે લઈ ગયો.

સતીશના મિત્રોને આ વાતની ખબર પડી. તેઓ ખબર કાઢવા આવ્યા, જેમાંના એકે કહ્યું: તારો ઘોડો સમજદાર લાગે છે કે એ તેને સીધો ડોક્ટર પાસે લઇ ગયો."

"ના રે ભાઇ, કૈં સમજદાર નથી." સતીશે ખિન્ન થઇને કહ્યું, "એ તો મને પશુઓના ડોક્ટર પાસે લઇ ગયો હતો."

"તો, તો ઘોડો સમજદાર જ નહિ, પણ બુદ્ધિશાળી ગણાય."


કુમાર : જાન્યુ. ૧૯૬૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુળનાયક સાચા દેવ શ્રી સુમતિનાથ ભગવાન પ્રગટ પ્રભાવી છે. જ્યાં અખંડ દીપકની જ્યોતિ અદ્યાપિ કેસર વરણી થાય છે.




# શ્રી તાલધ્વજગિરિ તીર્થ

પ્રાચીન ગુફાઓ, શેત્રુંજી સરિતાનો ભવ્ય સંગમ, નાજુક ટેકરી ઉપરથી નૈસર્ગિક સૌંદર્યનો અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે.

## યાત્રા કરવા પધારવા ભાવભર્યું નિમંત્રણ

પાલીતાણાથી તળાજાની એસ. ટી. બસ સર્વીસ આખો દિવસ ચાલુ છે. નદીકિનારે શ્રી બાબુની જૈન ધર્મશાળામાં રહેવા ઉતરવાની સુંદર સગવડ છે. જૈન ભોજનશાળા આધુનિક ઢબથી સ્ટેનલેસનાં વાસણો, ઇલેકટ્રીક પંખા, સ્વચ્છતાયુક્ત સુંદર વાતાવરણ, જમવાની સુંદર સગવડ છે. ભોજનમાં ચોખ્ખું ઘી વપરાય છે.

ગિરિરાજ ઉપર ચડવા માટે નવાં પગથીયાં બાંધવામાં આવ્યાં છે. નૂતન સ્નાનગૃહમાં સ્નાન કરવાની સગવડ છે. યાત્રા કરતાં અંતરમાં આહ્લાદ થાય છે, ચિત્તમાં પ્રસન્નતા થાય છે.

તીર્થભક્તિથી આત્મમુક્તિ પ્રાપ્ત થાય છે. તીર્થક્ષેત્રમાં કરેલું દાન અનંતગણું ફળ આપે છે. તાલધ્વજ તીર્થમાં ઇંટયજ્ઞ દ્વારા માત્ર રૂા. ૨૫૧)ની યોજનામાં તીર્થોદ્ધારનાં મહાન કાર્યો થયા છે. નીચે મુજબ યોજના ચાલુ છે.

## શ્રી જૈન શ્રાવિકા ઉપાશ્રય મકાન બાંધકામ ફંડ

ગામમાં શ્રી શાંતિનાથ દેરાસરની બાજુમાં આ ઉપાશ્રયનું આર. સી. સી. પ્લાનથી ભવ્ય મકાન બાંધવાનું છે. તેનું ખાતમુહૂર્ત જેઠ માસ લગભગ થશે. રૂા. ૭૦ હજાર લગભગ ખર્ચનો અંદાજ છે તેમાં રૂા. ૪૦ હજાર એકઠા થયા છે. વ્હેલા તે પહેલા જેવું છે. રૂા. ૨૫૧) આપનારનું નામ આરસની સળંગ તકતીમાં લખાય છે.

## શ્રી ગિરિરાજ ઉપર કેસર, સુખડ, સેવાપૂજા કપડા હોલ

નૂતન સ્નાનગૃહ પાસે આ મકાન બાંધવાની યોજના કરી છે.

રૂા. ૨૫૧) આપનારનું નામ આરસની સળંગ તકતીમાં લખાય છે. લક્ષ્મીની સાર્થકતા કરવા તીર્થક્ષેત્રમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

**ઠે૦ બાબુની જૈન ધર્મશાળા પેઢી**
**તળાજા (સૌરાષ્ટ્ર)**

**શ્રી તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટી**
**ટે. નં. ૩૦**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આજ્ઞાંકિત વર્ધમાન.

લેખક : ઝવેરભાઈ બી. શેઠ બી. એ. (લીંબડી)

ભગવાન મહાવીર ત્રિશલા માતાના ઉદરમાં હતા ત્યારે તેમને વિચાર આવ્યો કે પોતાના હલન ચલનથી માતાને દુ:ખ ઉત્પન્ન થતું હશે. તેથી તેમણે તે ક્રિયા બંધ કરી. એથી તો ત્રિશલા માતાને ઉલટી અસર થઈ. તેમને થયું કે મારો ગર્ભ હલતો-ચલતો બંધ થઇ ગયો છે માટે જરૂર તેને કોઈ હરી ગયું લાગે છે. પારાવાર કલ્પાંત કરતાં ત્રિશલા માતા મૂર્છિત થઇ જાય છે. ત્યારે ભગવાન મહાવીરને ખ્યાલ આવ્યો કે પોતે માતાને સુખ ઉપજાવવા માટે જે કાર્ય કર્યું તે તો દુ:ખકર બન્યું. તેથી તેમણે હલનચલનની ક્રિયા પુન: શરૂ કરી દીધી. ત્યારે જ માતા ત્રિશલાને શાતા વળી.

ગર્ભમાં રહે રહે પણ માતાને સુખ અને સગવડ આપવાની ભગવાનની કેટલી ઉદાત્ત ભાવના ?

ભગવાન મહાવીરના જન્મ પછી રાજ્યમાં સાર્વત્રિક વૃદ્ધિ અને વિકાસ થવા લાગ્યા તેથી તેમનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું હતું.

વર્ધમાનને શાળાએ બેસાડવામાં આવ્યા ત્યારે પણ તેઓ અનંત જ્ઞાનના ધણી હતા, એ છતાં તેમણે કદી પોતાના જ્ઞાનનું અભિમાન કરીને ગુરુનું અપમાન કર્યું નથી. તેમણે સદાસર્વદા ગુરુનો વિનય કર્યો અને શિષ્યની ગુરુ પ્રત્યેની કેવી ફરજ હોવી જોઇએ, શિષ્યનું ગુરુ પ્રત્યેનું કેવું વર્તન હોવું જોઇએ તે પોતાના સદ્‌વર્તનથી બતાવી આપીને બેનમૂન દાખલો રજુ કર્યો છે. ગુરુ પ્રત્યે તેમણે જે બહુમાન દાખવ્યું તે આ યુગમાં ખાસ અનુકરણીય છે.

ભગવાન મહાવીરને સંસારીપણામાંથી દીક્ષા અંગીકાર કરવાની હતી, ત્યારે પણ તેમણે માતાપિતાને દુ:ખ ન થાય એટલા ખાતર તેમની હયાતીમાં પ્રવ્રજ્યા ન સ્વીકારવી એવો દૃઢ નિર્ધાર કર્યો હતો માતા-પિતા પ્રત્યેનો તેમનો કેટલો અહોભાવ ? માતા-પિતા પ્રત્યેનો તેમનો કેટલો પ્રેમ ? માતા-પિતા પ્રત્યેનું તેમનું કેટલું આજ્ઞાંકિતપણું. ?

માતા પિતા સ્વર્ગવાસી બન્યા ત્યારે દીક્ષા લેવા માટે તેમણે તેમના વડિલબંધુ નંદીવર્ધન પાસે પ્રસ્તાવ મૂકયો. પરંતુ મોટાભાઈએ કહ્યું, ' માતા-પિતાના અવસાનનું દુ:ખ હજી વિસરાયું નથી ત્યાં તમે પણ દીક્ષા લઇને વિયોગ ઉત્પન્ન કરશો ?

ત્યારે તેમણે બે વરસ પછી દીક્ષા લેવી એવું નક્કી કર્યું, તેથી તેમના વડિલબંધુને શાતા વળી.

માત્ર માતાપિતા પ્રત્યે જ નહીં પરંતુ પોતાના જયેષ્ઠ બંધુ પ્રત્યે પણ કેવો આદરભાવ તેઓ ધરાવતા હતા, મોટાભાઇને દુ:ખ ન થાય તેની સંપૂર્ણ કાળજી રાખતા હતા તેની ઉપરના દૃષ્ટાંતથી આપણને પ્રતીતિ થશે. ભગવાન મહાવીરના આવા સદ્‌ગુણોનું વર્ણન કરતાં કરતાં મને લક્ષ્મણજી યાદ આવી જાય છે.

શ્રી રામચંદ્રજીને ચૌદ વરસનો વનવાસ મળ્યો હતો તેમની સાથે સીતાજી તો એક સતી તરીકે પતિની સાથે છાયારૂપે ગયા. પરંતુ લક્ષ્મણજીને તેમની સાથે જવાની કશી જરૂર નહોતી. એ છતાં ભાઈ-ભાભીની સેવા કરવા ખાતર જ તેઓ પણ શ્રી રામચંદ્રજી અને સીતાજી સાથે વનમાં ગયા અને તે પણ પોતાની નવપરિણિત પત્ની ઉર્મિલાને છોડીને. લક્ષ્મણજીનો આ મહાન ત્યાગ ગણાય.

વનમાંથી રાવણ સીતાજીનું હરણ કરી જાય છે તે બિના સર્વવિદિત છે. વિમાનમાંથી સીતાજીએ પોતાના અલંકારો નીચે ફેંકયા કે જેથી હતા તેની નિશાની ઉપરથી સીતાજીને કયે માર્ગે લઈ જવામાં આવ્યા છે તેનો ખ્યાલ રામ-લક્ષ્મણને આવે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રામ-લક્ષ્મણ સીતાજીની શોધમાં આવ્યા ત્યારે સિતાજીના આ અલંકારો રામચંદ્રજીના હાથમાં આવે છે. ત્યારે સીતાજીના વિયોગથી બાવરા બનેલા રામચંદ્રજી લક્ષ્મણજીને પૂછે છે કે 'સીતાજીના આ અલંકારોને તું ઓળખે છે?

તેના જવાબમાં લક્ષ્મણજી નીચેનો શ્લોક કહે છેઃ

कुंडले नाभिजानामि नाभिजानामि कंकणे।
नुपूरे त्वेव जानामि नित्यं पादाभिवंदनात्॥

'સીતાજીના કુંડળો કે કંકણને હું જાણતો નથી. હંમેશા તેમને પાય વંદન કરતો હતો એટલે તેમના નુપૂર-ઝાંઝરને હું ઓળખું છું.'

આમાં બે વસ્તુ અત્યંત મહત્ત્વની છે. એક તો ભાભીને હંમેશાં વંદન કરનાર દીયરને ભાભી પ્રત્યે કેટલો અહોભાવ હશે? ભાભી પ્રત્યે માતા જેટલો જ પૂજ્યભાવ તેનામાં હતો. ભાભી પ્રત્યે આટલો પૂજ્યભાવ દાખવનાર લક્ષ્મણજીને રામચંદ્રજી માટે તો પછી કેટલો પૂજ્યભાવ-અહોભાવ હશે તે કલ્પી શકાય તેમ છે.

બીજી, હંમેશા સાથે રહેનાર લક્ષ્મણજીએ ભાભીના પગ સિવાયના કોઇ અંગો નિહાળ્યા નથી તે તેમના ઉપરના ઉત્તરથી સાબિત થાય છે. એક સ્ત્રી યા ભાભીના અંગોપાંગ ન નિહાળવાની તકેદારી રાખનાર આ લક્ષ્મણજીના ચરણોમાં આપણું શિર ઝૂકી જાય છે. સયમ જાળવવાનો આથી ઉદાર દાખલો કયો હોઇ શકે? તેનો શબ્દાર્થ ન લો અને ભાવાર્થ સમજો તો પણ આપણું જીવન ધન્ય બને તેમ છે.

આજે જ્યારે સિને-તારીકાઓના ચેનચાળા નિહાળી નિહાળીને માનવી ઉછૃંખલ બનતો જાય છે, સંયમને દેશવટો આપી રહ્યો છે ત્યારે લક્ષ્મણજીના આ સુંદરતમ દૃષ્ટાંતમાંથી દરેક મનુષ્યે ધડો લેવાની જરૂર છે.

એવું જ ઉમદા દૃષ્ટાંત છે શ્રી શ્રવણકુમારનું. તેના માતાપિતા અંધ હતા. તેમને તીર્થોની યાત્રા કરવી હતી. સ્થિતિ કંગાલ હતી. ત્યારે શ્રવણકુમાર પોતાની કાંધ ઉપર કાવડ ચડાવીને-એક બાજુ માતા અને બીજી બાજુ પિતા-માતાપિતાને એ રીતે તીર્થોની યાત્રા કરાવે છે.

આ રીતે યાત્રા કરાવનાર એ શ્રવણકુમારને કેટકેટલાં કષ્ટો વેઠવાં પડયાં હશે! માતાપિતા પ્રત્યેનું ઋણ એ છતાં પોતે અદા નથી કરી શકયો એવી લાગણી તેણે અનુભવી હતી.

આ સઘળાં ભવ્ય ઉદાહરણો આપણી સમક્ષ એટલા માટે રજુ થાય છે કે આપણે સૌ તેમાંથી કંઇને કંઈ સારૂં શીખીએ.

સારૂં-નરસું પારખવા માટે આપણને વિવેક-બુદ્ધિ મળી છે. તેનાથી વિચારીને સારૂં તે આપણું કરી, સ્વીકારીને નરસાનો સદા-સર્વદા ત્યાગ કરવો જોઇએ.

આ યુગમાં સંયુકત-કુટુંબની ભાવના નષ્ટપ્રાયઃ થતી જાય છે. પાશ્ચિમાત્ય સંસ્કૃતિના વ્યક્તિવાદના નાદથી આપણે સૌ નાચી ઉઠયા છીએ. અને પરિણામે હું, મારી પત્ની અને મારાં બાળકોમાં જ આપણે રાચતા થઇ ગયા છીએ. વડિલો પ્રત્યેનો આદરભાવ ખોઇ બેઠા છીએ.

મેં એવાં પણ કુટુંબો જોયાં છે જેમના પુત્રો મુંબઈમાં વાલકેશ્વરના બંગલાઓમાં સંસારની મોજ માણી રહ્યા હોય છે. ત્યારે તેમના માતાપિતા વતનમાં કંગાળ દશામાં સબડતા હોય છે. એક માતા તો એવી દુર્ભાગી હતી કે વતનમાં તેની સારવાર માટે એક ભાડૂતી બાઇને રાખવામાં આવેલી. તે માતાને કીડા પડયા હતા. એ કીડાઓ સાફ કરાવવા માટે અને તેમની જાતે સેવા કરવાનો અમને લાભ મળ્યો હતો.

એ માતાની અમને ખૂબ દયા આવી અને તેમના પુત્રો અને પુત્રવધૂઓની આવી બેદરકારી પ્રત્યે અનુકંપા ઉપજી. એ માતાના અવસાન પછી તો એમના પુત્રો અને કુટુબીજનોએ વતનમાં આવીને અઠ્ઠાઈમહોત્સવ પણ કરેલો. મને તો તેનો કંઇ અર્થ દેખાતો નથી. આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાખલાને અનુરૂપ એવી ચાર પંક્તિઓ યાદ આવી જાય છે તે ટપકાવી લઉં છું.

કરી અપમાન માનવનું પછી સ્વાગત કરો તો શું ?
કટોરો ઝેરનો પાઇ પછી અમૃત ધરો તો શું ?
નિહાળ્યા ના કદી જેને નજર મીઠી કરીને પણ
મરણની બાદ તેને જો પુષ્પાલંકૃત કરો તો શું ?

મહાન ઉપકારક એવા આપણા માતાપિતા અને વડિલોનું ઋણ આપણે કદી ફેડી શકીએ તેમ નથી. તેમના પ્રત્યે જેટલો આપણે આદરભાવ, પૂજ્યભાવ અને સેવાભાવ બતાવીએ એટલો ઓછો છે.

એક વાત આપણે ભૂલી જઇએ છીએ કે માતાપિતા અને વડિલો પ્રત્યે ધૃણા, નફરત અને બેદરકારી સેવનાર આપણે પણ બાળકોના માતાપિતા છીએ. એ બાળકો આપણી પાછલી જીંદગીમાં આપણી સેવા કરે એવી તો ઇચ્છા આપણે રાખતા હોઇએ છીએ અને આશા સેવતા હોઇએ છીએ. પરંતુ આપણે આપણાં વડિલોની સેવા કરી નથી એવું જાણી જનાર આપણા બાળકો આપણી સેવા કરશે ખરા ?

પ્રત્યેક ધર્મમાં ત્યાગનો મહિમા ગવાયો છે. સ્વેચ્છાથી કષ્ટ વેઠવાની મજા ઓર હોય છે. માતાપિતા અને વડિલોની સાદર સેવા બજાવનાર મહાનુભાવને અલૌકિક આનંદનો અનુભવ થાય છે. તે વર્ણનાતીત છે. માટે પ્રત્યેક વ્યક્તિએ સ્વાનુભવ કરવો-કરી લેવો.

ભગવાન મહાવીરસ્વામીના જીવનમાંથી આ આજ્ઞાંકિતપણું, સેવાભાવ, વડિલો પ્રત્યે દાખવવાનો આદરભાવ અને પૂજ્યભાવ આપણે આપણા જીવનમાં ઓતપ્રોત કરીએ તો જ તેમની જન્મ જયંતિ ઉજવ્યાની સાર્થકતા છે.


શ્રી શત્રુંજય તીર્થાધિરાજની પવિત્ર ભૂમિમાં
દાન તથા પૂન્ય કરવાનું અપૂર્વ ક્ષેત્ર

**શ્રી ગૌરક્ષા સંસ્થા-પાલીતાણા**

**સ્થાપના : સં. ૧૯૫૫**

સંસ્થામાં અપંગ, અશક્ત, આંધળા જાનવરોને સુકાળ તેમજ દુષ્કાળ જેવા સમયમાં બચાવી પાલન કરી રક્ષણ કરવામાં આવે છે. હાલમાં દોઢસો ઉપરાંત જાનવરો છે. પાણીના બન્ને અવેડા ભરવામાં આવે છે તથા પારેવાને નિયમિત ચણ નંખાય છે. ચાલુ વર્ષ દુષ્કાળ પડવાથી સંસ્થાનું ફંડ ખરચાઇ ગયું. આથી સંસ્થાની આર્થિક સ્થિતિ ખૂબ જ મુસ્કેલીભરી રહે છે તો સર્વ મુનિ મહારાજ સાહેબોને, દરેક ગામના શ્રી સંઘને, દયાળુ દાનવીરોને તથા ગૌપ્રેમીઓને મૂંગા પ્રાણીઓના નિભાવ માટે મદદ મોકલવા વિનંતિ છે. સંસ્થા તરફથી પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષમાં ઉપદેશકોને મોકલવામાં આવ્યા છે તો તેમને સહાય કરવા વિનંતિ.

સંસ્થા તરફથી દુગ્ધાલય તથા ગોસંવર્ધનની યોજના ચાલુ છે તે વૃદ્ધિ પામતી જાય છે.

જીવરાજ કરમસી શાહ
રમણીકલાલ ગોપાળજી કપાસી
માનદ્ મંત્રીઓ

શ્રી ગૌરક્ષા સંસ્થા
પાલીતાણા-સૌરાષ્ટ્ર




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રામકથા વિષે કેટલીક ભ્રાંત ધારણાઓ

( હિંદીમાં ) લેખક : ડૉ. કે. ઋષભચંદ્ર

ભારતીય જનજીવન ઉપર રામચરિતની છાપ ઘણી જ છે. તેથી જ રામકથા ભારતીય જનતાને એટલી પ્રિય રહી છે. એવી કોઈકજ વિરલ વ્યક્તિ હશે જે રામકથાથી પરિચિત ન હોય. શ્રી રામચંદ્રજીનું જીવન ભારતીઓ માટે એક આદર્શ રહ્યું છે. ભગવાન બુદ્ધ અને ભ. મહાવીરના સમયથી અત્યારસુધી આ કથા જુદી જુદી ભાષાઓમાં ઉપલબ્ધ છે. વિદેશીએ પણ સમય-સમય પર પોતાની ભાષાઓમાં આ કથાને અપનાવી છે. તિબેટ, ચીન, ખોતાન, મલય, જાવા, કંબોડિયા તથા પાશ્ચાત્ય દેશોમાં પણ આ કથા પ્રચલિત છે. આ છે આ રામકથાની મહાનતા અને લોકપ્રિયતા !

પરમ્પરાગત રામકથા એક સ્વતંત્ર આખ્યાનના રૂપમાં ઉત્તર ભારતમાં પ્રચલિત હતી. ભારતના બધા ધર્મોએ પોત-પોતાના ધર્મપ્રચારને માટે પોત-પોતાના રંગ રુપ દઈને આ કથાનકને અપનાવ્યું છે. આમાં હિન્દુ, બૌદ્ધ અને જૈનનો સમાવેશ થાય છે. બૌદ્ધ રામકથાનો એટલો બધો વિકાસ ન થઇ શક્યો જેટલો હિન્દુ અને જૈન રામકથાનો. હિન્દુ (બ્રાહ્મણ) સાહિત્યમાં રામકથાનો સર્વ પ્રથમ ગ્રંથ છે વાલ્મીકિ રામાયણ. જૈન સાહિત્યમાં આ કથાનકનું સર્વ પ્રથમ વિસ્તૃત રુપ વિમલસૂરિના પ્રાકૃત પउमचरियं અને રવિષેણાચાર્યના સંસ્કૃત પદ્મચરિતમ્‌માં મળે છે. રવિ-ષેણની કૃતિ પउमचरियं ની ઋણી છે.

વાલ્મીકિ રામાયણ જેવી રીતે અનુગામી હિન્દુ-(બ્રાહ્મણ) રામ સાહિત્યનો સ્રોત છે તેવી પણ અધિક-તર, જૈન રામ સાહિત્ય વિમલસૂરિના પउमचरियने આભારી છે. આ કથા પર હિન્દુ સાહિત્ય વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ કથાના લગભગ સો-દોઢસો ગ્રંથો જોવા મળે છે. જૈન સાહિત્ય પણ મોટા પ્રમાણમાં મળે છે. પચાસેક રચનાઓ (પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ અને આધુનિક ભાષાઓમાં આ કથાને આશ્રય મળ્યો છે.

ઉપર કહેવાઇ ગયુ છે કે હિન્દુઓ, બૌદ્ધ અને જૈનોએ આ કથાને પોત-પોતાનું ધાર્મિક રૂપ દીધું છે, તેથી તેમાં કેટલાંક પરિવર્તનો અવશ્ય દૃષ્ટિગોચર જોવા મળે છે. હિન્દુ રામાયણમાં રામને જે વાતાવરણમાં ચિત્રિત કરવામાં આવ્યા છે તે જ રૂપમાં જૈન રામા-યણમાં આવ્યા નથી. એવા સ્થળોએ રામને જૈન ધર્માનુ-કૂળ બનાવવાં જ સ્વાભાવિક લાગે છે. પરન્તુ આ બધા ભેદો ઉપરાન્ત જૈન રામાયણમાં કેટલીક એવી મૌલિક વિશેષતાઓ પણ છે જેને આપણે લૌકિક (Secular) કહી શકીએ છીએ. તથા તે સામાન્યતઃ મનુષ્યવર્ગના વિકસિત બુદ્ધિસ્તર સાથે સંબંધ ધરાવે છે. એ દૃષ્ટિથી જૈન રામ કથાઓમાં વાસ્તવિકતાનું પ્રતિપાદન થયું છે. એવા સ્થળોએ વાંચીને એવું પ્રતીત થાય છે કે પૂર્વ-કાળમાં પણ ભારતીય જનતા સાવ અન્ધવિશ્વાસી નહોતી, જે કોઇપણ આશ્ચર્યજનક વર્ણનને તરત જ માની લે. વિમલસૂરિ (ઈસાની પાંચમી શતાબ્દિ) પ્રમાણે જૈન રામકથાને લખવાની જરૂરત એટલી પડી કે અન્ય રામકથામાં એવી કેટલીયે ઘટનાઓ હતી જે ભ્રમાત્મક હતી અને તેથી લોકોનો વિશ્વાસ ઉડી ગયો હતો. લોકમાનસની આ પ્રવૃત્તિનું નેતૃત્વ વિમલસૂરિએ "પउमचरियं" ના લૌકિક રૂપના માધ્યમથી કર્યું હતું. તેનાથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે તે સમયે પણ વિકસિત બુદ્ધિવાદનો પ્રચાર અવશ્ય હતો, જેના પાયા પરજ વાલ્મીકિ રામાયણ (આદિ રામાયણના પશ્ચાત્-કાલીન વધેલું રૂપ)ની આશ્ચર્યજનક અને અવિશ્વસનીય વાતોનો સ્વીકાર કરવામાં લોકો અચકાતા હતા. વાનરો દ્વારા રામની સફળતા, હનુમાનના પૂંછડાથી આખી લંકાને બાળી દેવી, મનુષ્યોનું રાક્ષસો સાથે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યુદ્ધ, રાક્ષસો દ્વારા મનુષ્યભક્ષણ, રાક્ષસોનું ભયંકર અને બીભત્સ રુપ વગેરે કેટલીક એવી વાતો છે જે બુદ્ધિજીવીઓને અટપટી જેવી લાગે છે. આ જ કારણથી કે વિમલસૂરિ તથા પરવર્તી કેટલાક લેખકોએ રાક્ષસો અને વાનરોના આ ભ્રમાત્મક વર્ણનની ટીકા કરી છે, તથા તેના સ્વાભાવિક રૂપને અર્થાત તેનો, માનવ જાતિઓ અને વંશોના રૂપમાં જ સ્વીકાર કર્યો છે. આજે પણ આપણે જોઈએ છીએ કે 'નાગ' શબ્દનો પ્રચલિત અર્થ સર્પ છે પરંતુ તે જ નામની એક માનવ જાતિ આસામના પહાડોપર હજી પણ વિદ્યમાન છે. ભારતીય સાહિત્યમાં કેટલેય સ્થળે નાગ (જાતિઓ) નું વર્ણન આવ્યું છે. પહેલા તે નાગ જાતિનો અર્થ reptile સર્પ જ કરાતો હતો અને આ જાતિ એક આશ્ચર્યની ચીજ બની રહી હતી. પરંતુ ધીરે ધીરે સાહિત્યિક અન્વેષણની સાથેસાથ એ ધારણા નષ્ટ થવા લાગી, તથા નાગજાતિ એક શક્તિશાળી મનુષ્ય જાતિના રૂપમાં સ્વીકારાઇ, કે જેનું, ભારતમાં એક સમયે મહત્વ-પૂર્ણ આધિપત્ય હતું નાગપુર શહેરનું નામકરણ પણ તે જ માનવજાતિની સ્મૃતિ જેવું જણાય છે. વાકાટક ગુપ્તકાલનો ઇતિહાસ વાંચતી વખતે એ સ્પષ્ટ થાય છે કે દ્વિતીય ચન્દ્રગુપ્તના દિગ્વિજયમાં, તથા તેના અશ્વમેધીના રૂપમાં પ્રસિદ્ધ થવામાં જ્યારે સૌથી મોટી મુશ્કેલી ઉભી થઇ ત્યારે તેણે પોતાના સમયના મહાપરાક્રમી નાગવંશીઓ સાથે પોતાનો લગ્ન સંબંધ જોડયો હતો. આજ પણ કેટલાક લોકો પોતાના નામની આગળ ( surname ) 'નાહર'નો પ્રયોગ કરે છે. નાહર શબ્દનો શાબ્દિક અર્થ છે સિંહ અથવા ચિત્તો. તો શું કોઈપણ વ્યક્તિ, આવા લોકોને જંગલી જાનવરના રૂપમાં ગ્રહણ કરવાની ભૂલ કરશે? 'નાહર' શબ્દ તો તેમનું કૂળ, ગોત્ર અથવા વંશની સૂચના આપે છે. 'નાહર' ની જેમ સિંહનો પ્રયોગ પણ તે જ સંદર્ભમાં તદ્દન સાધારણ છે. ભારતીય જ કેમ, જો પ્રાપ્ત વિલાયતી સંજ્ઞાવાચક નામોનું અધ્યયન કરવામાં આવે તો તે પણ આ જ તથ્યની પુષ્ટિ કરે છે. કેટલાક અંગ્રેજી પુરુષોના ફોક્સ (Fox) કોક્સ, (Cocks) બુલ (Bull) આદિ ઉપનામ પ્રાપ્ત થાય છે, તો શું તેમને સામાન્ય અર્થમાં સ્વીકારીને એ જ નિષ્કર્ષ કાઢીશું કે તે દેશોનાં લોકો લોમડી, કુક્કુટ અને બળદના સતાનો છે? એ જ રીતે રૂસી પ્રજા પણ એક સમયે જાપાનિયોને "પીળા બન્દર" ( Yellow Monkey ) કહીને તેનો ઉપહાસ કરતા. આ બધા આધુનિક ઉદાહરણોથી એટલું સ્પષ્ટ થઇ જાય છે કે તે પ્રાચીન કાળમાં પણ વાનર અને રાક્ષસ કયા અર્થનો બોધ કરાવતા હશે. ત્યારપછી, એ સ્વીકાર કરવામાં આપણને કોઇ આપત્તિ ન થવી જોઇએ કે, 'વાનર' અને 'રાક્ષસ' શબ્દ કોઇ મનુષ્ય જાતિના વંશવાચી (શબ્દ) જ હશે.

હવે કેટલાક એવા મુખ્ય તથ્યોનું પર્યાલોચન કરવામાં આવે છે જે વાલ્મીકિ રામાયણ તથા વિમલસૂરિના પઉમચરિયં માં જુદી જુદી રીતે વર્ણવાયેલ છે. તેથી એ સ્પષ્ટ રીતે વિદિત થશે કે જૈન સાહિત્યકારોએ પૂર્વકાલીન યથાતથ્ય પરમ્પરાને સુરક્ષિત રાખ્યું છે. જે આધુનિક યુગને અનુકૂળ અને વિકસિત બુદ્ધિસ્તર સાથે તારતમ્ય રાખે છે.

વાલ્મીકિ રામાયણમાં રાક્ષસોનું વર્ણન કરતાં આદિ કવિ લખે છે કે તે ઋષિમુનિઓનાં માંસનું ભક્ષણ કરતા હતાં, અને તેનું લોહી પીતા હતા. તેને પિશિતાશિન અને પુરૂષાદ ની સંજ્ઞા (નામ) દેવામાં આવી છે, જેથી પ્રકટ થાય છે કે તેઓ નરભક્ષી હતા, એટલું જ નહિ, તેઓ દેવતાઓને પણ સતાવ્યા કરતા હતા, રાક્ષસોની આકૃતિનું વર્ણન પણ એ જ રીતે ભયંકર અને બીભત્સ છે. વિરાધ રાક્ષસનું રુપ આ રીતે બતાવવામાં આવ્યું છે તે વિકૃત અને ઘોર આકૃતિવાળો હતો તેની આંખો મસ્તકની અંદર ઊંડી ઘુસેલી હતી. તેનું મુખ બહુ જ લાંબું હતું શરીર વિશાળ અને પેટ ક્યાંકથી ઊંચું તો ક્યાંકથી નીચું હતું. તેણે લોહીથી અને ચરબીથી ભીંજાયેલા વ્યાઘ્રની ખાલ ઓઢી હતી. તેણે ત્રણ સિંહ, ચાર વાઘ, અને બે બળદ, દસબાર શીંગડા તથા ચરબીથી લથ-પથ એક હાથીના મસ્તકને ધારણ કર્યું હતું. તે ખૂબ વેગથી ભયંકર નાદ કરતો રામ અને લક્ષ્મણ તરફ ધસ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ રીતના અન્ય વર્ણનોથી રાક્ષસો મનુષ્ય નહતા પણ ખૂબ વિકૃત અને ભયંકર આકૃતિવાળાં પ્રાણીઓ હતાં. તેની જ અનુભૂતિ થાય છે. એક વાર તો આ વર્ણનને વાંચીને વાચક પણ કાંપી ઊઠે છે.

આથી ઉલટું, જૈનરામાયણ (પઉમચરિયં)ની અનુસાર રાક્ષસો મનુષ્ય જ હતાં. તે સમુદ્રી દ્વીપોની રક્ષા કરતા હતા તેથી તેને રક્ખસ-રાક્ષસ નામ દેવામાં આવ્યું હતું. રાક્ષસ એક નરવંશ હતો, જે વિદ્યાધર વંશની એક શાખા હતી, આ લોકોએ લંકા અને અન્ય દ્વીપોમાં વસીને ત્યાં પોતાનું રાજ્ય-પ્રભુત્વ જમાવ્યું હતું આ વિદ્યાધર વંશ પ્રથમ તીર્થંકર ઋષભના કાળથી, વિજયાર્ધ (વિન્ધ્ય ક્ષેત્ર) પર્વત ઉપર નમિ અને નેમિ નામના રાજાઓથી શરૂ થયો હતો. રાક્ષસવંશનો આદિ-સ્થાપક વિદ્યાધર રાજા ધનવાહન હતો, જેણે દ્વિતીય તીર્થંકર અજિતનાથના સમયમાં રાક્ષસ-દ્વીપમાં લંકા નગરી ઉપર પોતાનું આધિપત્ય સ્થાપ્યું હતું. અને તે જ રાજાના વંશજ રાક્ષસ કહેવાયા. આ લોકોને અન્ય મનુષ્ય જાતિઓની જેમ જ ચિત્રિત કરવામાં આવ્યા છે, તથા તેના નરભક્ષી અને માંસભક્ષી હોવાનો કોઈ ઉલ્લેખ નથી. તેની આકૃતિ ભયંકર હોવાનું પણ કોઇ વર્ણન નથી મળતું. આ રાક્ષસો પોતાનાં કાર્યો અને વ્યવહારથી એવા જણાય છે કે તેઓ ઘણી ઉન્નત અવસ્થામાં હતા. તેમના મકાન-મહેલનાં વર્ણન તથા રીત-રિવાજ અને રાજ્ય-સંચાલનથી પણ આ જ તથ્ય સન્મુખ આવે છે.

રાવણના દશ મસ્તકનું વર્ણન વાલ્મીકિ રામાયણમાં આવે છે. તે જ પરંપરા અન્ય હિન્દુ લેખકો તેમજ કવિઓએ અપનાવી છે. આ એક ખૂબ જ આશ્ચર્યની વાત છે કે ક્યારેક દશમુખવાળા પ્રાણીઓ પણ વિદ્યમાન હતાં.

જૈન રામાયણમાં વર્ણન આવે છે કે રાવણ જ્યારે બહુ નાનો હતો ત્યારે એક દિવસ તેણે એક હાર પહેર્યો હતો જેમાં નવ બહુમૂલ્ય અને ચમકવાળાં રત્નો હતાં. તે રત્નોમાં તેના મુખના નવ પ્રતિબિંબ પડતા હતા એટલે તેનું નામ દશવદન- દશમુખ રાખવામાં આવ્યું હતું. આજે પણ નામકરણ પદ્ધતિનું અધ્યયન કરીએ તો ખ્યાલ આવશે કે એવી કેટલીય વ્યક્તિઓનાં નામ છે જેને સાર્થક કરીએ તો તે સાચા રૂપમાં ચરિતાર્થ નથી કરતાં:—જેમકે, ભાનુકુમાર, ચતુર્ભુજ વગેરે. પુરાણોમાં રાજા સહસ્રબાહુનું વર્ણન આવે છે, પરંતુ શું તે રાજાને એક હજાર ભૂજાઓ હતી! દશરથ નામનું શુ તાત્પર્ય ગણાય? શું તેઓ એકી સાથે દશ રથો પર સવાર થતા હતા અથવા તેમની પાસે દશ જ રથ હતા, અથવા તેઓ દશ રથ જેટલા શક્તિ-શાળી હતા?

વાનરોની બાબતમાં વાલ્મીકિ રામાયણમાં તેમની ચેષ્ટાઓનું એવું ચિત્રણ કરવામાં આવ્યું છે જેનાથી તેઓ બન્દર જાતિના પશુ જ લાગે છે. હનુમાન સીતાની શોધમાં રાવણના શયનકક્ષને જોયા બાદ પોતાનું પૂંછડુ ઝાટકે છે તથા તેને ચૂમવા માંડે છે. તેઓ વારંવાર થાંભલા પર ચડે છે અને નીચે ઊતરીને જમીન પર કૂદે છે તે ઉપરાંત વાનરાઓની કિલકારી કરવાનો, પૂછડું પછાડવાનો તથા વૃક્ષો ઉપર કૂદંકૂદ કરીને ચડવાના વર્ણનો પણ આવે છે. આવા વર્ણનોથી સુગ્રીવ, હનુમાન આદિના શાખામૃગ હોવામાં કોઈ સંદેહ રહેતો નથી.

જૈન પરમ્પરા પ્રમાણે વાનર પૂંછધારી જાનવર નહોતો. તે પણ વિદ્યાધર જાતિના જ વંશ જ હતો. વિદ્યાધર રાજા અમરપ્રભે જ્યારે ત્રિકૂટ (લંકા)ના સ્વામીની પુત્રી ગુણવતી સાથે વિવાહ કર્યો, તે વિવાહો-ત્સવના અવસર ઉપર પોતાની પરંપરાગત પ્રથા પ્રમાણે બન્દરોના ચિત્રો ભૂમિ પર ચીતર્યાં હતાં. આ ચિત્રો જોઇને ગુણવતી ભયભીત થઇ ગઈ. અમરપ્રભના પૂછવાથી મંત્રીઓ દ્વારા જાણ્યું કે તેનાં પૂર્વપુરૂષ રાજા શ્રીકંઠે, જેણે કિષ્કિન્ધપુરની સ્થાપના કરી હતી; તેણે વાનરોને મંગળમય હોવાની માન્યતા આપી હતી. તે પછી શુભ અવસરો પર બન્દરોના ચિત્ર મંગળમય રૂપમાં ચિત્રિત કરવાની પ્રથા ચાલી આવી. આ જાણીને અમરપ્રભે પોતાના મંત્રીઓને આજ્ઞા આપી કે તેઓ ચિત્રોને ભૂમિ ઉપર અંકિત ન કરતાં, આજથી ધ્વજાઓ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુગટો અને તોરણ-દ્વારો પર ખેંચવામાં આવે. એ રીતે વાનર (બન્દર) તે વંશનું રાજચિહ્ન બની ગયું અને ત્યારથી તે લોકો વાનરવંશી કહેવાયા.

આજેય તે બાલચરોનાં જે દળો હોય છે તેમનાં ઝંડા પર સિંહ, વ્યાઘ્ર, ચિત્તા, લોમડી આદિનાં ચિત્રો અંકિત હોય છે. અને એ જ નામોથી તે દળો ઓળખવામાં આવે છે. ભારતનું રાજચિહ્ન પણ ત્રિસિંહમુખ છે. આ સંદર્ભોમાં જૈન વર્ણન કેટલું સ્વાભાવિક જણાય છે! યથાર્થવાદી વર્ણનનું તે અનોખું ઉદાહરણ છે. પ્રાચીન ભારતમાં આનંદરાજ વંશના રાજા કન્દરે પોતાના રાજ્યધ્વજ ઉપર ગોલાંગૂલનું ચિત્ર સ્વીકાર્યું હતું.

સીતાની ઉત્પત્તિ વિષે વાલ્મીકિ રામાયણમાં એવું વર્ણન છે કે ક્ષેત્ર શુદ્ધિ વખતે, હળ ચલાવતી વખતે રાજા જનકને ભૂમિથી ઉત્પન્ન એક બાલિકા પ્રાપ્ત થઇ જેનું નામ સીતા રાખવામાં આવ્યું. આ એક અદ્ભૂત ઘટના છે. તેથીજ અને સીતાના માતાપિતા વિષે નિશંક સૂચનાના અભાવમાં આગળ ચાલીને હિન્દુ રામકથાઓમાં સીતાની ઉત્પત્તિ વિષે કેટલીક માન્યતાઓ બંધાઇ ગઇ. તેની ઉત્પત્તિનો સંબંધ પદ્મ, રક્ત, તથા અગ્નિ સાથે પણ જોડાય છે.

જૈન લેખકોની કૃતિઓમાં સીતાના આ આયોજીત રૂપનો અભાવ છે. પૂર્વ પરમ્પરા પ્રમાણે તે રાજા જનક તથા તેની સ્ત્રી વિદેહાની કુક્ષિથી ઉત્પન્ન થયેલી સંતાન હતી.

આ રીતે એ નિષ્કર્ષ ઉપર પહોંચાય છે કે વિમલસૂરિ જ પ્રથમ ભારતીય કવિ હતા કે જેણે વાલ્મીકિના આદિ રામાયણમાં જે અદ્ભૂત, અવિશ્વસનીય તત્ત્વો ઘુસી ગયાં હતાં, તેનું નિરાકરણ કર્યું, યથાર્થતાની પુનઃ સ્થાપના કરવામાં અજોડ યોગ દીધો. તેમણે બુદ્ધિવાદી જગતની શંકાઓનું નિવારણ કરીને રામકથાને વિશ્વસનીય ભૂમિકા પર પ્રતિષ્ઠિત કરી.

આધુનિક સમયની માંગ પ્રમાણે ઉક્ત અદ્ભૂત તત્ત્વોનું સમાધાન જૈન રામાયણોથી ખૂબ જ સરળ થઇ ગયું છે. જેમ જેમ જૈન સાહિત્યના ઔર સ્થળ, પ્રકાશમાં આવતા ગયા તેમ તેમ વિદ્વાનોએ હિન્દુ રામાયણોની રાક્ષસ-વાનર સમસ્યાને આ રૂપમાં ઉકેલવાના પ્રયત્નો કર્યા છે. આ પ્રસંગમાં શાન્તિકુમાર નાનુરામ વ્યાસનો લેખ ઉલ્લેખનીય છે. તે પોતાના-"**रामायण-कालीन वानर-बन्दर या मनुष्य**" નામના નિબંધમાં લખે છે—

...."સ્વયં કવિએ (વાલ્મીકિ) વાનરોનાં વિષયમાં પરસ્પર વિરોધી અથવા અસંગત વાતોનો આશ્રય લીધો છે. કોઇ કોઇ વાર તો તે તેમને એકલા વાનરોના રૂપમાં ચિત્રિત કરે છે અને આ સામ્યને કાયમ રાખવા માટે પોતાના પ્રયત્નમાં અનેક યુક્તિઓનો સહારો લે છે..... પરંતુ સુગ્રીવના વાંદરવેડા ત્યારે ઉદ્ઘાટિત થાય છે જ્યારે રામ અને લક્ષ્મણને જોઇને તે સશંકિત, ભયગ્રસ્ત અને ઉદ્વિગ્ન થઇ જાય છે. આ દૃશ્યના અંકનમાં કવિએ "વાનર" શબ્દ ઉપરાંત તેમાં प्लवंगम, हरिशाखामृग, कपि-આદિ પર્યાયોનો પણ પ્રયોગ કર્યો છે....વાનરોને મનુષ્ય માનવામાં સૌથી મોટી મુશ્કેલી તેમની આ પૂંછડી છે."

આગળ, નિષ્કર્ષ તારવતા લખે છે કે હવે તો એ પ્રાયઃ સ્વીકાર કરી લેવામાં આવ્યું છે કે પ્રાચીન ભારતમાં પશુઓના નામથી અભિહિત કેટલીય જાતિઓ નિવાસ કરતી હતી, જેમ કે નાગ (સર્પ), ઋક્ષ (રીંછ) અને વાનર (વાંદરો).

ઉપર જે કાંઈ પણ વાલ્મીકિ રામાયણનાં વર્ણનો વિષે કહેવાઈ ગયું છે તેનાથી સ્પષ્ટ છે કે વાનરો જાનવરો જેમ ચિત્રિત કરાયા છે, તો પછી વિદ્વાનોનો મત તેનાથી વિમુખ કેમ જઇ રહ્યો છે? લાગે છે કે સમયની માંગ પ્રમાણે તથા લોકોની અભિરૂચિને અનુરૂપ તે જ પ્રસંગોની અન્ય પ્રકારે વ્યાખ્યા કરવી પડે છે.

જૈન રામાયણોનાં વર્ણનોથી સ્પષ્ટીકરણને વધારે વજન મળતું રહે છે, કે વાનર અને રાક્ષસ મનુષ્યોના જ વંશજ હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ બધી વાતો ઉપરાંત એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ વિષય છે કે તે પ્રાચીનકાળમાં પણ જ્યારે આધુનિક વિજ્ઞાનનો વિકાસ થવા પામ્યો ન હતો, ત્યારે પણ ભારતમાં એક એવી પરમ્પરા પ્રચલિત હતી જેણે વાનરો અને રાક્ષસોને જંગલી પ્રાણીઓના રૂપમાં કોઈ દિવસ પણ સ્વીકાર નથી કર્યો. આ પરંપરાને નિભાવવાનું શ્રેય જો કોઈને પણ હોય તો તે જૈન સાહિત્યને જ. કેમકે હિન્દુ પરમ્પરામાં તેમને જાનવરોના રૂપમાં જ ચિત્રિત કરવામાં આવ્યા છે. જે લોકોની, ભારતીય જનતા વિષે, એ એકાન્તિક ભ્રમાત્મક ધારણા થઈ ગઈ હોય કે તેઓ નર્યા અંધ-વિશ્વાસી તથા અદ્દભૂત ઘટનાઓ પર વધારે વિશ્વાસ કરવાવાળા હતા, તેમને માટે જૈન રામકથા પ્રસંગોચિત એક અપૂર્વ ઉત્તર છે.

આ રીતે ભારતીય રામકથાઓ એ પણ દર્શાવે છે કે જનતામાં બંને પ્રકારના લોકો વિદ્યમાન રહે છે. અદ્દભૂત ઘટનાઓ પર સહસા જ વિશ્વાસ કરવાવાળા, જેનો બુદ્ધિસ્તર વિકસિત નથી હોતો અને બીજા, જેઓ યથાર્થને જ ઉચિત માને છે. આધુનિક વૈજ્ઞાનિક યુગમાં પણ માત્ર ભારતમાં જ નહિ પણ પાશ્ચાત્ય દેશોમાં પણ એવા બે સ્તરોની હયાતી આજે પણ છે.

'શ્રવણ' વર્ષ ૧૬ અંક ૧૨માંથી સાભાર

અનુવાદક : **મિનળ ત્રિવેદી.**

# અન્ન-પ્રતિષ્ઠા

આજે જ્યારે અન્નસંકટ ભારતમાં એક રાષ્ટ્રીય સમસ્યારૂપ બની ગયું છે ત્યારે તૈતરેય ઉપનિષદમાં આપેલી અન્નની પ્રતિષ્ઠા ધ્યાનમાં રાખવા જેવી છે.

વરુણ પોતાના પુત્ર ભૃગુને પદાર્થમાં તેમ જ આત્મામાં રહેલા બ્રહ્મત્વને બોધે છે ત્યારે કહે છે કે આપણે જે ખાઈએ છીએ એ ખોરાક અને શ્વસીએ છીએ એ હવા બ્રહ્મનાં પવિત્ર રૂપો છે. એથી આપણે બંધાઈએ છીએ અને એથી જ આપણી વાણી, વિચાર, વર્તન વગેરે ક્રિયાઓ સંચલિત બને છે.

**अन्नं ब्रह्मेति व्यजानात् अन्नाद्देव खल्विमानि भूतानि जायन्ते ।**
**अन्नेन जातानि जीवन्ति अन्नं प्रयन्त्यभिसंविशन्तीति ॥**

એ જાણતા હતા કે અન્ન બ્રહ્મ છે કારણ કે અન્નમાંથી આ સૃષ્ટિના સૌ લોકો જન્મે છે, અન્નથી જ તેઓ જીવે છે અને મૃત્યુ પછી તેઓ બીજા જીવોનું અન્ન બને છે. ( ૩-૨ )

**अन्नं न निन्द्यात् । तद् व्रतम् ।**
**अन्नं न परिचक्षीत । तद् व्रतम् ।**
**अन्नं बहु कुर्वीत । तद् व्रतम् ।**
**न कंचन वसतौ प्रत्याचक्षीत । तद् व्रतम् ॥**

અન્નની નિંદા ન કરવી જોઈએ, એ વ્રત લેવું ઘટે. અન્નનું વિપુલ ઉત્પાદન કરવું જોઈએ, એ વ્રત લેવું ઘટે. જે કોઈ અન્ન માટે આવે એને પાછો ન કાઢવો જોઈએ, એ વ્રત લેવું ઘટે.

( ૩-૭-૧૦ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બોધ કથાઓ

સંચિત

( ૧ )

એક બ્રાહ્મણે પોતાના આઠ વર્ષના પુત્રને એક મહાત્માપાસે લઇ જઇને કહ્યું કે "મહારાજજી, આ છોકરો હંમેશાં ગોળ ખાઇ જાય છે કૃપા કરી આપ કોઇ ઉપાય બતાવો". મહાત્માએ તેને એક પખવાડિયા પછી આવવાનું કહ્યું. બ્રાહ્મણ તો પંદર દિવસ વીત્યા પછી છોકરાને લઇને ફરી માહાત્માની પાસે પહોંચ્યો. મહાત્માએ બાળકના હાથ પકડીને ખૂબ મીઠા શબ્દોમાં કહ્યું કે " બેટા હવેથી કદી તારે ગોળ ન ખાવો અને કજિયો પણ ન કરવો " ત્યારબાદ તેની પીઠ થાબડીને અને ખૂબ પ્રેમથી તેની સાથે વાતચીત કરીને મહાત્માએ તેને વિદાય આપી. તે દિવસથી તે બાળકે ગોળ ખાવાનું છોડી દીધું.

થોડા દિવસો પછી બ્રાહ્મણે મહાત્મા પાસે જઇને ઘણા આગ્રહથી પૂછ્યું: "મહારાજ, આપના એક વખતના ઉપદેશે એવું જાદુ કર્યું કે કાંઇ કહેવાની વાત નહીં. પરંતુ આપે તે દિવસે ઉપદેશ ન આપતાં પંદર દિવસ પછી આવવાનું શા માટે કહ્યું હતું ?" મહાત્માએ હસીને જવાબ આપ્યો: "ભાઇ, જે મનુષ્ય પોતે સંયમ નિયમનું પાલન નથી કરતો તે બીજાને સંયમ–નિયમનો ઉપદેશ આપવાને અધિકારી નથી. તેના ઉપદેશમાં બળ જ હોતું નથી. હું ભોજનની સાથે હંમેશાં ગોળ ખાતો, એ ટેવ છોડવાની મેં પોતે એક પખવાડિયા સુધી પરીક્ષા કરી અને જ્યારે ગોળ ન ખાવાનો મારો અભ્યાસ મજબુત થઈ ગયો ત્યારે હું સમજ્યો કે હવે હું પૂરેપૂરા મનોબળથી દઢતાપૂર્વક તારા પુત્રને ગોળ ન ખાવા માટે કહેવાનો અધિકારી થયોછું"

દઢતા, ત્યાગ, સંયમ અને તેને અનુકૂળ આચરણ એ ચારે વસ્તુઓ જ્યારે એકત્ર બને છે ત્યારે જ સફળતા મળે છે.

( ૨ )

કોઇ એક તળાવ પાસે કેટલાક માછીમારો માછલી પકડતા હતા એક સમડીએ તરાપ મારી એક માછલી ઝડપી લીધી. માછલીને જોતાં જ આજુબાજુથી સેંકડો કાગડાઓ સમડીની પાછળ પડયા અને કા...કા...કા કરીને ખૂબ શોર મચાવવા લાગ્યા. સમડી જે દિશામાં જાય તે દિશાતરફ કાગડાઓ પણ ગતિ કરે, ગભરાટમાં ને ગભરાટમાં આમતેમ ઉડવા જતાં સમડીની ચાંચમાંથી માછલી નીચે પડી ગઈ. તરતજ કાગડાઓ સમડીનો પીછો છોડીને માછલીને ઝડપવા દોડયા. અને આમ બધીજ ચિંતાઓથી મુક્ત થઈને સમડી એક વૃક્ષની શાખા ઉપર બેઠી અને વિચાર કરવા લાગી: "પેલી દુષ્ટ માછલીજ મારા દુ:ખનું કારણ હતી. તેને છોડી દીધી પછી કેવી શાંતિ મળી ?"

જ્યાં સુધી મનુષ્ય પાસે માછલી હોય છે એટલે કે દુન્યવી વાસનાઓ હોય છે ત્યાં સુધી તેને બધાંજ કાર્યો કરવાં પડે છે અને પરિણામે ચિંતા, ભય, ગ્લાનિ વગેરેનો અનુભવ તેને થાય છે. જેવો તે આ વાસનાઓથી મુક્ત થાય છે કે તરત જ તેનો આત્મા અનંત શાંતિનો અનુભવ કરે છે.

( ૩ )

ઘરમાં સ્ત્રી પુરુષ બે જ માણસ હતા, અને તે બંને અરસ્પરસ હંમેશાં લડ્યાં કરતાં હતાં એક દિવસે તે સ્ત્રીએ પોતાની પાડોશણની પાસે જઇને કહ્યુંકે– " બહેન, મારાપતિનો સ્વભાવ ખૂબ જ ચીડિયો છે એ જ્યારે ને ત્યારે મારી સાથે લડ્યા જ કરે છે અને અમારી બનાવેલી રસોઇ રખડે છે" પાડોશણે કહ્યું "અરે, એમાં તે શી મોટી વાત છે ? મારી પાસે એક એવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અચૂક દવા છે કે જે તમારો પતિ ગુસ્સે થાય અને લડે ત્યારે તમે મોઢામાં ભરી રાખશો તો એ તરત જ ચૂપ થઇ જશે" પાડોશણે શીશી ભરીને દવા આપી તે સ્ત્રીએ પોતાના પતિના ક્રોધ વખતે તે દવાની બે ત્રણ વાર પરીક્ષા કરી અને તેમાં પૂરી સફળતા મળી, ત્યારે ખૂબ ખુશી થઇને તેણે પાડોશણની પાસે જઇને કહ્યું: "બહેન, તમારી દવા તો ભારે ચમત્કારિક છે તેમાં કઇ વસ્તુઓ આવે છે તે મને બતાવીદો, એટલે હું પણ તે બનાવી લઉં". પાડોશણે હસીને કહ્યું:

"બહેન, શીશીમાં શુદ્ધ જળ સિવાય બીજુ કશું ન હતું. ખરૂં કામ તો તમારા મૌને કર્યું છે. મોઢામાં પાણી ભરવાથી તમે બોલી નહોતા શકતા એટલે તમારા પતિનો ક્રોધ ચાલ્યો જતો બસ, એક મૌન સઘળાં દુઃખ હરે, બોલે નહિતો ગુસ્સો મરે."

(૪)

નાવેર નામના એક આરબ સજ્જન પાસે સરસ ઘોડો હતો. દાહર નામના એક માણસે પોતાના ઊંટના બદલામાં તે ઘોડો લેવાની ઇચ્છા કરી. પરંતુ નાવેરને તે ઘોડો ખૂબ વહાલો હતો તેથી તે આપવાની તેણે ના પાડી દીધી. તેથી દાહરે તે ઘોડો નાવેર પાસેથી પડાવી લેવા એક યુક્ત કરી. એક દિવસ નાવેર તે ઘોડા ઉપર બેસી બહાર જતો હતો તે જાણતાંજ દાહરે હુશિયારીથી વેશપલટો કરી ફાટેલાં કપડાં પહેરી તેના રસ્તામાં બેસીને ખરાબ રીતે ખોંખારવા માંડયો. નાવેર ત્યાંથી પસાર થયો તે વખતે ગરીબ માણસને જોઇને તેને દયા આવી. નજીકના ગામ સુધી પહોંચાડવા માટે તેને ઘોડા ઉપર બેસાડી દીધો અને પોતે પગે ચાલવા લાગ્યો. ઘોડા ઉપર બેસતાં વેંતજ દાહરે ચાબુક લાગાવી ઘોડાને પૂર ઝડપે ચલાવ્યો અને કહ્યું કે "તમે મને સીધી રીતે ઘોડો ન આપ્યો એટલે મેં ચાલાકી વાપરી લઈ લીધો." નાવેરે બુમ પાડી તેને કહ્યું કે "ખુદાની મરજીથી તમે મારો વહાલો ઘોડો લઇ લીધો છે, તો ભલે, લઈજાઓ તેની ખૂબ સંભાળ રાખજો પણ ખબરદાર, આ દાદાગીરીની વાત બીજા કોઇને કહેશો નહીં. નહિતો દીન, દુઃખી અને ગરીબ લોકો પર દયા કરનાર લોકો મદદ કરતા અચકાશે અને ગરીબ લોકો સહાયતાથી વંચિત રહેશે."

નાવેરના આ શબ્દોથી દાહર ખૂબ શરમાઇ ગયો અને તે જ ક્ષણે પાછો ફરીને તેને ઘોડો પાછો આપી દીધો ને તેની સાથે હંમેશની મિત્રતા સાધી.


( અનુસંધાન પાનું ૧૨૦ થી ચાલું )

તો આપણે આજે ગંભીરતાથી વિચારીએ, નિર્નાયકતા નિવારી એક શ્રીસંઘની આજ્ઞા ઉઠાવીએ અને એની કદી પણ અવજ્ઞા ન કરતાં એને સાથ સહકાર આપી એક બનીએ. ખભેખભા મિલાવી કામ કરીએ. આપણી ઉન્નતિ સાધીએ અને જૈન શાસનનો જયજયકાર ગજાવીએ "જૈનમ્ જયતિ શાસનમ્" કરીએ એજ તમન્ના અને અભ્યર્થના.......



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી સંઘની આજ્ઞા-અવજ્ઞા !

લેખક : ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M. B. B. S. પાલીતાણા

મદ્રાસના આગેવાન ઉદ્યોગપતિ અને અગ્રગણ્ય કાર્યકર્તા શેઠશ્રી લાલચંદજી ઢઢ્ઢા અત્રે યાત્રાએ આવતા, એમને મળવાનો અને થોડી વાતો કરવાનો સુયોગ પ્રાપ્ત થયો. વાતવાતમાં આપણી આગેવાન સંસ્થા શ્રી જૈન શ્વે. કોન્ફરન્સની વિચારણા ઉદ્દભવી. હાલની એની પ્રવર્તતી પરિસ્થિતિ કેટલી દુઃખદ અને વિચારણીય છે એ અંગે થોડી ચર્ચા થઇ. એમના મુરબ્બી વડિલ શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાએ સ્થાપેલ 'કોન્ફરન્સ'ની એક સૂત્રતા, એક વાકયતા અને એક ધારી સેવાની પ્રણાલિકા કયાં અદ્રશ્ય થઇ ગઈ અને અત્યારની નિષ્ક્રિયતા, નિરંકુશતા અને નિરાશા કયાંથી ટપકી પડી એ જાણે એક કોયડો બની ગયો ! કેમ એમ ? શા કારણે ? શું સંજોગવશાત્ ? એ બધા રહસ્યમય પ્રશ્નો પણ સહેજે ઉભા થયા. એની દૂરગામી અસર સમાજ ઉપર અથવા તો આજના સમાજની વેરવિખેર સ્થિતિની અસર આપણી કોન્ફરન્સ ઉપર થઇ એ વિવાદાસ્પદ પ્રશ્ન બની ગયો. ગમે તેમ પણ હકીકતે આજે 'કોન્ફરન્સ' નિષ્ક્રિય અને નિષ્ફળ બની ગઇ છે એમ સૌની ફરીયાદ છે. સમાજના સામાન્ય વર્ગને ઘણે અંશે એ ઉપયોગી કે માર્ગદર્શક નિવડી નથી, કે નથી આપણા સાધુ-સમુદાય તરફ આજ્ઞાંકિત કે અંકુશધારી બની શકી. એજ રીતે આપણો અગાઉનો સુસંગઠીત જૈન સમાજ કહો કે શ્રી ચતુર્વિધ જૈન સંઘ પણ ડામાડોળ અને દયાજનક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે, આપણા શિરછત્ર સમા પ્રાતઃપૂજ્ય શ્રમણ સમુદાયમાંથી પણ પરસ્પર સમભાવ અને ઐકયભાવ અદ્રશ્ય થતો જણાય છે, અને સૌ સાથે મળી શ્રી શાસનની કે શ્રી સંઘની આજ્ઞા સર્વોપરી માની, સંપ અને સંગઠનથી કામ કરવાની વૃત્તિ લોપ થતી જાય છે, જ્યારે અગાઉના સમૃદ્ધ અને સંપીલા શ્રાવક સંઘમાં પણ પોતાનું વર્ચસ્વ સ્થાપવા અને સ્વાર્થ સાધવા સૌ કોઇ નિરંકુશ અને ફરજ-વિમુખ બની, ખટપટ અને ઇર્ષ્યા-અદેખાઇ આચરતા, પોતાનું સાધવા અને બીજાને હંફાવવા-હરાવવા લાગી ગયા જણાય છે, આવી નિરકુંશ અને જાતિ નાશની પરિસ્થિતિ આપણને-સાધુઓને અને શ્રાવકોને અવનતિની કયી ગર્તામાં ગબડાવી દેશે એ કેમ કહી શકાય ? ખરેખર ગબડી જ રહ્યા છીએ એનું પણ ભાન થાય તો સારૂં ને !

એમજ બનેને જો આપણે સૌ આપણા સ્વાર્થ પાછળ અંધ બનીએ અને સર્વોપરી શ્રી સંઘની આજ્ઞા ન પાળીએ ! ઉલટા એની અવજ્ઞા કરીએ અને મનસ્વી રીતે વર્તીએ તો ! આ વિચારણાએ દિલને હચમચાવી મૂકયું અને આપણા શાસન-સમાજની વણસતી-બગડતી પરિસ્થિતિએ આગળ પાછળના ઇતિહાસ તરફ દ્રષ્ટિ ફેંકતા વિચારતા કરી મૂકયા.......પ્રભુ મહાવીર-શ્રી તીર્થંકર સ્થાપિત શ્રી ચતુર્વિધ સંઘની સતા અને મહત્તાનો સોનેરી યુગ કયાં ? અને આજનો સત્તા અને મહત્તા માટે મરી મથતો કથીરી જમાનો કયાં ? પ્રભુ મહાવીરે સમય, સંયોગો અને સંઘબળને લક્ષ્યમાં લઈ, જગત અને જનતાના કલ્યાણ અને વ્યવસ્થા માટે શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી જેમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એમ સમાજના પ્રત્યેક અંગને મહત્ત્વ અને સ્થાન આપી વ્યવસ્થા તંત્રની સ્થાપના કરી અને જનતાના સર્વોદય અને જનકલ્યાણના રક્ષણ માટે સુંદર સમાજ-રચના સ્થાપિત કરી. એણે વર્ષો સુધી શાસન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને સમાજના ઉત્કર્ષ અને ઉન્નતિ માટે વ્યવસ્થિત રીતે અને સર્વસંમત પદ્ધતિએ સેવા બજાવી કાર્ય કર્યું, જ્યારે માનવ-જીવન સમૃદ્ધિ અને સમુન્નતિની ટોચે હતું! પૂ. હેમચંદ્રાચાર્ય અને પૂ. હિરવિજયસૂરીજી જેવા સમર્થ મહાપુરૂષોએ એ આપણો વારસો સાચવ્યો, સમૃદ્ધ કર્યો અને આપણને સોંપ્યો. જે કાળમાં સાધુ-સાધ્વીઓ ધર્મનો ધ્વજ ફરકતો રાખ્યો, દેવ-ગુરૂ-ધર્મને અનુસરતા શ્રાવકો સુખી અને સંતોષી હતા. અને જૈન શાસનનો જય જયકાર હતો. જૈન સમાજનું સ્થાન અનેરૂં હતું. શ્રી ચતુર્વિધ સંઘની આજ્ઞા શિરોમાન્ય ગણાતી ભલે પછી એ સાધુ-સાધ્વી હોય, શ્રાવક-શ્રાવિકા હોય, મહાન આચાર્ય હોય કે સંઘના આગેવાન શ્રાવક હોય, મામુલી સ્થિતિનો સામાન્ય વાણીયો હોય કે નૂતન દિક્ષીત નાનો મુનિ હોય! આદેશ થયો શ્રી સંઘનો એટલે સર્વને બહુમાન્ય! એની અવજ્ઞા કદી થાયજ નહિ. શ્રી સંઘની આજ્ઞાનું અપમાન એટલે શ્રી તીર્થંકર ભગવાનનું અપમાન! સમગ્ર શાસનનું અપમાન! શ્રી સંઘ વિરૂદ્ધ કોઈ બોલે નહિ, વર્તે નહિ, એવું નૈતિક મનોબળ હતું.

એમ જૈન સમાજનું સર્વસ્વ વર્ચસ્વ હતું. શાસનની સર્વોપરિતા હતી. સાધુઓનું પરમતેજ હતું. શ્રાવકો સ્વમાનશીલ હતા. સાધુઓ પ્રત્યે પૂજ્યભાવ અને બહુમાન, ધર્મનું જીવનમાં અનેરૂં સ્થાન, સાધર્મિક ભક્તિ અને સ્વામિવાત્સલ્ય જીવનનો સ્વાભાવિક ક્રમ, નૈતિક સંસ્કાર અને સદાચાર એ બધું સમાજ જીવનના મૂળભૂત અંગ સમાન હતું. એટલે જૈન સંઘ અને સમાજની બોલબાલા હતી. સહુ જૈન સુખી સુખી, જાણે શોધવા જવું પડે દુઃખીને! અને એ પરિણામ હતું શ્રીસંઘની આજ્ઞાના સંપૂર્ણ પાલનનું, અવજ્ઞા એટલે મહાપાપ-દુષ્કૃત્ય ગણાય. પરિણામે સંઘમાં સર્વત્ર સંપ, સંગઠન, સેવા વૃત્તિ, સ્વામિભક્તિ, અને પરસ્પર ભ્રાતૃભાવ પ્રસરતો અને સમભાવ-સદ્દભાવ, સદાચાર-સદ્દવિચાર, અને એકબીજા માટે ભોગ-બલિદાન આપવાની સર્વસ્વ ન્યોછાવર કરવાની મનોભાવના હતી. આ હતું મનોરમ્ય ચિત્ર આપણા ભવ્ય ભૂતકાળનું જ્યારે શ્રી સંઘની આજ્ઞા શિરોમાન્ય હતી.

પણ કાળબળ કોને છોડે છે? ભવિતવ્યતાની આજ્ઞા કોને નથી માનવી પડતી? ક્રમેક્રમે જમાનો બદલાતો ગયો તેમ તેમ વ્યક્તિ તેમજ સમષ્ટિમાં અકળ ફેરફારો થતા ગયા. જૈન સમાજની શ્રમણ સંસ્થા જેવી જગતમાં ત્યાગ, તપ, સંયમ, સમભાવ, સર્વોદયની દ્રષ્ટિએ બીજો જોટો નથી એવી એ સાધુ સંસ્થામાં પણ કાળના વહેણો સાથે પરસ્પર એક કે બીજા સંપ્રદાયનું વર્ચસ્વ સ્થાપવા-વધારવા તાલાવેલી જાગી. જાણે કે પોતાની સર્વોપરીતા સ્થાપવા હરિફાઇ જામી અને પોત પોતાની માન્યતાઓ ઠોકી બેસાડવા પ્રયત્નો થવા લાગ્યા. (તિથિ-ચર્ચાનો દાખલો મોજુદ છે) એક બીજાનું તેજ પણ સહન ન થાય અને પરિણામે ક્યાંક વિધ્ન-સંતોષ અને વિવાદાસ્પદતા જન્મી. જેથી શ્રી શ્રમણ સંઘની એકસૂત્રતા, એકવાક્યતા, સંઘબળની વૃત્તિ ઓસરવા લાગી. કહો કે ભંગાણ પડવા લાગ્યું અને એ રીતે અજોડ, અનન્ય અને અભંગ સાધુ સંસ્થા કંઇક અંશે નિર્બળ અને નિરંકુશ બનવા લાગી. આ પરિસ્થિતિને પોષવા અને પોતાનું-પોતાના સમુદાયનું મહત્ત્વ-વર્ચસ્વ જાળવવા કોઇ કોઈ તરફથી શ્રાવક સંઘમાં પણ મતભેદ-મનભેદ ઉભા કરવા પ્રયત્નો થતા ત્યાં પણ વેરવિખેરતા જન્મી, પરિણામે કોઈ કોઇ શ્રાવક-શ્રાવિકા આગેવાનો-ભક્તજનો પોતપોતાના સાધુ-સાધ્વીના માનતા મોવડીઓ બનવા અને પોતાનું વર્ચસ્વ વધારવા ખટપટમાં ખુંચવા લાગ્યા પછી તો જેનું વર્ચસ્વ એની બોલબાલા એ ન્યાયે સમાજમાં, સંસ્થાઓમાં, સંઘમાં પણ પોતાનું મહત્ત્વ જમાવવા મતભેદો જગાડ્યા અને જ્યાં ત્યાં સંસ્થા કે સમાજનું ગમે તે થાય પોતાની સત્તા-મહત્તા સ્થાપવા-સાચવવા ગમે તેવું આચરણ થવા લાગ્યું. અને ક્રમે ક્રમે સમાજ વેર-વિખેર સ્થિતિ અનુભવવા લાગ્યો, કોઇ કોઇ ઠેકાણે જાણે કે સાધુ-સાધ્વીને કે શ્રાવક-શ્રાવિકાને, સંસ્થાઓને કે સમુદાયોને, વ્યક્તિને કે સમષ્ટિને શ્રી સંઘની પડી જ ન હોય તેમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

“ સબ સબકી સમાલીએ, મેં મેરી ફોડતા હું ” એવી સ્થિતિ જન્મી; ચાલુ રહી અને મહદંશે નિરકુંશ, અને મનસ્વી બનવા લાગ્યા. કોઇ સાધુ-સાધ્વી મનસ્વી રીતે સ્વચ્છંદી બની, સ્વૈરવિહારીથી-એકલ વિહારી થઇ જાય, કે ફાવે તેમ વર્તે તો કોઈ કોઇને કહી શકવાની સ્થિતિમાં નહિ, ક્વચિત્ સમુદાયના આચાર્ય શ્રી આજ્ઞા કરે તો પણ માને યા ન માને તો પછી બીજા તો કહે જ કોણ ? આમ બનતાં પરસ્પર કોઈ કોઇની આજ્ઞામાં નહિ એટલે નિરંકુશતા પ્રવર્તે-વળી કોઈ આજ્ઞા બહાર-સમુદાય બહાર મૂકાય તો તો જાણે ગમે તેમ વર્તવાનો પરવાનો મળી ગયો. કહેનાર કોણ ? સુણનાર કોણ ? ગમે ત્યાં ફરે. ગમે તેમ વર્તે. ન કહે સાધુ કે ન કહે શ્રાવક, અને ઇચ્છાનુસાર આચરણ-વર્તન કરે, અને પરિણામે શાસનના-સમાજની હેલના થાય ! જો કે જો કે આવો વર્ગ થોડો ખરો. એવી જ સ્થિતિ શ્રાવક-સેવામાં ઉભી થતી ગઇ. શ્રાવકોમાં સ્વાર્થવૃત્તિને કારણે મનસ્વીપણું વધતું ગયું, આગેવાનો પોતાની મહત્તા જાળવવા-પોતાના સ્થાનો સાચવવા, પોતાની સત્તાનો-સંપત્તિનો ઉપયોગ કરે, ભલે સંઘનું-સમાજનું ગમે તે થાય ! સામાન્ય મધ્યમવર્ગનો માનવી તો પોતાનું પેટીયું રળે કે ખટપટમાં પડે ? એટલે એ તો ઉપેક્ષાવૃત્તિ સેવી પોતાના શક્ય ધર્મ-કર્મનાં કાર્યોમાં રચ્યો-પચ્યો રહે, આમ ક્રમે ક્રમે શ્રાવકોમાં પણ સુમેળ અને સંગઠન તૂટતાં ગયાં અને સમાજ ધીમે ધીમે વેર-વિખેર બનતો ગયો. સંપ અને સદ્ભાવ અદ્રશ્ય થતાં ગયાં અને શ્રી સંઘનું બળ ઘટવા લાગ્યું. પરિણામે શ્રી ચતુર્વિધ સંઘની બન્ને પાંખો-શ્રમણ સમુદાય અને શ્રાવક સમુદાય-નબળી બની આદર્શનાં ઉડ્ડયન અટકી પડયાં. અવનતિની ગર્તા તરફ ગતિ થવા લાગી, અને જૈન સમાજના બોલબાલાને બદલે શ્રી સંઘ નબળો-દુબળો બનતો ગયો. પરિણામ એ આવ્યું કે સમૃદ્ધ જૈન સમાજ ગરીબાઇ પ્રતિ ગબડવા લાગ્યો. સુખ-સંપત્તિ ઓસરવા લાગી, ધર્મ-વિમુખતા વધી પડી. સ્વામીવાત્સલ્ય વિસરાવા લાગ્યું. જાણે આપણે ન ધણિયાતા બની ગયા-એશિયાળા બની ગયા, કોને કહેવું ? કોણ સાંભળે ? કોણ કોનું માને ? એ તો ખરું જ ને-જ્યાં તંત્ર નહિં સત્તા નહિં, સર્વોપરિતા નહિ, આજ્ઞાંકિતતા નહિ, ત્યાં વ્યવસ્થા-વ્યવહાર કેમ ચાલે ? સ્વાભાવિક કફોડી સ્થિતિ જન્મે, નબળી પરિસ્થિતિ સર્જાય, અને ગમે તેવો મજબુત માનવી કે માંધાતા સમુદાય કે સંપ્રદાય, તૂટી પડે, નિર્માલ્ય બને, ક્રમે ક્રમે નાશ પામે.

ત્યારે હવે આપણે જાગીશું ? આવી પડેલી સ્થિતિ-પરિસ્થિતિ અવલોકશું ? ગબડી પડેલ ગર્તામાંથી નિકળવા અને ઉન્નતિના શિખરે પહોંચવા વિચારીશું ? અને પ્રયાસો આદરીશુ ? સ્વર્ગ સામી દૃષ્ટિ ફેરવીશું ? કે નર્કાગારમાં જ સબડી રહીશું ? આ વિચારણા સૌનાં દિલમાં રમી રહી છે પણ કોણ આગળ આવી આચરી શકે ? કોણ અમલમાં મૂકે ? જાણે સૌનું બળ-મનોબળ-નીતિબળ-તૂટી ગયું છે, કોણ આગેવાની લે ? કોણ આગેકદમ ઉઠાવે ? જવાબદારી છે ત્યાં છે ત્યાગ-ભોગ-બલિદાન ! કોણ આપવા તૈયાર થાય ? આવી વિકટ સમસ્યાએ એક આંદોલન ઉભું કર્યું. કેટલાક આગેવાનોએ આ સ્થિતિ અંગે દુઃખ વ્યક્ત કર્યું. કેટલાક આચાર્ય-ભગવંતોએ દિલની વેદના દાખવી વિચારવા સ્પષ્ટ નિર્દેશ કર્યો, આ પ્રેરણા અને પ્રવૃત્તિને પરિણામે અને થોડા સહકાર્યકર્તાઓના ટેકાથી આપણા સંઘના આગેવાન સમા શેઠ શ્રીકસ્તુરભાઈ લાલભાઇએ ઐક્ય, સંગઠન, સંઘબળ સ્થાપવા અને આપણી ત્રુટીઓને તિલાંજલિ આપવા વિચારણા કરી, પ્રયાસ આદર્યો, આગેવાનોને આચાર્યોને અને કેટલાક કાર્યકરોને મળ્યા. શ્રમણ-શ્રાવક સંઘની પ્રવર્તતી સ્થિતિ-પરિસ્થિતિથી વાકેફ કર્યા, ચર્ચા-વિચારણા કરી, સમસ્ત સંઘના પ્રતિનિધિ આગેવાનોને બોલાવી, સમાજ અને શાસનની થઈ રહેલ અવનતિ-અવહેલના ટાળવા કંઇક કરી છૂટવા ચર્ચ્યું-વિચાર્યું, અને એક “ શ્રમણોપાસક સંઘ સમિતિ ”ની સ્થાપના કરવામાં આવી જે સમિતિ ભારત ભરના શ્રી સંઘોના પ્રતિનિધિ અને મધ્યસ્થ સંસ્થા તરીકે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાની સ્થિતિ-પરિસ્થિતિનો અભ્યાસ કરી, માહિતી મેળવી, જરૂરી કાર્યવાહી કરે, નિરંકુશ તત્ત્વોને કાબૂમાં લે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુધારે, સૂચના-સલાહ આપે, અને વાતાવરણ શુદ્ધ અને સ્વચ્છ કરે, પરન્તુ ચોરને કાંઈ ન્યાયાધિશ ગમે? પંખીને કાંઈ પાંજરૂં પાલવે? સ્વચ્છંદીને નિરંકુશ તત્ત્વોએ આવી સ્થાપિત સંસ્થાને સાથ ન આપ્યો, ઉલ્ટું એને નિષ્ક્રિય–નકામી બનાવવા અને તોડી પાડવા પ્રયત્નો થયા. આજે એ સંસ્થા જાણે નહિવત્ અસ્તિત્વ ભોગવી–સાચવી રહી છે, એમ સમજોને કે એક આશાનું કિરણ ઉગ્યું હતું એ પણ અસ્ત થયું, હવે શું?

"જૈન" સાપ્તાહિકના સંચાલકોએ આ પરિસ્થિતિ પર જ્યારે ત્યારે પ્રકાશ ફેંક્યો છે, અને કંઈક કરવા માર્ગદર્શન આપ્યું છે. વિનંતિઓ ગુજારી છે, જૈન સમાજના બધા ફીરકાના આગેવાનોએ આવી પરિસ્થિતિમાંથી છૂટવા ઘણી વાર વેદના વ્યક્ત કરી છે, પણ મોટે ભાગે આપણે ધ્રુવવૃત્તિવાળા એ તેજ ઝીલી શકયા નથી, આપણા બહેરા કાન પર એ અવાજો અથડાઈ અથડાઈને પાછા પડ્યા છે. અને આપણે એના એજ રહ્યા છીએ. આપણી પરિસ્થિતિ એની એજ પ્રવર્તતી રહી...નિર્નાયકતા, નિરંકુશતા, શ્રી સંઘની આજ્ઞા માન્ય નહિ, અવજ્ઞાનો પાર નહિ! હવે આ ડામાડોળ સ્થિતિમાં સબડતાજ રહીશું કે બહાર નિકળીશું? અને આગળ વધીશું? જૈનોએ દુઃખના ડુંગરા સહન કરવા છે કે સમૃદ્ધિના શિખરે ચડવું છે? સ્વાભાવિક જ સૌ કોઈ ઇચ્છે કે હવે આમાંથી મુક્તિ મેળવીએ, અને પ્રગતિની આગેકુચ આદરીએ, આ વિચારણાને અંતે પ્રગતિશીલ દૃષ્ટિવાળા કહો કે ક્રાંન્તિકારી કાર્યકરો કહો એવા એક વર્ગે એક રચનાત્મક વિચારણા મૂકી છે જે ધ્યાન ખેંચે તેવી અને આચરવા યોગ્ય જણાય છે.

ભારતભરના સમગ્ર જૈન સમાજ–જૈન સંગઠનનું પ્રતિનિધિત્વ ધરાવે એવી એક શ્રમણપ્રધાન અને શ્રમણોપાસક સંસ્થા " શ્રી સર્વોચ્ચ જૈન સંઘ " સ્થાપવામાં આવે (શ્રી શ્રમણોપાસક સંઘ સમિતિનું વિસ્તૃત સ્વરૂપ) જેમાં શાસન પ્રભાવક આચાર્ય ભગવંતો અને આગેવાન શ્રાવકો હોય. (શ્રી ચતુર્વિધ સંઘના સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા) આ સર્વોચ્ચ સંસ્થાની સર્વોપરિતા સૌ જૈનોએ સ્વીકારવી જોઈએ. એની આજ્ઞા એટલે શ્રી તીર્થંકરની આજ્ઞા! ભારતભરના શહેરો અને ગામોના સર્વ સંઘોએ એને માન્યતા આપી એની આજ્ઞા શિરોમાન્ય ગણાવી જોઇએ. આ સર્વોચ્ચ સંઘ શાસ્ત્ર, આગમ, જાતિ, વ્યવહાર અને દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને લક્ષ્યમાં રાખી સમાજ અને શાસનના હિત માટે, શ્રમણ શ્રાવકની ઉન્નતિ માટે ચર્ચા-વિચારણા, વિચાર-વિનિમય કરે અને માર્ગદર્શન આપે-આદેશ આપે. અને એના અમલ માટે સૌ સંઘો પ્રયત્નશીલ રહે. મનસ્વી વર્તન કરતા સાધુ કે સ્વચ્છંદ આચરતા શ્રાવકે એ આદેશ પ્રમાણે વર્તવું જોઇએ. અહંભાવી આચાર્ય કે અગ્રગણ્ય નેતા એની આજ્ઞા એના આદેશો માથે ચડાવે.


જો આટલી પાયાની વાત સ્વીકારાય તો પછી એને આનુષંગિક અને સંબંધિત અનેક બીજી યોજનાઓ વિચારાય અને સ્વીકારાય જેના પરિણામે આપણો શ્રમણ–સમુદાય આદર્શ અને શક્તિશાળી બને અને શ્રાવક-સંઘ સંગઠીત અને પ્રભાવિક બને. આ તબક્કે આપણી આગેવાન પ્રતિનિધિ સંસ્થા શ્રી જૈ. શ્વે. કોન્ફરન્સને યાદ કરીએ. ઉપરોક્ત સર્વોચ્ચ સંઘ અનેક કાર્યો માટે આ સંસ્થાએ શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે. એને સાધન બનાવી એની મારફત સાધુ–સંસ્થાને સંગઠીત, અને સક્રિય કરવા પ્રયાસ થઇ શકે અને શ્રાવકોને મદદરૂપ થવા માર્ગદર્શક બનવા શક્યતા ઊભી થાય. વળી આપણી વર્ષો જુની એક માત્ર પ્રતિનિધિ સંસ્થા વધારે સક્રિય અને સબળ બને. આજના લોકશાહી યુગમાં જો આપણે આવા એક સર્વોચ્ચ સંસ્થા સ્થાપી સંગઠીત અને સુવ્યવસ્થિત સંચાલન નહિ કરીએ કે સ્થાપિત સંસ્થા "કોન્ફરન્સ"ને સબળ બનાવી ઉપયોગ નહિ કરીએ તો કદાચ ભય છે કે આપણું સ્થાન ક્યાંય નહિ હોય! અરે નામનિશાન ભૂંસાઇ જશે અને જગતમાં સર્વશ્રેષ્ઠ–સર્વોપરી ગણાતો જૈન સમાજ–જૈન સંઘ મામુલી બની જશે.

( અનુસંધાન પાનું ૧૧૬ પર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન મહાવીરની જીવનદૃષ્ટિ

લેખક : રાયચંદ મગનલાલ શાહ

પચ્ચીસો ને પાંસઠ વર્ષ પૂર્વે ચૈત્ર શુદિ ત્રયોદશીના દિવસે આ ભારત ભૂમિમાં સિદ્ધાર્થનંદન રાજાના પટરાણી ત્રિશલા ક્ષત્રિયાણીની કુખે ક્ષત્રિયકુંડ નગરમાં એક મહાન વિભૂતિ વિભુ વર્ધમાન સ્વામી ઉર્ફે ભગવાન મહાવીર સ્વામીનો જન્મ થયો હતો. આજે તેનો જન્મ કલ્યાણકનો પરમ પવિત્ર દિવસ છે.

ચોવીસ તીર્થંકરોમાં ભગવાન મહાવીર ચોવીસમા તીર્થંકર હતા. જૈનો તીર્થંકરના પાંચ પ્રસંગોને કલ્યાણકો માને છે. (૧) ચ્યવન, (૨) જન્મ, (૩) દીક્ષા, (૪) કેવળજ્ઞાન, (૫) નિર્વાણ. આ પાંચ દિવસોને મહાન પર્વના દિવસો માનવામાં આવે છે, કારણકે તે દિવસો પરમાત્મા સ્વરૂપને પ્રાપ્ત કરનાર એક મહાન આત્માના પુણ્ય સ્મરણીય પ્રસંગો હોવાથી આલંબનરૂપ અને આત્માના કલ્યાણને કરનારા બને છે.

## ત્રિલોકનાથની સ્તુતિ

આ પાંચે કલ્યાણકોમાં જન્મકલ્યાણકની વિશેષ મહત્તા પૂર્વપુરુષોએ બતાવી છે, કારણ કે જન્મથી માંડીને નિર્વાણ સુધીનો સારાયે જીવનનો સમય અત્યંત ઉપકારી બની રહે છે.

પ્રભુના જન્મકલ્યાણને ઇંદ્ર આદિ દેવ-દેવીઓ આ પૃથ્વી ઉપર આવીને મહોત્સવપૂર્વક ઊજવે છે. મેરુપર્વત ઉપર બાળપ્રભુને લઈ જઇને અભિષેક કરે છે. અંતરમાં ઉલ્લાસ અને ઊર્મિઓ વડે વિવિધ પ્રકારની પૂજા અર્ચા અને ભક્તિ કરે છે. ભાવના ભાવે છે. અપૂર્વ આનંદનો અનુભવ કરતાં કરતાં હૃદયના શુદ્ધ ભાવોથી ત્રિલોકના નાથની સ્તુતિ, વંદના અને પ્રાર્થના કરે છે. એ આ જન્મકલ્યાણકની મહત્તા દર્શાવે છે.

એવી જ રીતે માતાપિતાનો ઉલ્લાસ અને આનંદ અવર્ણનીય બને છે, રોમેરોમ વિકસ્વર થાય છે. સર્વત્ર આનંદનો ઉદધિ પ્રસરે છે. નગરમાં દેશમાં અને સમગ્ર વિશ્વમાં તેની પુણ્ય જ્યોતિના પરમાણુઓ વડે સુખનો સાગર ઊછળી રહે છે, એટલું જ નહિ પણ આ દિવસે નારકીમાં પણ સુખ અને શાંતિનો પ્રકાશ પ્રગટે છે.

એ પરમોપકારી પિતા પ્રભુ મહાવીરના જન્મ વખતે આપણો આત્મા કયાં રખડતો હતો તેની આપણને ખબર નથી. એ પવિત્ર સમયનો લાભ આપણને પ્રાપ્ત થવો દુર્લભ બન્યો હશે. પરંતુ આજે એ પવિત્ર દિવસને સ્મૃતિપટ ઉપર લાવીને એ પરમકૃપાળુ પરમાત્માના જન્મદિવસને અંતરના ઉલ્લાસથી પ્રેમના પૂજાપા વડે ભક્તિભાવથી, ઉત્સાહથી, ઉમંગથી ઊજવીએ અને એ જ્યોતિસ્વરૂપ જિનેશ્વર ભગવંતના અનંત પ્રકાશમાંથી એકાદ કિરણ પણ પ્રાપ્ત કરીને કલ્યાણક દિવસમાંથી આત્મકલ્યાણનું પગલું માંડીએ.

## વિશાળ દૃષ્ટિનો વિશ્વધર્મ

ભગવાન મહાવીરનો ધર્મ સંકુચિત કે મર્યાદિત વાડાસીમાડા પૂરતો નહિ પણ વિશાળ દૃષ્ટિવાળો વિશ્વધર્મ છે. જાતિભેદને તેમાં સ્થાન નથી, પાળે તેનો ધર્મ અને પાળે તેટલો ધર્મ એ એની સ્વતંત્રતા છે.

જે સમયમાં લોકો ક્રિયાકાંડોમાં મશગુલ બની બાહ્ય આચરણને જ ધર્મ માની શુદ્ધ આચરણ ભૂલી ગયા હતા, ઉંચનીચના ભેદ વધી પડયા હતા, ધર્મને નામે ઢોંગ અને ધતીંગ ફેલાતા હતા, ઉંચનીચની વ્યાખ્યા તેના કર્તવ્ય સાથે નહિ પણ તેની જાતિ સાથે સંબંધ માનીને કરવામાં આવતી, શાસ્ત્રશ્રવણ, પઠનપાઠન કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુપૂજા તેમ જ સ્વર્ગ વગેરેનો હક્ક અમુક જાતિનો પરવાનો મનાતો; માનસિક નબળાઇએ માઝા મૂકી હતી, લોભ, લાલચ, ઇર્ષા, અદેખાઈ ઇત્યાદિ અનેક અવગુણો સામાન્ય સમાજમાં ઘર કરી ગયા હતા. સાચું સમજવાની શક્તિ કુંઠિત થઈ ગઈ હતી. આલોક અને પરલોકમાં ભૌતિક સુખ ભોગવવાની લાલચે બિચારા નિર્દોષ મૂંગા પ્રાણીઓના ધર્મને નામે વધ કરવામાં આવતા હતા; ધર્મને નામે અધર્મ ફેલાતો હતો. સુખ મેળવવાની લાલચે થતાં કુકર્મો અંતે દુઃખનું જ કારણ બનતાં જગત મિથ્યાત્વને માર્ગે ઘસડાઇ રહ્યું હતું. આવા વિકટ કાળમાં ભગવાન મહાવીરનો જન્મ થયો હતો અને એ ભગવાને અનેક જીવોને ભૂલેલા માર્ગેથી પાછા વાળી સાચા માર્ગે વાળ્યા.

## પરમ ધર્મ અહિંસા

ભગવાન મહાવીરે "સવિ જીવ કરું શાસન રસી એસી ભાવદયા મન ઉલ્લસી" એ ભાવનાની સાધના તેના પૂર્વભવોમાં કરી હતી તેના પરિપાકરૂપે આ છેલ્લો ભવ ચરમ તીર્થંકર ભગવાન મહાવીર તરીકેનો હતો.

અહિંસા પરમો ધર્મઃ એ સૂત્રથી કહ્યું કે ધર્મમાં શ્રેષ્ઠ ધર્મ જો કોઇ હોય તો અહિંસા ધર્મ છે, માટે કોઇ પણ જીવની હિંસા કરતો નહિ, પછી તે મનુષ્ય હોય, પ્રાણી હોય પશુપંખી હોય કે નાનામાં નાનુ જંતુ હોય. સહુને જીવવું પ્રિય છે પણ મરણ કોઇને પ્રિય નથી. સર્વ જીવો પ્રત્યે દયા; કરુણા, મૈત્રી અને પ્રમોદ ભાવના રાખો, અને તે પણ મનથી, વચનથી અને કાયાથી– જીવો અને જીવવા દો–થી આગળ વધીને તમારા જીવનના ભોગે પણ બીજાઓને જીવાડો અને તેમની રક્ષા કરો એ મહાવીરનો અહિંસાનો સિદ્ધાંત છે.

આધુનિક જમાનામાં અહિંસા શબ્દોનો ઘણો ઘણો દુરૂપયોગ થઇ રહ્યો છે. સ્વાર્થ પૂરતી જ તેની સાથે સગાઇ હોય તેમ મન ફાવે ત્યાં અહિંસા શબ્દ વપરાય છે, બીજી બાજુ હિંસાનો પાર હોતો નથી. એટલે અહિંસાનો ખરેખરો લાભ પામી શકાતો નથી. અહિંસાના સિદ્ધાંતનો ઉપયોગ કરનારાએ સર્વ પ્રાણી પ્રત્યે મનથી, વચનથી અને કાયાથી, મૈત્રી અને પ્રમોદ ભાવે, પ્રેમ ભાવે વર્તન રાખવું જોઇએ. કારણકે અહિંસા એ શારીરિક બળ નહિ પણ આત્માનું બળ છે અંતરમાંથી તે પ્રગટે છે અને તેના આ તારક પ્રવાહો સામાન્ય અંતર સુધી પહોંચીને કાર્યની સિદ્ધિ કરે છે.

## પાંચ વ્રતો

અહિંસાનું પાલન ક્યારે સંભવિત બને? તેને માટે પાંચ વ્રતો ભગવાન મહાવીરે બતાવ્યા છે તે છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ પાંચ વ્રતોનું કડકમાં કડક પાલન કરવા ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. અહિંસાનું પાલન કરનારાએ ક્રોધ, માન, માયા અને લોભ એ કષાયોનો ત્યાગ કરવો જોઇએ. ટૂંકામાં જાણતા કે અજાણતાં પણ કોઇ પ્રકારના પાપથી બચવા જાગૃત રહેવું અને તેમાં યે જો દોષ લાગી જવા પામ્યો હોય તો મનથી, વચનથી અને કાયાથી ક્ષમાપના લઇને આત્માને નિર્દોષ નિર્મળ બનાવવો એ મહાવીરની અહિંસા અને મહાવીરનો ધર્મ છે.

આથી યે આગળ વધીને ભગવાન મહાવીરની ભાવ દયા છે. ભાવદયા એટલે પૌદ્ગલિક સુખ માટે નહિ પણ આત્મિક સુખ માટેની દયા. આ વિશ્વમાં અનંતા જીવો છે તે અનાદિકાળથી આ સંસારમાં જન્મ મરણના ફેરા કરીને ચાર ગતિમાં રખડતા મહાદુઃખો ભોગવી રહ્યા છે, કે જેની પાસે આ ભવનું ભૂખ, તરસ, રોગ, શોક કે સંતાપનું દુઃખ તો કાંઇ જ વિસાતમાં નથી. એવા મહાભયંકર દુઃખમાંથી ઉગારી મુક્ત સુખ મેળવે એવી દયા તે ભગવાન મહાવીરની ભાવદયા હતી.

## અમૃતવાણી

ભગવાન મહાવીરે તેના જીવનમાં તપ અને સંયમ વડે, સર્વ કર્મનો ક્ષય કરી કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેમને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એમ ત્રણ જ્ઞાન માતાના ઉદરમાં આવ્યા ત્યારથી જ હતા. મનઃ પર્યવજ્ઞાન દીક્ષા ગ્રહણ કરી ત્યારે પ્રાપ્ત થયું. અને સાડા બાર વરસની ઘોર તપશ્ચર્યા, અનેક ઉપસર્ગોનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરના નામે એક પત્ર

આજે આપના જન્મજયંતિના દિવસે શ્રદ્ધાંજલી અર્પિત કરવી જોઇએ. આપના આત્માની મહાનતાના ગુણાનુવાદ ગાવા જોઇએ પણ મહા પ્રભુ! હું આજે આપની આ પૂણ્યમય તિથિના દિવસે ખૂબ રડી રહ્યો છું મારી આંખોના એ આંસુ નહીં...નહીં .......મારા હૃદયના એ આંસુ ખરેખર કંઇક મૂલ્યવાન બનશે તો ચહેરા ઉપર સ્મિતની રેખાઓ પ્રગટ્યા વગર નહીં રહે.

અહિંસા, સત્ય અને અપરિગ્રહની જે પ્રેરણા આપ દુનિયાના માનવ સમાજને અર્પી ગયા એ આ વિશ્વના લોકોએ એવી દફનાવી દીધી કે એને ગોતવા જનાર વ્યક્તિ પોતાનું સંપૂર્ણ જીવન ખપાવી દે તો પણ સારાએ વિશ્વમાં એને કયાંયે જડશે નહીં. આજે અહિંસાની વિકૃતિ અણુઓમથી પ્રગટ થઇ. સત્યની વિકૃતિ પ્રપંચની માયાજાળથી જન્મી અને અપરિગ્રહની વિકૃતિ ભીષણ સ્વાર્થની જવાલાઓ પ્રગટાવ્યા છતાંએ હજુ શાંત રહેવા માગતી નથી.

મહાવીર! હવે આપ જ વિચારો કે એવી સ્થિતિમાં આપના આ અદના સેવકને માટે રડવા સિવાય શું બાકી રહે! પણ જ્યારે આપના સાહસ તરફ દૃષ્ટિપાત કરૂં છું. આપની વીરતા તરફ નજર જાય છે, ત્યારે હૃદયની સંપૂર્ણ ઉદાસિનતા જાણે કયાં લુપ્ત થઈ જાય છે. મારા મનમાં નવી પ્રેરણા, નવી સ્ફુરણા અને નવી જાગૃતિ પેદા થાય છે. અને તે દુનિયામાં આપના વિચારો માનવ સમાજ સુધી પુનઃએકવાર પ્રસારિત કરવાની પુનિત ભાવનાનું સ્થાન લે છે.

જ્યારે દુનિયાનો સંપૂર્ણ માનવ સમાજ મોતના મોઢામાં આવીને બેઠો હોય, જગતના એકેએક પ્રાણી મૃત્યુના ભયથી ત્રસ્ત હોય, આજના માનવોની પાગલતાથી પ્રગટ થયેલા અણુશસ્ત્રોનો ત્રાસ દિલ અને દીમાગને ગભરાવી મૂકતો હોય, ત્યારે જ ખરેખર અહિંસા, સત્ય અને અપરિગ્રહનો સંદેશ દુનિયાંને નવું જીવન અર્પી શકે છે.

જે સમાજ આજે જૈન સમાજ તરીકે ઓળખાય છે, જે સમાજ આજે વીર મહાવીરના ઉપાસક તરીકે સંસારમાં પ્રસિદ્ધ પામે છે, ખરેખર આપના વિચારોના પ્રસારની એ સમાજના અનેક લોકોને કઇ પડી નથી શું! આપના એ પરમ ઉપાસકો છે ખરા! કે જે વીરના નામે વીરના વિચારોથી સંપૂર્ણ વિરુદ્ધ વર્તતા હોય. કલેશ. કંકાસ, ફૂટ અને જીવનની ભયંકર વિકૃતિની ભઠ્ઠીમાં જે સમાજ સ્વયં બળી રહ્યો હોય એ કેવી રીતે દુનિયાને સત્ય, અહિંસા અને પ્રેમનો સંદેશો આપી શકે!

ભગવાન! દુનિયાને આજે ફરી આપની જરૂર લાગી રહી છે. આજે ફરી એ સત્ય, અહિંસા, પ્રેમ અને શાંતિની વાતો દુનિયાને સાંભળવી છે! આપ સ્વયં ન પધારો તો વિશ્વના કોઇ પણ માનવના મનમાં એવી શક્તિ અર્પો કે ફરીથી મનુષ્ય હિંસાથી ઘૃણા કરવા લાગે. પ્રપંચથી દૂર ભાગે અને સ્વાર્થની તો છાયામાં ઊભા રહેવું પણ ન ગમે. બસ. આજની જયંતિના પ્રસંગે એથી વિશેષ શું લખી શકાય!

નવી પ્રેરણાનો ઉત્સુક

**મુનિશ્રી નંદીષેણ વિજય**

'વિશ્વબંધુ'

---

સમતાપૂર્વક સહન કરવું તેમ જ સંયમની પૂર્ણ સાધના કરીને ચાર ઘાતી કર્મનો ક્ષય કરી આત્માના સંપૂર્ણ પ્રકાશરૂપ એવા પાંચમાં કેવળ જ્ઞાનને પ્રગટ કર્યું હતું. તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ દેશના આપે છે. ભગવાન મહાવીરે પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી લગભગ ત્રીસ વર્ષ પર્યંત જગતને જાગૃત કરવા તેની અમૃત વાણીનું સિંચન કર્યું હતું.

તે અમૃત વાણીને ગણધરોએ ગ્રહણ કરીને દ્વાદશાંગીની રચના કરી જે આગમ રૂપે આજે વિદ્યમાન છે.

ભગવાન મહાવીરે ત્રીસ ત્રીસ વર્ષ પર્યંત જે અમૃતધારાઓ વરસાવી તેનો તો પાર જ નથી પરંતુ તેમાંથી બિંદુ સમાન આજે જે આપણી પાસે ટકી રહ્યું છે તે પણ મહાન કલ્યાણને કરનારું અને ભવસિંધુને પાર ઉતારનારું છે.

આજના દિવસે તેમાંથી યત્કિંચિત ગ્રહણ કરવાનો પ્રયત્ન કરીએ અને તેની સુવાસ આપણા સમગ્ર જીવનમાં શ્રદ્ધાપૂર્વક પ્રસરી રહે તેવી ભાવના પરમ કૃપાળુ પરમાત્મા પૂર્ણ કરો—એજ પ્રાર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'ઇન્ડીયન ઓઇલ'ના 'જ્યોતિ' બ્રાન્ડ કેરોસીન તથા લાઇટડીઝલ માટે
કોન્ટ્રેકટ કરો—

# ટી. સી. બ્રધર્સ

ભાવનગર મહુવા

ફોન નં. ૪૩૩૮ ટેલીગ્રામ : "TICIBROS"

લોખંડ, પાઇપ્સ, હાર્ડવેર તથા રંગના વેપારી
તથા
બ્લન્ડલ કયોમાઇટ પેઇન્ટસ લી.
સૌરાષ્ટ્રના સોલ એજન્ટ
ઠે. દાણાપીઠ : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

**જન્મ જયંતિ મહોત્સવ :-**

પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજનો ૧૩૦ મો જન્મ દિન આ સભા તરફથી સં. ૨૦૨૨ના ચૈત્ર શુદિ એકમ તા. ૨૩–૩–૧૯૬૬ બુધવારના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાધનપુર નિવાસી શેઠ શ્રી સાકરચંદ મોતીલાલ મૂળજી તરફથી શત્રુંજય ગિરિરાજ ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે તે સમક્ષ નવાણુ પ્રકારી પૂજા ભણાવી અંગરચના કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરથી સારી સંખ્યામાં સભાસદો આવ્યા હતા. આ સભાસદોનું બપોરના પ્રીતિભોજન યોજવામાં આવ્યું હતું. સાધુ–સાધ્વીઓની ભક્તિનો પણ બની શકે તેટલો સારો લાભ લેવામાં આવ્યો હતો અને આ રીતે આ ઉત્સવ ખૂબ આનંદપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

**મુંબઇ જૈન મહિલા સમાજ**

શ્રી જૈન મહિલા સમાજ–મુંબઈ સુંદર સમાજસેવા કરી રહી છે. આ સમાજે તા. ૭–૨–૧૯૬૬ના રોજ વાર્ષિક ઉત્સવ યોજ્યો હતો. આ પ્રસંગે આપણી સભાના ઉપ–પ્રમુખ શ્રી ફતેહચંદભાઇએ શુભેચ્છા દર્શાવીને પ્રવચન કરતાં કહ્યું હતું કે—

જેમ નાના સરખા બીજમાંથી મહાન નવપલ્લવિત વૃક્ષ વિકસે છે તેમ કેટલીક સંસ્થાઓનું મંડાણ નાના પાયા ઉપર થાય છે અને સમય જતાં તેની ઉપયોગિતા સમજાતાં અનેક વ્યક્તિઓની શક્તિના સિંચન વડે તે સંસ્થા ઉત્તરોત્તર પ્રૌઢ થતી જાય છે અને સમાજમાં અગ્રપદ પ્રાપ્ત કરે છે. શ્રી જૈન મહિલા સમાજ માટે પણ તેમજ કહી શકાશે. મુંબઇ અને માંગરોળ જૈન સભાની સ્થાપના પંચોતેર વર્ષો પહેલાં થઇ. તે બીજમાંથી બહેનોની ધાર્મિક પાઠશાળા ચલાવવાની શરૂઆત થઇ તેમાંથી વિ. સં. ૧૯૬૬ના ધનતેરશના મંગલમય દિને જૈન મહિલા સમાજની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધી અનેક ભિન્ન ભિન્ન બહેનોના વિશિષ્ટ સહકારથી અત્યારે આ સમાજ ઘટાદાર વૃક્ષરૂપ બની અનેક બહેનોમાં સ્વાવલંબનની ભાવના પ્રગટાવી સામાજિક ઉન્નતિના અનેક કાર્યો હાથ ધરી છાંયા આપી રહ્યું છે. એ સમગ્ર જૈન સમાજને ગૌરવ લેવા જેવું છે.

પ્રત્યેક વર્ષે આ જાગૃત મહિલા સમાજની આનંદ પ્રમોદ, વિવિધકળાઓ ઇનામ વિતરણ–સ્નેહ સંમેલન વિગેરે કાંઇને કાંઇ વિશિષ્ટ પ્રવૃત્તિ હોય છેજ. ઈ. સ. ૧૯૬૧માં પચાસ વર્ષે સુવર્ણ મહોત્સવ ઉજવ્યો હતો. તેમજ વિ. સં. ૧૯૬૪માં દોરડા ઉપરથી સર્વજ્ઞના સિંહાસને જનાર ઇલાયચીકુમારની જીવન–નર્તન–નાટિકા ભજવી હતી. સમાજની એક શાખા દાદરમાં ચાલે છે જેમાં બાળ મંદિર બહેનો ચલાવે છે. સીવણના વર્ગો તો અત્રે તથા દાદરમાં ચાલુજ છે. બહેનોમાં ઉચ્ચ સંસ્કારો સીંચવાનું, રાષ્ટ્રભાવના જગાડવાનું, માતા તરીકેની જવાબદારી સમજાવવાનું અને સ્વતંત્ર રીતે જીવન નિર્વાહ ચલાવી શકે તેવું શિક્ષણ આપવાનું વિગેરે આ સમાજ મહાન કાર્યો અવિરતપણે કરી રહી છે. આવું કાર્ય સેવા માટે તૈયાર થયેલી વ્યક્તિઓના ભોગ વગર બનતું નથી. ખાસ કરીને હાલના પ્રમુખશ્રી તારાબહેન માણેકલાલ; મંત્રીઓ શ્રી લીલાવતીબહેન, મેનાબહેન અને જેકુમતીબહેન વિગેરેની અવિરત સેવાઓ મુખ્ય છે. તે ઉપરાંત વિકાસ માસિક પણ સમાજ ચલાવે છે જેમાં શ્રીમતી ભાનુમતી બહેન દલાલ, મેના બહેન તથા લીલાવતી બહેન કામદારનો અમૂલ્ય ફાળો છે. મોંઘીબહેન વિગેરે અન્ય અનેક બહેનોની આર્થિક સહાયથી પણ પ્રસ્તુત સમાજ પગભર થતું ગયું છે.

શહેરની અન્ય સંસ્થાઓ જેવી કે બોમ્બે સ્ટેટ વીમેન્સ કાંઉન્સીલ, ચાઇલ્ડ વેલફેર કાંઉસીલ, યુનાઇટેડ વીમેન્સ ઓર્ગેનાઇઝેશન વિગેરે સંસ્થાઓ સાથે આ સંસ્થા જોડાયેલી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ રીતે આ શક્તિને ઘણેઅંશે સમાજના સંચાલકોએ વિકસાવી છે.

આ પ્રસંગે સમાજને નમ્ર સૂચન કરૂં છું કે–ધાર્મિક પાઠશાળાના બીજમાંથી મહિલા સમાજનો પ્રાદુર્ભાવ થયો છે–ત્યારે અઠવાડીઆમાં બે દિવસ ધાર્મિક ચિંતન તરીકે ઉચ્ચ કોટિના ગ્રંથનું વાચન રાખવું અને શારીરિક અને માનસિક વિકાસ માટે અઠવાડીઆમાં બે દિવસ આસાનપ્રાણાયામનો વર્ગ ચાલુ કરવો.

શાસનદેવને પ્રાર્થના કરૂં છું કે પ્રસ્તુત સમાજના સંચાલકોમાં ઉત્તરોત્તર બહેનોની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટેનો ઉત્સાહ વૃદ્ધિગત થતો રહે અને વિધવા, ત્યકતા અથવા નિરાશ્રિત બહેનોના નિરાશામય જીવનને સ્વાવલંબિત અને આશાવાદી બનાવવામાં પ્રસ્તુત સમાજના સભ્યોને અદ્રશ્યપણે તેઓ સહાય કરતા રહે.

## અહિંસા પ્રચાર: ભાવનગર નગરપાલિકા

હમણાં હમણાં પ. પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ મુંબઇમાં રહ્યા રહ્યા અહિંસાના પ્રચાર માટે ખૂબ પ્રયત્નો કરી રહ્યા છે. અત્યારે તો એમણે પોતાનો બધો પુરૂષાર્થ આ એક ભવ્ય બાબત ઉપર કેન્દ્રિત કર્યો છે. તેઓશ્રીના શુભ પ્રયાસથી ગયા વર્ષે મુંબઇમાં આઠ દિવસ, ભુજમાં આઠ દિવસ, પાલણપુરમાં ચૌદ દિવસ કતલખાનાંઓ બંધ રાખવામાં આવ્યાં હતાં. આ બાબતમાં ભાવનગરની મ્યુનિસિપાલિટીએ એક ઘણો જ ઉમદા અને પ્રશંસનીય ઠરાવ કરી વર્ષમાં પંદર દિવસ કતલખાનું બંધ રાખવાનો પ્રશસ્ત ઠરાવ કરેલ છે. (૧) ગાંધી નિર્વાણ દિન (૨) મહાશિવરાત્રી (૩) રામનવમી (૪) મહાવીર જયંતિ (૫) બુદ્ધ જયંતિ (૬–૯) શ્રાવણ માસના ચાર સોમવાર (૧૦) જન્માષ્ટમી (૧૧) પર્યુષણનો પહેલો દિવસ (૧૨) ભાદરવી અમાસ (૧૩) જૈન સંવત્સરી (૧૪) ગાંધી જયંતિ (૧૫) ગુરૂ નાનક દિન.

આમ વર્ષના પંદર દિવસો દરમ્યાન કતલખાનાં બંધ રહેશે. એટલું જ નહીં, પણ મટન મારકીટ તથા મચ્છીબજારનો વેચાણ વિભાગ પણ બંધ રાખવો એવો એક વધારાનો ઠરાવ કર્યો છે. આવા સુંદર નિર્ણય માટે શ્રી ભાવનગર નગરપાલિકાના જીવદયા પ્રેમી પ્રમુખ શ્રી વેણીભાઇ પારેખ, તથા શ્રી ગંગાદાસભાઈ શાહ અને અન્ય સર્વે સભ્યોને અમે ખાસ ધન્યવાદ આપીએ છીએ.

---

## સ્વર્ગવાસ નોંધ

–અમદાવાદ નિવાસી શેઠશ્રી જેશીંગભાઈ વરજીનદાસનું સંવત ૨૦૨૨ના ફાગણ સુદી ૧૫ તા. ૭–૩–૬૬ સોમવારના રોજ અવસાન થયેલ છે તે માટે આ સભા શોક પ્રદર્શિત કરે છે શેઠશ્રી જેશીંગભાઈ સ્વભાવે મીલનસાર અને ધર્મપ્રેમી હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. તેમના આત્માને શાશ્વત શાંતિ મળે તેવી પ્રાર્થના.

–મુંબઈ નિવાસી પંડિતશ્રી ધીરજલાલ ટોકરશી શાહની મોટી પુત્રી શ્રી સુલોચના બહેનનો ૩૨ વર્ષની ભર યુવાવસ્થામાં તા. ૧૩–૩–૬૬ રવિવારના મુંબઈ ખાતે પોતાના નિવાસસ્થાને સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો છે.

---

## આ સભાના નવા લાઇફમેમ્બર

**પારેખ ચીમનલાલ ચુનીલાલ**

**શાહ શાંતિલાલ મોહનલાલ**

---

રોજ અને રોજ, દિવસ વીતે છે અને વાયુ બાગમાંથી એક ગુલાબ ખેરવી જાય છે. રોજ અને રોજ બુલબુલનું હૃદય એક નવો શોક અનુભવે છે.

કાળનો નિયમ સહુને માટે સમાન છે. એના ન્યાયને ફરિયાદ વડે નહિ, નમ્રતાથી સ્વીકારવો રહ્યો.

બાજ પક્ષી પંજાવડે જેમ કબૂતરને ઝડપે છે, તેમ મૃત્યુનું પંખી જે કાંઈ, જન્મ પામેલું છે તેને ગ્રસી જાય છે.

દુનિયા તો અનંતતા તરફ લઈ જતો સેતુ છે. ડાહ્યા માણસો સેતુ ઉપર તેમનાં ઘર કદી બાંધતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સંચાલિત

## શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર–પાલીતાણા

પાલીતાણામાં શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર છેલ્લા ચૌદ વર્ષથી મધ્યમ વર્ગની સાધર્મીક જૈન બહેનોને ગૃહ ઉદ્યોગ દ્વારા આર્થિક રાહત અને ઉદ્યોગીક તાલીમ આપી સ્વાશ્રયી બનાવવા કાર્ય કરી રહેલ છે. જેનું સંચાલન શહેરના અગ્રગણ્ય જૈન સદ્‌ગૃહસ્થો સેવાભાવે સુંદર રીતે કામ કરી રહ્યા છે. કેન્દ્રમાં જૈન ધર્મના આચાર અને જયણાનો ઉપયોગ રાખી વસ્તુઓ કાળજીપૂર્વક બનાવવામાં આવે છે. જેના વેચાણ માટે મુખ્ય બજારમાં એક વેચાણકેન્દ્ર ખોલ્યું છે, જ્યાંથી સાદા, ખારા, અને મોગરોળી ખાખરા, મગ, અડદ, ચોખાના, પાપડ, વડી, ખેરો સંભાર, મમરી, સેવ વગેરે વ્યાજબી ભાવે વેચવામાં આવે છે.

જૈન સમાજના દાનવીર તેમજ યાત્રાળુ ભાઈ બહેનોને કેન્દ્રની મુલાકાત લેવા અને વસ્તુઓ ખરીદી સીદાતી સાધર્મીક બહેનોને ઉત્તેજન આપવા વિનંતિ છે.

**ડૉ. ભાઈલાલ એમ. બાવીસી.** M. B B. S.

પ્રમુખ–શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર.

## સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

**(સબસીડીયરી ઓફ ધી સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા)**

**સૌરાષ્ટ્રની જનતાને વધુમાં વધુ સેવા આપવી એ અમારો મુદ્રાલેખ છે.**

- આપની ડીપોઝીટો ઉપર વધુમાં વધુ વ્યાજ
- નાના ઉદ્યોગોને ધીરાણ
- આધુનિક સેઈફ્ડીપોઝીટ વોલ્ટની સગવડ

મેળવવા અમારી શાખાના મેનેજરને મળો.

**એસ. સી. નાગર**

જનરલ મેનેજર




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

100 % Pure Almond Cake and Best Testful Selected dry Fruits & all kinds of Mukhvas Sweets, Toffees Biscuits & Provision. Try Once

Almond and Pista Cakes
J. K. Bhavsar
TRADE MARK
JKB
Khargate
BHAVNAGAR
SUPERIOR QUALITY

Phoue : 3251

J. K. Bhavsar & Sons
Khargate Bhavnagar

## ખાસ વિજ્ઞપ્તિ

આ સભાના જ્ઞાનખાતામાં સારી એવી તૂટ છે. આ માટે દાન આપવા ઉદાર દાતાઓને વિનંતિ કરવામાં આવે છે.

卐

## ભાડે આપવાનું છે

ભાવનગર ખારગેટ–દાઉદજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન આવેલ છે આ મકાનનો ત્રીજો–ચોથો માળ ભાડે આપવાનો છે. ભાડે રાખવા ઈચ્છનાર ભાઈઓએ નીચેના સ્થળે મળવું.

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

## શ્રી જિનદત્તસુરિ બ્રહ્મચર્યાશ્રમ–સંસ્થા અને ધર્મશાળા

[ સ્થાપના સં. ૧૯૮૨ ] પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]

ઉપરોકત સંસ્થા ૩૬ વર્ષથી જૈન સમાજના બાળકોને સંસ્થામાં રહેવા જમવાની સુંદર સગવડ આપી તેમજ બીજી જરૂરિયાતો પુરી પાડી વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણુ દ્વારા કેળવણી આપે છે, અને સુંદર સંસ્કારો રેડી વિદ્યાર્થીઓનું સુદૃઢ ઘડતર કરે છે. વ્યવહારિક અભ્યાસ ઊપરાંત ધાર્મિક શિક્ષણ, ધાર્મિક ક્રિયાઓ, સંગીત, વ્યાયામ, વકતૃત્વ વિગેરે તાલિમ પણુ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં સેંકડો બાળકો આ સંસ્થામાં વ્યવહારિક શિક્ષણુ અને ધાર્મિક સંસ્કાર મેળવી જીવનના જુદા જુદા ક્ષેત્રમાં સફળતાથી જીવન વ્યવહાર ચલાવી રહ્યા છે. આવી સમાજને ઉપયોગી સંસ્થાને શિક્ષણ અને સંસ્કારના એવા કાર્યમાં સમાજના આગેવાનો અને દાનવીરો મદદરૂપ બને એવી નમ્ર વિનંતી છે.

લી. સેવકો,

શેઠ સોમજીભાઈ વીકમશી ( પ્રમુખ–મુંબઈ હેડ ઓફીસ )
ડો. ભાઈલાલ એમ. બાવીશી ( સ્થા. પ્રમુખ–પાલીતાણા )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રેમઘેલા પં. જગજીવનદાસ પોપટલાલનું દુઃખદ અવસાન

પ્રજ્ઞાચક્ષુ પંડિત જગજીવનદાસ પોપટલાલ સંઘવીના ચૈત્ર શુદિ ૭, મંગળવારે રાત્રીના ૧૦-૩૦ વાગે ૭૨ વરસની ઉમરે થયેલા સમાધિમરણની નોંધ લેતા અમો એદની લાગણી વ્યક્ત કરીએ છીએ.

ગંભીરવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાની તેમ જ શ્રી જૈન ધર્મપ્રચારક સભાના સંસ્કૃત વર્ગોની ૪૦ વરસની તેઓશ્રીની ભાવભીની ઉજજવળ કાર્યવાહી હંમેશાં યાદ રહે તેવી હતી.

એક ફકીરની માફક પોતાનું સર્વસ્વ અર્પણ કરીને અનેક વિદ્યાર્થીઓને માત્ર ભાષાનું જ જ્ઞાન ન આપતા તમામના જીવન ઘડતરની જવાબદારી જાણે પોતાની જ ન હોય તેમ, વિદ્યાર્થીઓના ચારિત્ર અને સુંસ્કારના ઘડતરની જવાબદારી પણ તેઓશ્રી રાખતા, અને પોતાની પાઠશાળાને કૌટુમ્બીક ભાવનાથી તેઓ રંગી લેતા

પંડિતજીનો બીજી રીતે પરિચય આપીએ તો તેઓશ્રી "જ્ઞાનગંગા" જ કહેવાતા, શું વિદ્યાર્થી કે શું કોઇ જ્ઞાનપિપાસુ, સૌને માટે પોતાના દ્વાર હંમેશા ખુલ્લા જ હોય, પંડિતજીના જ્ઞાન-દાનનો લાભ હંમેશા મળતો જ રહેતો.

આવી એક વાત્સલ્યઘેલી, જ્ઞાનોપાસક વ્યક્તિના અવસાનથી ભાવનગરને તેના ગૌરવસમી જ્ઞાન પરબની, કદી ન પુરાય તેવી મોટી ખોટ પડી છે.

અમો સદ્ગતના આત્માની ચિરશાન્તિ પ્રાર્થીએ છીએ, અને સદ્ગતના આપ્તજનો પર આવી પડેલ પંડિતજીના વિરહની વેદના બદ્દલ સમવેદના વ્યક્ત કરીએ છીએ.

તેઓશ્રીના માનમાં, કરચલીયા પરામાં, તા. ૩૦-૩-૬૬ બુધવારે રાત્રે નવ કલાકે, અને ભાવનગરની જૈન સંસ્થાઓના આશ્રય નીચે શ્રી આત્માનંદ સભાના હોલમાં તા. ૩૧ મી ગુરૂવારે સાંજના ચાર વાગે જાહેર સભાઓ યોજવામાં આવેલ છે.




અમારે ત્યાંથી સ્પેશલ કાજુની પુરી તથા દરેક કંપનીના સરબત મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. No. G. 49


# ધી માસ્ટર સીલ્ક મિલ્સ

પ્રા. લી૦ ભાવનગર

## સૌરાષ્ટ્રની અગ્રગણ્ય મીલની

卐 સુંદર આકર્ષક અને રંગબેરંગી જાતો 卐

* ટેરીલીન * બ્રોકેડઝ * ગોલ્ડ સિલ્વર જેકોર્ડ * સાટીન
* એસેટેડ સાટીન * પ્યાસ *.. ડોબી પરમેટો * ફ્લાવર

વગેરે

## માસ્ટર ફેબ્રીકસ

વાપરો. તે વાપરવામાં ટકાઉ છે

તાર:-MASTERMILL | : મેનેજીંગ ડીરેકટર : રમણીકલાલ ભોગીલાલ શાહ | ફોન નં. : ૩૨૪૩


પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ-ભાવનગર.

For Private And Personal Use Only